દૈનિક સૌરાષ્ટ્ર આવૃત્તિ

# મુંબઈ સમાચાર

૨૦૪ વર્ષ

R.N.I. No. GUJ GUJ /2013/58486 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 196 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ શ્રાવણ વદ-૧૧ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 19 August 2025, Tuesday ■ REGD.No. MCS/058/2018-20

મંગળવાર, ૧૯ ઓગસ્ટ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | તરોતાજા પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# મેઘરાજાએ મુંબઈ સહિત મહારાષ્ટ્રને ધમરોળી નાખ્યું

## નાંદેડમાં પૂરમાં ૨૦૦ જણ અટવાયા: લશ્કરની મદદ લેવાઈ મુંબઈની ગતિ ધીમી થઈ: ફ્લાઈટ અને લોકલ ટ્રેન પર અસર

મુંબઈ: સોમવારના સતત પડી રહેલા ભારે વરસાદને લીધે નાંદેડ જિલ્લામાં ૨૦૦થી વધારે ગ્રામવાસીઓ રઝળી પડ્યા છે અને આને લીધે સત્તાવાળાઓએ બચાવ અને રાહત કામગીરી માટે લશ્કરી દળોને તૈનાત કર્યા છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે કહ્યું હતું કે મુંબઈથી ૬૦૦ કિલોમીટર દૂર આવેલા નાંદેડ જિલ્લાના મુખેડ તાલુકામાં પાંચ જણ ગુમ છે. તાલુકામાં આવેલા મહારાષ્ટ્ર અને તેલંગણાના આંતર રાજ્ય સિંચાઈ પ્રકલ્પ- લેન્ડી ડેમની જળસપાટીમાં નોંધપાત્ર વધારો નોંધાયો હતો. લાતુર, ઉદગિર અને પડોશના કર્ણાટકમાંથી આ ડેમમાં ઘણું પાણી આવી રહ્યું છે.

સોમવારે મુંબઈગરા જાગ્યા ત્યારે ભારે વરાસદે તેમનું સ્વાગત કર્યું હતું. ભારતીય હવામાન ખાતાએ મુંબઈ માટે રેડ એલર્ટ એટલે કે અતિશય ભારે વરસાદની આગાહી કરી હતી. આને લીધે મુંબઈ મહાનગરપાલિકાએ શાળા અને કૉલેજમાં રજા જાહેર કરી હતી.

અતિવૃષ્ટિની અનેક ઉડ્ડયનો પર માઠી અસર પડી હતી. એક ફ્લાઈટને બીજે વાળવામાં આવી હતી અને થોડી ફ્લાઈટને 'ગો અરાઉન્ડ' એટલે કે ઉતરાણના વધુ પ્રયાસ કરવાનું કહેવામાં આવ્યું હતું. હવાઈમથકના અધિકારીઓએ કહ્યું હતું કે મુશળધાર વરસાદને લીધે દૃષ્ટિગોચરતા ઓછી થઈ ગઈ હતી અને રોડ પર ભારે ભીડ જોવા મળી હતી. આના ફળસ્વરૂપ આગમન કે વિદાય લેનારા પેસેન્જરને ભારે હાડમારી વેઠવી પડી હતી.

મુંબઈ હવાઈમથકના પ્રવકતાએ માહિતી આપી હતી કે નવ ફ્લાઈટે ઉતરાણ કર્યું એ પહેલાં તેમને ' ગો અરાઉન્ડ'નો આદેશ દેવામાં આવ્યો હતો, જ્યારે એક વિમાનને ભારે વરસાદને લીધે બપોરના બાર વાગ્યા સુધી સુરત વાળવામાં આવ્યું હતું.

બૃહનમુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)એ રહેવાસીઓને અપીલ કરી હતી કે જો જરૂરી હોય તો જ ઘરની બહાર નીકળે. હવામાન ખાતાએ માછીમારોને સમુદ્રમાં ન જવાની સૂચના આપી હતી. ફડણવીસે કહ્યું હતું કેમુંબઈમાં છથી આઠ કલાકમાં ૧૭૭ મિલીમિટર વરસાદ પડ્યો છે. દિવસ દરમિયાન વધુ વરસાદ પડે અને ઊંચી ભરતી આવવાની સંભાવના હોવાથી તેમણે લોકોને સાવચેતી રાખવાની વિનંતી કરી હતી. મુંબઈની ઘણી ઑફિસોમાં કર્મચારીને વહેલા જવાની છૂટ આપવામાં આવી હતી.

તેમણે માહિતી આપી હતી કે નાંદેડ, લાતુર અને બિડરના જિલ્લા કલેકટરો બચાવ કામગીરી માટે એકમેક સાથે સંકલન કરી રહ્યા છે. એનડીઆરએફની એક ટીમ, લશ્કરનું એક યુનિટ અને પોલીસની ટીમ બચાવ કામગીરી માટે સંકલન સાથે કામ કરી રહી છે. છત્રપતિ સંભાજીનગરમાંથી પણ એક લશ્કરી યુનિટને નાંદેડ મોકલવામાં આવ્યું છે. સ્થાનિક વહીવટીતંત્રને અસરગ્રસ્ત વિસ્તારોમાં રહીને સંકલન કરવાનું કહેવામાં આવ્યું છે. નાંદેડના કલેકટર રાહુલ કર્ડિલેએ પૂરમાં સપડાયેલા લોકોને બચાવવા લશ્કરના એક યુનિટને બોલાવ્યું હતું. સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સે રવિવારે ભારે વરસાદ વચ્ચે મુખેદ તાલુકાના રાવનગાંવ અને હસનલ ગામમાં પૂરમાં અટવાયેલા ૨૧ જણને બચાવ્યા હતા.

અધિકારીઓના જણાવ્યા અનુસાર મુંબઈની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેન ૧૦ મિનિટ મોડી દોડતી હતી. જોકે કોઈ સેવાને સ્થગિત કરવામાં આવી નથી. હાર્બર લાઈનના નીચાણવાળા વિસ્તારમાં પાટા પર પાણી ભરાતા અને કુર્લા અને ટિળક નગર સ્ટેશન વચ્ચે ટ્રેક ચેન્જિંગ પોઈન્ટ ખરાબ થતાં મધ્ય રેલવેની સેવા પર માઠી અસર પડી હતી. સોમવારે મુશળધાર વરસાદ પડતાં અનેક વિસ્તારોમાં પાણી ભરાયાં હતાં અને આને લીધે ટ્રાફિક ગોકળગાયની ગતિએ ચાલ્યો હતો. અક્સા એર અને ઈન્ડિગોએ પેસન્જર માટે માર્ગદર્શિકા જાહેર કરી હતી. એરલાઈન્સે કહ્યું હતું કે હવાઈમથક તરફ જતા અમુક રૂટમાં ટ્રાફિકજામ હોવાથી પેસન્જર ઘરેથી વહેલા નીકળે.

પાણી ભરાઈ જવાને લીધે અંધેરી સબવેની બન્ને લેન વાહનો માટે બંધ કરવી પડી હતી. મુંબઈ ટ્રાફિક પોલીસે માહિતી આપી હતી કે ટ્રાફિકને ઠાકરે બ્રિજ અને ગોખલે બ્રિજના રૂટ તરફ વાળવામાં આવ્યો હતો. વાકોલા બ્રિજ, હયાત જંકશન તેમ જ ખાર સબવેમાં પાણી ભરાઈ જતા ટ્રાફિકની મુવમેન્ટ ધીમી હતી. સતત મુશળધાર વરસાદ પડવાથી બીએમસીએ શહેરમાં બીજી સિફ્ટની (બપોરના બાર વાગ્યા પછી) શાળાઓ અને કૉલેજોમાં રજા જાહેર કરી હતી. પાલિકાએ પોસ્ટમાં લખ્યું હતુ કે સવારથી સતત પડી રહેલા ભારે વરસાદ અને વિદ્યાર્થીની સલામતીને ધ્યાનમાં રાખીને પાલિકાના કમિશનર અને વહીવટીકર્તા ભૂષણ ગગરાનીએ બીજી શિફ્ટની શાળા અને કૉલેજોમાં રજા જાહેર કરી છે. મુંબઈના પોલીસ કમિશનર દેવેન ભારતીએ નાગરિકોને શહેરમાં અનરાધાર પડી રહેલા વરસાદને લીધે સાવચેતી રાખવાનો અનુરોધ કર્યો હતો. દેવેન ભારતીએ એક્સ પર લખ્યું હતું કે વહાલા મુંબઈકર, ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવી છે અને ભારે વરસાદ પડી રહ્યો છે. અનેક વિસ્તારોમાં આછો પ્રકાશ અને પાણી ભરાઈ જવાના અહેવાલો આવી રહ્યા છે. આથી તમે બિનઆવશ્યક પ્રવાસ ટાળજો અને જરૂરી હોય તો જ ઘરની બહાર પડજો. અક્સા એરે એક્સ પર લખ્યું હતું કે મુંબઈ, બેંગ્લૂરુ, ગોવા અને પુણેમાં ભારે વરસાદ પડ્યો છે અને હવાઈમથકો તરફ જતા રોડમાં ટ્રાફિક મંદ ગતિએ ચાલે છે. આથી પેસેન્જરને ઘરેથી વહેલા હવાઈમથકે નીકળવાની સલાહ આપવામાં આવે છે. ઈન્ડિગોએ કહ્યું હતું કે એરપોર્ટના સ્ટાફને પેસેન્જરને મદદ કરવાની સૂચના આપી છે. ફ્લાઈટ પકડવાની હોય તો અમારી એપ અને વેબસાઈટ જોતા રહેજો. (એજન્સી)

# શેરબજારમાં તેજીનો જોરદાર ઉછાળો

## માર્કેટ કેપમાં ₹ ૬.૧૮ લાખ કરોડનો ઉમેરો: નિફ્ટીની નજર ૨૫,૨૦૦ની સપાટી પર

**નિલેશ વાઘેલા**

મુંબઇ: સપ્તાહના પહેલા દિવસે શેરબજારે ૧૧૭૦ પોઇન્ટ સુધીનો ઉછાળો બતાવીને એકતરફ દેશના રોકાણકારોને રાજીના રેડ કરી દીધાં છે, તો બીજી તરફ ગ્લોબલ ઇન્વેસ્ટર્સને ભારતીય અર્થતંત્રની મજબૂતી અને વિકાસ સંભાવના અંગે સંકેત આપ્યો છે. સોમવારની તેજીમાં શેરધારકોની સંપત્તિમાં રૂ.૬.૧૮ લાખ કરોડનો ઉમેરો થયો છે.

આ તેજી પાછળ એકથી વધુ કારણો છે, જેમાં સૌથી મહત્ત્વનું કારણ જીએસટી છે, તો બીજી તરફ અમેરિકાના પ્રમુખ ટ્રમ્પ અને રશિયાના પ્રમુખ વ્લાદીમીર પુતીનની મુલાકાત મળતાં ક્રૂડ ઓઇલને લગતા સંકેત તેમ જ રેટિંગ એજન્સી એસએન્ડપીની રેટિંગના અપગ્રેડેશનું પણ ખાસ મહત્ત્વ છે.

ટેક્નિકલ એનાલિસ્ટ જણાવે છે કે, શેરબજારના મજબૂત ઉછાળાએ તેજીની આશા તો જન્માવી છે, પરંતુ તેજીના આગળ વધવા માટે નિફ્ટી સોમવારની નીચી સપાટીને જાળવી રાખે એ આવશ્યક છે.

સાપ્તાહિક ઓપ્શન્સ ડેટા સૂચવે છે કે નિફ્ટી બેન્ચમાર્ક ટૂંકા ગાળામાં ૨૫,૦૦૦-૨૫,૨૦૦ પોઇન્ટના ઝોનને ટાર્ગેટ બનાવે તેવી શક્યતા છે, જેમાં ૨૪,૮૦૦ પોઇન્ટની સપાટી સપોર્ટ લેવલ રહેશે અને ત્યારબાદ ૨૪,૫૦૦નું સ્તર સપોર્ટ લેવલ રહેશે.

વડાપ્રધાનની જીએસટી સંદર્ભની પોઝિટિવ જાહેરાત અને એસએન્ડપીના રેટિંગના અપગ્રેડેશન તથા અમેરિકા તરફથી ભારત પરની પેનલ્ટી મુલતવી રાખવામાં આવે એવા સંકેતને કારણે સુધરેલા સેન્ટિમેન્ટ વચ્ચે વધેલી લેવાલીને કારણે સેન્સેક્સમાં ૬૭૬ પોઇન્ટનો અને નિફ્ટીમાં ૨૪૬ પોઇન્ટનો ઉછાળો નોંધાયો હતો.

એ જ સાથે, બીએસઇના માર્કેટ કેપિટલાઈઝેશન રૂ. ૪૪૪.૭૮ લાખ કરોડથી રૂ. ૬.૧૮ લાખ કરોડ વધીને રૂ. ૪૫૧.૦૫ લાખ કરોડ રહ્યું હતું. સેન્સેક્સ એક તબક્કે ૧,૧૬૮.૧૧ પોઈન્ટ અથવા ૧.૪૪ ટકા વધીને ૮૧,૭૬૫.૭૭ પોઇન્ટની ઊંચી સપાટીએ અથડાયો હતો.

સરકાર દ્વારા દિવાળી સુધીમાં જીએસટીમાં સુધારા માટેની યોજનાની જાહેરાત ઉપરાંત એસએન્ડપી ગ્લોબલ રેટિંગ્સે ભારતના સોવરિન ક્રેડિટ રેટિંગને અપગ્રેડ કર્યું હોવાથી પણ સેન્ટિમેન્ટમાં સુધારો આવ્યો હતો.

જીએસટીની નવી દરખાસ્ત મોટાભાગની ચીજવસ્તુઓ અને સેવાઓને પાંચ ટકા અને ૧૮ ટકાના સ્લેબમાં ફેરવી શકે છે, જેનાથી ઓટો, સિમેન્ટ અને વીમા કંપનીઓને ફાયદો થવાની અપેક્ષા છે.

જ્યારે એસએન્ડપી ગ્લોબલ રેટિંગ્સે ૨૦૦૭ પછી પહેલી વાર ભારતના લાંબા ગાળાના સોવરિન ક્રેડિટ રેટિંગને ટ્રીપલ બી માઇનસથી અપગ્રેડ કરીને ટ્રીપલ બી જાહેર કર્યું છે. ભારતીય અર્થતંત્રને આ રિપોર્ટમાં મજબૂત ગણાવાયું છે.

એ જ સાથે, આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રેન્ટ ક્રૂડ ૦.૦૫ ટકા ઘટીને પ્રતિ બેરલ ૬૫.૮૨ ડોલર બોલાયું છે અને વિદેશી હૂંડિયામણ બજારમાં પ્રારંભિક સત્રમાં અમેરિકન યુએસ ડોલર સામે ભારતીય રૂપિયો ૨૦ પૈસા મજબૂત થઈને ૮૭.૩૯ બોલાયો હતો.

આ તરફ અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો કે વોશિંગ્ટન રશિયન ક્રૂડ ખરીદવાનું ચાલુ રાખતા દેશો પર સેકન્ડરી ટેરિફ લાદશે નહીં, જેનાથી ભારતને સંભવિત ફટકો પડવાની ચિંતા ઓછી થઈ હોવાથી પણ સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો.

# યુક્રેનને નાટો સ્ટાઈલની સુરક્ષા ગેરન્ટી અમેરિકા-યુરોપ આપે એ માટે પુતિન સંમત

ન્યૂ યોર્ક: રશિયાના પ્રમુખ વ્લાદિમીર પુતિન અને અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથેના શિખર સંમેલનમાં યુદ્ધનો અંત આવે તો અમેરિકા અને તેના યુરોપના સાથીદારો યુક્રેનને નાટો જેવી સહિયારી સુરક્ષા ગેરન્ટી આપી શકે એ માટે પુતિન સંમત થયા છે. લશ્કરી મથક અલાસ્કામાં મંત્રણામાં ભાગ લેનારા ટ્રમ્પના એલચી સ્ટિવ વિટકોફે કહ્યું હતું કે આ વખતે પ્રથમ વાર અમે સાંભળ્યું છે કે રશિયનો આ પ્રકારની સુરક્ષા ગેરન્ટી માટે તૈયાર થયા છે અને આ આખી રમત બદલાવી નાખે છે.

અમે રશિયા પાસેથી એવી છૂટ મેળવી છે કે અમેરિકા યુક્રેનને પાંચમી કલમ જેવું રક્ષણ આપી શકે. હકીકતમાં યુક્રેન નાટોમાં જોડાવવા આતુર હતું એનું કારણ આવી સુરક્ષા ગેરન્ટી હતી.

આવી સમજૂતી કઈ રીતે કામ કરે એની થોડી વિગતો વિટકોફે આપી હતી. પુતિનની સંમતિ બતાડે છે કે તેમના વલણમાં મોટો ફેરફાર આવ્યો છે. યુક્રેન નાટોનું સભ્યપદ માગતું હતું અને પુતિન લાંબા સમયથી એનો વિરોધ કરતા હતા.

સોમવારે યુક્રેનના પ્રમુખ વોલોદિમીર ઝેલેન્સ્કી અને યુરોપના મોટા નેતાઓ અમેરિકા સાથે વાતચીત કરશે ત્યારે આ ચાવીરૂપ મુદ્દો હશે. રશિયા અને યુક્રેન વચ્ચેનું યુદ્ધ સાડાત્રણ વર્ષથી ચાલે છે . ટ્રમ્પે સોશ્યલ મીડિયામાં લખ્યું હતું કે રશિયાના મુદ્દા અંગે મોટી પ્રગતિ. પ્રસાર માધ્યમો જોતા રહો.

રવિવારે ટ્રમ્પે સંધી થાય એ માટે ઝેલેન્સ્કી પર જવાબદારી નાખી હતી. તેમણે કહ્યું હતું કે રશિયાએ આપેલી છૂટ સ્વીકારવી એનો નિર્ણય ઝેલેન્સ્કીના હાથમાં છે. પ્રમુખ ઝેલેન્સ્કી ધારે તો તત્કાળ યુદ્ધ અટકાવી શકે અથવા તે લડવાનું ચાલુ રાખે. ટ્રમ્પે વધુમાં લખ્યું હતું કે એ યાદ રાખો કે આ યુદ્ધ કેવી રીતે ચાલુ થયું. ઓબામાએ ક્રિમીયા રશિયાને (૧૨ વર્ષ પહેલાં એકેય ગોળી છોડ્યા વિના) આપી દીધું અને યુક્રેનને નાટોનું સભ્ય પણ બનાવ્યું નહોતું. વિદેશપ્રધાન માર્કો રુબિયોએ કહ્યું હતું કે અમારા યુરોપના સાથીદેશોએ એવો આગ્રહ રાખ્યો હતો કે અમેરિકા યુક્રેનને કોઈ પ્રકારની સુરક્ષા ગેરન્ટી અપાવે. અમે આ અંગે અમારા સાથીદારો સાથે વાતચીત કરી રહ્યા છીએ. વિટકોફે વધુમાં કહ્યું હતું કે રશિયા એક એવો કાયદો ઘડવા તૈયાર થયું છે કે તે યુરોપના કોઈ પણ દેશની પાછળ નહીં પડે અને તેમના સાર્વભૌમત્વનો ભંગ નહીં કરે, યુરોપે સુરક્ષા ગેરન્ટી અંગેની અમેરિકાની નિખાલસતાની સરાહના કરી હતી. (એજન્સી)



સૌર ઊર્જા : વારાણસીના બનારસ લોકોમોટિવ વર્ક્સે ભારતની પ્રથમ ૭૦એમ રિમુવેબલ સોલર પેનલ સિસ્ટમ રેલવે પાટા વચ્ચે સોમવારે લગાડી હતી. આમાં ૨૮ પેનલ છે. (પીટીઆઈ)

# ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવારની પસંદગી ભાજપનો માસ્ટર સ્ટ્રોક

## ભાજપ વિપક્ષી છાવણીમાં ઘૂસવાની તૈયારી કરી રહ્યું છે? ઉમેદવારની નિમણૂક પાછળનો હેતુ શું છે? ભાજપે ઉપરાષ્ટ્રપતિપદ માટે સીપી રાધાકૃષ્ણનને ઉમેદવાર બનાવીને એક તીરથી અનેક નિશાન પાડ્યા

**વિપુલ વૈદ્ય**

મુંબઈ:. ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણીની જાહેરાત થઈ ત્યારથી જ એવી અટકળો ચાલી રહી હતી કે ભાજપની આગેવાની હેઠળનું એનડીએ ગઠબંધન બિહારની ચૂંટણીને ધ્યાનમાં રાખીને પોતાનો ઉમેદવાર પસંદ કરી શકે છે. હકીકતમાં, એવું બન્યું નહીં. ભાજપે મહારાષ્ટ્રના રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણનને ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવાર બનાવીને બધાને આશ્ચર્યચકિત કરી દીધા છે.

સીપી રાધાકૃષ્ણન તમિળનાડુના છે. આવી સ્થિતિમાં, ઘણા રાજકીય નિષ્ણાતો ભાજપના આ નિર્ણયને માસ્ટરસ્ટ્રોક ગણાવી રહ્યા છે. ચાલો જાણીએ કે સીપી રાધાકૃષ્ણનને ઉપરાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવવાના સૂચિતાર્થ શું છે? ભાજપનું આ પગલું કેમ માસ્ટર સ્ટ્રોક માનવામાં આવી રહ્યું છે.

### ■ સીપી રાધાકૃષ્ણન કેમ?

સીપી રાધાકૃષ્ણનનું નામ સાંભળ્યા પછી, મોટાભાગના લોકોના મનમાં પ્રશ્ન એ હતો કે ભાજપમાં ઘણા મોટા ચહેરાઓ હોવા છતાં, કેન્દ્રીય નેતૃત્વએ સીપી રાધાકૃષ્ણનને ઉપરાષ્ટ્રપતિપદના ઉમેદવાર તરીકે કેમ પસંદ કર્યા? ખરેખર તેની પાછળ ઘણાં મોટાં કારણો છે. સીપી રાધાકૃષ્ણન તમિળનાડુના છે અને રાજ્યના રાજકારણ પર તેમની મજબૂત પકડ છે. તામિળનાડુમાં આવતા વર્ષે એટલે કે ૨૦૨૬માં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. આ રીતે, ભાજપના આ નિર્ણયથી રાજ્યનું રાજકીય સમીકરણ બદલાઈ શકે છે.

સીપી રાધાકૃષ્ણન ઓબીસી સમુદાયના છે, તેથી ભાજપ પછાત વર્ગમાં પગપેસારો કરી શકે છે.

ઉત્તર ભારતની સરખામણીમાં દક્ષિણ ભારતમાં ભાજપની પકડ નબળી છે. આનાથી દક્ષિણમાં પગપેસારો કરવા બાબત આગામી સમયગાળામાં ભાજપને મદદ મળશે.

સીપી રાધાકૃષ્ણન રાજકીય વર્તુળોમાં એક લોકપ્રિય ચહેરો છે. તમિળનાડુમાં સતત ૨ લોકસભા ચૂંટણી જીત્યા પછી, તેઓ ઝારખંડ, તેલંગણા, પુડુચેરી અને મહારાષ્ટ્રના રાજ્યપાલ રહી ચૂક્યા છે. જો સીપી રાધાકૃષ્ણન દેશના આગામી ઉપરાષ્ટ્રપતિ બને છે, તો ડો. રાધાકૃષ્ણન અને આર. વેંકટરામન પછી આ પદ સંભાળનારા તમિળનાડુના ત્રીજા વ્યક્તિ હશે. આનાથી સંસદમાં દક્ષિણ ભારતની ભાગીદારી પણ વધશે.

### ■ શું 'ઈન્ડી' ગઠબંધનમાં પડશે દરાર?

તમિળનાડુનો શાસક પક્ષ ડીએમકે સહિત અનેક સમર્થિત પક્ષો કૉંગ્રેસના નેતૃત્વ હેઠળની 'ઈન્ડી' ગઠબંધનનો ભાગ છે. આ કિસ્સામાં, પ્રશ્ન એ છે કે શું ભાજપના આ નિર્ણયથી વિપક્ષમાં તિરાડ પડી શકે છે. ડીએમકેના પ્રવક્તા ટીકેએસ એલાંગોવને ભાજપના આ નિર્ણયનું સ્વાગત કર્યું છે. તેમનું કહેવું છે કે આ એક સ્વાગતપાત્ર પગલું છે. સીપી રાધાકૃષ્ણન તમિળ છે. ઘણા સમય પછી કોઈ તમિળ ભારતના ઉપરાષ્ટ્રપતિ બની શકે છે. જોકે, જ્યારે એલાંગોવનને પૂછવામાં આવ્યું કે શું ડીએમકે આ નિર્ણયમાં સરકારને ટેકો આપશે? તેમણે તેનો સ્પષ્ટ ઇનકાર કર્યો.ડીએમકેના પ્રવક્તાના મતે, સીપી રાધાકૃષ્ણન ભાજપના પક્ષમાં છે, પરંતુ અમારા પક્ષના જોડાણ (ઈન્ડી) ના નિર્ણય મુજબ કામ કરશે.

### ■ શું સમીકરણ છે?

ચૂંટણી પંચે જાહેરાત કરી છે કે ઉપરાષ્ટ્રપતિ પદ માટે મતદાન ૯ સપ્ટેમ્બરે થશે. લોકસભા અને રાજ્યસભાના તમામ સાંસદો આ ચૂંટણીમાં મતદાન કરશે. હાલમાં ગઉઅ પાસે ૪૨૨ સાંસદો છે.

### ■ પહેલાં ક્યારે મળ્યું સરકારને વિપક્ષનું સમર્થન?

તમને જાણીને આશ્ચર્ય થશે કે ઉપરાષ્ટ્રપતિપદ માટેની ચૂંટણી માટે આ પહેલા પણ વિપક્ષી છાવણીના ઘણા પક્ષોએ શાસક પક્ષને ટેકો આપ્યો હતો. ૨૦૦૭ - તત્કાલીન કોંગ્રેસની આગેવાની હેઠળની યુપીએ સરકારે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ પ્રતિભા પાટિલને પોતાના ઉમેદવાર તરીકે નામાંકિત કર્યા, શિવસેના, જે એનડીએનો ભાગ હતી, તેણે સરકારની તરફેણમાં મતદાન કર્યું. ૨૦૧૨ - યુપીએ સરકારે પ્રણવ મુખર્જીને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે નામાંકિત કર્યા, જેને શિવસેના અને એનડીએમાં જેડીયુ દ્વારા સમર્થન આપવામાં આવ્યું. ૨૦૧૭ - ભાજપના નેતૃત્વ હેઠળની એનડીએ સરકારે બિહારના તત્કાલીન રાજ્યપાલ રામનાથ કોવિંદને તેમના રાષ્ટ્રપતિપદના ઉમેદવાર તરીકે નામાંકિત કર્યા, જોકે જેડીયુએ વિપક્ષમાં હોવા છતાં સરકારને ટેકો આપ્યો હતો.

### ■ DMK માટે ધર્મ સંકટ

અલબત્ત, DMK એ કહ્યું છે કે ઇન્ડી ગઠબંધન તેને ટેકો આપશે. જોકે, સીપી રાધાકૃષ્ણનને મેદાનમાં ઉતારીને, ભાજપે DMK ને મુશ્કેલીમાં મૂકી દીધું છે. DMK માટે આ નિર્ણય લેવો ખૂબ મુશ્કેલ હશે, જે હંમેશા તમિળ રાજકારણને પોતાનો એજન્ડા બનાવીને આગળ વધી છે.

# વિપક્ષના હોબાળા વચ્ચે રાજ્યસભા બપોરે બે વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી

નવી દિલ્હી: વિવિધ મુદ્દાઓ પર તેમની ૧૯ નોટિસ નકારવા પર વિપક્ષના સભ્યો દ્વારા વિરોધને પગલે રાજ્યસભાની કાર્યવાહી સોમવારે બપોરે બે વાગ્યા સુધી મુલતવી રાખવામાં આવી હતી.

સવારે ૧૧ વાગ્યે ગૃહની બેઠક મળ્યા પછી તરત જ, ઉપાધ્યક્ષ હરિવંશે મણિપુરના ભૂતપૂર્વ રાજ્યપાલ લા ગણેશનનો ઉલ્લેખ કર્યો હતો, ત્યારબાદ સૂચિબદ્ધ કાગળો અને અહેવાલો ગૃહના ટેબલ પર મૂકવામાં આવ્યા હતા. ઉપાધ્યક્ષે કહ્યું કે નિયમ ૨૬૭ હેઠળ ચાર વિષય પર ૧૯ નોટિસ પ્રાપ્ત થઈ છે.

તેમણે કહ્યું કે ૧૧ નોટિસમાં ''યોગ્ય શબ્દોમાં દોરવામાં આવેલી દરખાસ્ત'' શામેલ નથી, ૧૦ નોટિસમાં તારીખનો ઉલ્લેખ નથી, ૧૧ નોટિસમાં નિયમો નથી જે સભ્યો સ્થગિત કરવા માંગે છે, અને ૧૩ ''જે બાબત ન્યાયાધીન છે'' પર ચર્ચાની માંગ કરે છે.

''આજે મળેલી આ નોટિસોમાંથી કોઈ પણ નિયમોની આવશ્યકતાઓનું પાલન કરતી ન હોવાથી, હું કોઈપણ નોટિસ સ્વીકારતો નથી,'' એમ ઉપાધ્યક્ષે કહ્યું હતું.

ત્યારબાદ હરિવંશે શૂન્યકાળ શરૂ કરવાનો પ્રયાસ કર્યો હતો.

બિહારમાં મતદાર યાદીઓના ખાસ સઘન સુધારાના મુદ્દા પર ચર્ચાની માગ કરી રહેલા વિપક્ષી સાંસદો, વિવિધ મુદ્દાઓ પર તેમની ૧૯ મુલતવી નોટિસોને અધ્યક્ષ દ્વારા નકારી કાઢવાના વિરોધમાં ઊભા થયા હતા. ઉપાધ્યક્ષે વિરોધ કરી રહેલા સભ્યોને ગૃહને કાર્યરત રહેવા દેવા વિનંતી કરી હતી. પણ, વિપક્ષ માન્યા નહીં, જેના કારણે કાર્યવાહી બપોરે બે વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી.

એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાધાકૃષ્ણનને ટેકો આપશો તો કૉંગ્રેસ ઉજળી લાગશે

**જગદીપ** ધનખડે ખાલી કરેલા ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણી માટે ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએએ અંતે પોતાના ઉમેદવાર નક્કી કરી દીધા અને બીજાં બધાં નામ કોરાણે મૂકીને મહારાષ્ટ્રના રાજ્યપાલ સીપી રાધાકૃષ્ણન પર કળશ ઢોળી દીધો. રવિવારે મળેલી ભાજપ સંસદીય બોર્ડની બેઠકમાં રાધાકૃષ્ણનના નામની પસંદગી કરીને નરેન્દ્ર મોદીએ લોકોને આશ્ચર્યમાં મૂકવાની પરંપરા જાળવી કેમ કે રાધાકૃષ્ણનના નામની ચર્ચા ક્યાંય હતી જ નહીં. ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત અને આરિફ મોહમ્મદ ખાન સહિતનાં નામો ચર્ચાતાં હતાં પણ રાધાકૃષ્ણન પિક્ચરમાં જ નહોતા તેથી રવિવારે સાંજે રાધાકૃષ્ણનના નામની જાહેરાત થઈ પછી મીડિયાએ પણ તેમના બાયો-ડેટા તાત્કાલલિક શોધવો પડે એવી સ્થિતિ પેદા થઈ ગઈ હતી.

દેશના બીજા નંબરનો સર્વોચ્ચ બંધારણીય હોદ્દા એવા ઉપરાષ્ટ્રપતિ પદ માટે રાધાકૃષ્ણન યોગ્ય પસંદગી છે તેમાં બેમત નથી. ભાજપે વચ્ચેના સમયગાળામાં સત્યપાલ મલિક અને જગદીપ ધનખડ જેવા તકસાધુઓને પસંદ કરીને ભાજપના પાયાના પથ્થરોની અવગણના કરવા માંડી હતી. તેના કારણે ભાજપની વિચારધારાના ચુસ્ત સમર્થકોમાં પણ નારાજગી હતી. રાધાકૃષ્ણનની પસંદગીથી એ નારાજગી દૂર થશે કેમ કે રાધાકૃષ્ણન ભાજપના પાયાના પથ્થરોમાંથી જ એક નથી પણ ભાજપની વિચારધારાને ચુસ્ત રીતે વળગી રહેલા ને સત્તાને બદલે સિદ્ધાંતોને મહત્ત્વ આપનારા નેતા છે.

રાધાકૃષ્ણન ભાજપના જ્યાં ચણા પણ નથી આવતા એવા તામિલનાડુમાંથી આવે છે. રાધાકૃષ્ણને ધાર્યું હોત તો દ્રવિડીયન વિચારધારા ધરાવતા કોઈ પણ પક્ષમાં જોડાઈને સત્તા ભોગવી શક્યા હોત પણ તેના બદલે એ આજીવન ભાજપ સાથે રહ્યા છે. રાધાકૃષ્ણન ૧૯૯૮ અને ૧૯૯૯માં કોઈમ્બતુર બેઠક પરથી લોકસભામાં ચૂંટાઈને પોતે જનસમર્થન ધરાવતા નેતા છે એ સાબિત કરી ચૂક્યા છે. આ સંજોગોમાં તામિલનાડુની બે મુખ્ય પાર્ટીઓ ડીએમકે અને એઆઈડીએમકેમાંથી કોઈનો પણ હાથ પકડીને પ્રધાનપદ મેળવવું તેમના માટે સરળ હતું પણ રાધાકૃષ્ણને એ રસ્તો કદી પસંદ ના કર્યો.

રાધાકૃષ્ણન આખી જિંદગી તમિલનાડુ જેવા હળાહળ હિંદી વિરોધી માનસિકતા ધરાવતા રાજ્યમાં હિંદીના તરફદાર ભાજપનો પ્રસાર કરવા મથતા રહ્યા. ચંદ્રપુરમ પોનુસ્વામી રાધાકૃષ્ણન ઉર્ફે સી.પી. રાધાકૃષ્ણન ૧૬ વર્ષની ઉંમરે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (આરએસએસ) સાથે જોડાયા પછી સંઘની રાજકીય પાંખ જનસંઘમાં જોડાયા હતા. રાધાકૃષ્ણન ૧૯૭૪માં ભારતીય જન સંઘની તામિલનાડુ રાજ્ય કાર્યકારી સમિતિના સભ્ય બન્યા પછી આજીવન ભાજપ સાથે જ જોડાયેલા રહ્યા છે.

રાધાકૃષ્ણન તામિલનાડુમાં ભાજપના પ્રમુખ પણ બન્યા છે. તામિલનાડુ ભાજપ પ્રમુખ તરીકે તેમણે ૧૯ હજાર કિમી લાંબી રથયાત્રા કાઢી હતી. રાધાકૃષ્ણ સંસદીય પરંપરાના જાણકાર છે અને બીબીએની ડિગ્રી ધરાવે છે તેથી સુશિક્ષિત પણ છે.

કૉંગ્રેસ સહિતના વિપક્ષો કોને ઉમેદવાર બનાવે છે એ ખબર નથી પણ ખરેખર વિપક્ષોએ ઉમેદવાર ના ઊભો રાખવો જોઈએ. લોકશાહીમાં સ્પર્ધા જરૂરી છે પણ કેટલાક હોદ્દા માટે સ્પર્ધા નિવારીને ખેલદિલી ચોક્કસ બતાવી શકાય. ઉપરાષ્ટ્રપતિપદ એવો જ હોદ્દો છે કેમ કે ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણીમાં જીતનારા દેશના ઉપરાષ્ટ્રપતિ ઉપરાંત રાજ્યસભાના ચેરપર્સન તરીકેની જવાબદારી પણ નિભાવે છે.

સંસદનું ઉપલું ગૃહ મનાતા રાજ્યસભાના ચેરપર્સન તરીકે ઉપરાષ્ટ્રપતિ પક્ષાપક્ષીથી પર રહીને વર્તે એવી અપેક્ષા રખાય છે ત્યારે તેમની પસંદગી પણ પક્ષાપક્ષીથી પર રહીને બિનહરીફ થાય તો સારું લાગે. ઉપરાષ્ટ્રપતિપદે બેસનારી વ્યક્તિ રાજકીય હોય છે તેથી પોતાના પક્ષનું થોડું ઘણું તો ખેંચે જ પણ એકદમ પક્ષપાત ના કરે એ માટેનો માહોલ બનાવવા બધા પક્ષો તેમને ટેકો આપે તો એક સ્વસ્થ પરંપરા પડે.

કૉંગ્રેસ સહિતના વિપક્ષો ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં ઉમેદવાર ઊભો રાખીને કોઈ કાંદા નથી કાઢવાના એ જોતાં પણ ચૂંટણીના બદલે સર્વસંમતિથી ઉપરાષ્ટ્રપતિ નક્કી થાય તો વિપક્ષોની પણ બાંધી મુઠ્ઠી રહી જાય. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી માટેની ઇલેક્ટોરલ કોલેજમાં લોકસભા અને રાજ્યસભાના તમામ ચૂંટાયેલા અને નોમિનેટેડ સભ્યો (સાંસદો) હોય છે. રાજ્યસભામાં ૨૩૩ ચૂંટાયેલા સાંસદ અને ૧૨ નોમિનેટેડ સાંસદ હોય છે જ્યારે લોકસભામાં ૫૪૩ સાંસદો હોય છે. આમ કુલ ૭૮૮ મતદાન કરી શકે છે. અત્યારે રાજ્યસભામાં પાંચ બેઠકો અને લોકસભામાં એક બેઠક ખાલી છે તેથી ઇલેક્ટોરલ કોલેજના સભ્યોની સંખ્યા ૭૮૨ છે. ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી જીતવા માટે સાદી બહુમતી જોઈતી હોય છે તેથ રાધાકૃષ્ણનને જીતવા માટે ૩૯૧ સાંસદના મતની જરૂર પડે.

અત્યારે લોકસભામાં કુલ સાંસદો ૫૪૨ છે અને તેમાંથી ૨૯૩ સાંસદો એનડીએના છે. રાજ્યસભામાં ૨૪૫ સાંસદો છે. તેમાંથી એનડીએ પાસે ૧૨૯ સાંસદો છે. આમ એનડીએ પાસે ૪૨૨ સભ્ય મત છે. બહુમતી માટે જરૂરી ૩૯૧ સાંસદ કરતાં એનડીએ પાસે ૩૧ મત વધારે હોવાથી રાધાકૃષ્ણન સરળતાથી જીતી જશે તેથી કૉંગ્રેસ સહિતના વિપક્ષો ઉમેદવાર ઊભો રાખે તો પણ ચૂંટણી લડ્યા એટલો સંતોષ મેળવવાથી વધારે કંઈ મળવાનું નથી. આ સંતોષ મેળવવાના બદલે વિપક્ષો રાધાકૃષ્ણન સામે ઉમેદવાર નહીં ઊભો રાખવાની ખેલદિલી બતાવશે તો તેમનું પણ ગૌરવ જળવાશે.

છેલ્લે ઓગસ્ટ ૨૦૨૨માં ઉપરાષ્ટ્રપતિપદની ચૂંટણી થઈ ત્યારે એનડીએના ઉમેદવાર જગદીપ ધનખડ સામે કૉંગ્રેસ સહિતના વિપક્ષોએ માર્ગરેટ આલ્વાને ઉભાં રાખ્યાં હતાં. ધનખડ પશ્ચિમ બંગાળના રાજ્યપાલ તરીકે બહુ વગોવાયેલા ને બંધારણની ઐસીતૈસી કરીને વર્તેલા તેથી તેમની સામે સૈદ્ધાંતિક વિરોધ તરીકે પણ ઉમેદવાર ઊભો રાખવામાં કશું ખોટું નહોતું. સી.પી. રાધાકૃષ્ણનનો રેકોર્ડ સ્વચ્છ છે અને ધનખડની જેમ ચાપલૂસી કરીને આગળ આવ્યા નથી પણ જનતામાંથી આગળ આવેલા ઉમેદવાર છે. વધારે મહત્ત્વની વાત એ છે કે, રાધાકૃષ્ણન વાજપેયી સ્કૂલના વિદ્યાર્થી છે તેથી સત્તાને સર્વોપરી માનવાની માનસિકતા નથી. વાજપેયી વિરોધીઓને પણ માન આપવામાં માનતા ને સૌજન્યપૂર્ણ રીતે વર્તતા. વાજપેયીના પ્રભાવ હેઠળ તૈયાર થયેલી ભાજપની એ પેઢીમાં પણ એ સૌજન્યશીલતા હતી તેથી રાધાકૃષ્ણનને વિપક્ષોએ ટેકો આપવો જોઈએ. કૉંગ્રેસે રાધાકૃષ્ણ પર વધુ એક સંઘીનું લેબલ લગાવી દીધું છે પણ સંઘી સંઘીમાં ફરક હોય છે. સંઘી તો વાજપેયી પણ હતા ને કૉંગ્રેસ પોતે તેમનાં ઓવારણાં લેતાં થાકતી નથી ત્યારે રાધાકૃષ્ણનને પણ કૉંગ્રેસે સ્વીકારવા જોઈએ.

વાજપેયી સ્કૂના વેંકૈયાહા નાયડુ તટસ્થ ઉપરાષ્ટ્રપતિ સાબિત થયા હતા અને પોતાના હોદ્દાનું ગૌરવ જાળવીને વિદાય થયા હતા એ જોતાં કૉંગ્રેસે વાજપેયી સ્કૂલના વધુ એક વિદ્યાર્થીને ટેકો આપવો જોઈએ. કૉંગ્રેસ ટેકો નહીં આપે તો પણ રાધાકૃષ્ણન ઉપરાષ્ટ્રપતિ તો બનવાના જ છે પણ ટેકો આપીને કૉંગ્રેસ પોતે પણ ઉજળી દેખાશે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન – સૌર વર્ષાઋતુ, મંગળવાર, તા. ૧૯-૮-૨૦૨૫, મંગલાગૌરી પૂજન, અજા એકાદશી

- ભારતીય દિનાંક ૨૮, માહે શ્રાવણ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૭, શ્રાવણ વદ-૧૧
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે શ્રાવણ, તિથિ વદ-૧૧
- પારસી શહેનશાહી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૧લો ફરવરદીન, સને ૧૩૯૫
- પારસી કદમી રોજ ૫મો સ્પેન્દાર્મદ, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૨જો બેહમન, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૨૫મો, માહે ૨જો સફર, સને ૧૪૪૭
- નક્ષત્ર આર્દ્રા મધ્યરાત્રિ પછી ક. ૨૫-૦૭ સુધી (તા. ૨૦મી) પછી પુનર્વસુ
- ચંદ્ર મિથુનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ મિથુન (ક, છ, ઘ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૨૨, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૯, સ્ટા. ટા.
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૯ મિ. ૦૨, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૮, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતીઃ સવારે ક. ૦૯-૧૭, રાત્રે ક. ૨૦-૩૬
- ઓટઃ બપોરે ક. ૧૫-૨૯, મધ્ય રાત્રિ પછી ક. ૦૩-૧૫ (તા. ૨૦)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, શ્રાવણ કૃષ્ણ – એકાદશી. મંગલાગૌરી પૂજન, અજા એકાદશી (ખારેક), સૂર્ય મહાનક્ષત્ર મઘા, વાહન દેડકો.
- શુભાશુભ દિનશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ એકાદશી વ્રત ઉપવાસ, શિવ-પાર્વતી પૂજા, મંગળ-રાહુ ગ્રહદેવતાનું પૂજન, અગરના ઔષધીય પ્રયોગો, બગીચો બનાવવો, ધજા-પતાકા ચઢાવવી, પ્રાણી પાળવા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, શ્રી સુક્ત, પુરુષસુક્ત, શ્રી ગણેશ અથર્વશીર્ષમ અભિષેક.
- આચમનઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ અવિચારી, ચંદ્ર-ગુરુ યુતિ સહાનુભૂતિવાળા
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-ગુરુ યુતિ (તા. ૨૦), ચંદ્ર વિષુવવૃત્તની ઉત્તરે ૨૮ અંશ ૨૯ કળાના અંતરે રહે છે., બુધ પશ્ચિમમાં ખૂબ ઊંચે ૨૮ અંશ ૬ કળાના અંતરે રહે છે.
- ગ્રહગોચરઃ સૂર્ય સિંહ, મંગળ-કન્યા, માર્ગી બુધ-કર્ક, ગુરુ-મિથુન, શુક્ર-મિથુન, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, માર્ગી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર.

# ઉત્તરાખંડમાં લઘુમતી શિક્ષણ બિલને કેબિનેટની મંજૂરીઃ મદરેસા એક્ટ રદ કરાશે

દેહરાદૂન : ઉત્તરાખંડની કેબિનેટે લઘુમતી શિક્ષણ બિલ-૨૦૨૫ને મંજૂરી આપી છે, જે રાજ્યમાં શીખ, જૈન, બૌદ્ધ, ખ્રિસ્તી અને પારસી સમુદાયો દ્વારા સંચાલિત સંસ્થાઓને લઘુમતી દરજ્જાના લાભો આપશે.

હાલમાં, લઘુમતી શૈક્ષણિક સંસ્થાનો દરજ્જો ફક્ત મુસ્લિમ સમુદાયને જ આપવામાં આવે છે.

આ બિલ ૧૯ ઓગસ્ટથી શરૂ થતા વિધાનસભાના ચોમાસા સત્રમાં રજૂ કરવામાં આવશે. એકવાર અમલમાં આવ્યા પછી, ઉત્તરાખંડ મદરેસા શિક્ષણ બોર્ડ અધિનિયમ, ૨૦૧૬, અને ઉત્તરાખંડ બિન-સરકારી અરબી અને ફારસી મદરેસા માન્યતા નિયમો, ૨૦૧૯ને, ૧ જુલાઈ, ૨૦૨૬થી રદ કરવામાં આવશે.

સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે મુખ્ય પ્રધાન પુષ્કર સિંહ ધામીની અધ્યક્ષતામાં અહીં યોજાયેલી કેબિનેટની બેઠક દરમિયાન આ બિલને મંજૂરી આપવામાં આવી હતી. તે લાગુ થયા પછી, માન્યતા પ્રાપ્ત લઘુમતી શૈક્ષણિક સંસ્થાઓમાં ગુરુમુખી અને પાલી ભાષાઓનો અભ્યાસ પણ શક્ય બનશે.

આ બિલમાં એક ઓથોરિટીની રચના કરવાની જોગવાઈ છે, જે તમામ લઘુમતી સમુદાયો દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થાઓ માટે તેની પાસેથી માન્યતા મેળવવાનું ફરજિયાત બનાવે છે, એમ તેમણે જણાવ્યું હતું.

આ ઓથોરિટી આ સંસ્થાઓમાં શૈક્ષણિક શ્રેષ્ઠતાને સરળ બનાવવા અને પ્રોત્સાહન આપવા માટે કામ કરશે જેથી લઘુમતી સમુદાયનાં બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળે અને તેમનો શૈક્ષણિક વિકાસ થઈ શકે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

ઓથોરિટી અરજદાર દ્વારા ચોક્કસ શરતો પૂર્ણ કરવામાં આવે ત્યારે જ લઘુમતી શૈક્ષણિક સંસ્થાને માન્યતા આપશે. જો કોઈ શરતનું ઉલ્લંઘન થાય છે અથવા ફી, દાન, અનુદાન અથવા અન્ય કોઈપણ ભંડોળ સ્રોતમાંથી પ્રાપ્ત ભંડોળનો દુરુપયોગ થતો જોવા મળે છે, તો તે સંસ્થાની માન્યતા પણ સમાપ્ત કરી શકાય છે, એમ તેમણે જણાવ્યું હતું.

ઓથોરિટી ખાતરી કરશે કે આ સંસ્થાઓમાં ઉત્તરાખંડ બોર્ડ ઓફ સ્કૂલ એજ્યુકેશન દ્વારા નિર્ધારિત ધોરણો અનુસાર શિક્ષણ આપવામાં આવે અને વિદ્યાર્થીઓનું મૂલ્યાંકન ન્યાયી અને પારદર્શક હોય.

એકવાર અમલમાં આવ્યા પછી, તે દેશમાં આ પ્રકારનો પહેલો કાયદો હશે જેનો હેતુ રાજ્યમાં લઘુમતી સમુદાયો દ્વારા સ્થાપિત શૈક્ષણિક સંસ્થાઓને માન્યતા આપવા માટે પારદર્શક પ્રક્રિયા સ્થાપિત કરવાનો તેમજ શિક્ષણમાં ગુણવત્તા અને શ્રેષ્ઠતા સુનિશ્ચિત કરવાનો છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું.

મંત્રીમંડળના આ નિર્ણય પર પ્રતિક્રિયા આપતા, કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન હરીશ રાવતે ભાજપને સંકુચિત માનસિકતાવાળા ગણાવ્યા અને પૂછ્યું કે તે 'મદરેસા' જેવા ઉર્દૂ શબ્દોથી કેમ નફરત કરે છે.

બીજી તરફ, ઉત્તરાખંડ મદરેસા બોર્ડના પ્રમુખ મુફ્તી શમૂન કાઝમીએ આ નિર્ણયનું સ્વાગત કર્યું હતું અને કહ્યું કે, ''આનાથી આવનારા સમયમાં તમામ સમુદાયો, ખાસ કરીને મુસ્લિમોને ઘણો ફાયદો થશે. તેમને ગુણવત્તાયુક્ત શિક્ષણ મળશે.'' તેમણે ભારપૂર્વક જણાવ્યું કે આ પગલાથી ધાર્મિક શિક્ષણ પર કોઈ અસર થશે નહીં, અને તે પહેલાની જેમ ચાલુ રહેશે.

# દિલ્હીમાં યમુનાના પાણીનું સ્તર સતત ભયજનક સ્તરથી ઉપર

નવી દિલ્હીઃ દિલ્હીમાં યમુના નદી સોમવારે બીજા દિવસે પણ ચેતવણી સ્તરથી ઉપર વહી રહી હતી, અધિકારીઓએ જણાવ્યું હતું કે દિલ્હીમાં યમુના સોમવારે સવારે સાત વાગ્યે ઓલ્ડ રેલવે બ્રિજ પર ૨૦૪.૮૦ મીટરના સ્તર પર પહોંચી ગઈ હતી. રવિવારે સાંજે, પાણીનું સ્તર લગભગ ૨૦૪.૬૦ મીટર હતું.

શહેર માટે ચેતવણી ચિહ્ન ૨૦૪.૫૦ મીટર છે, જ્યારે ભયનું ચિહ્ન ૨૦૪.૩૩ મીટર છે, અને ૨૦૬ મીટરથી લોકોને સ્થળાંતર કરવાનું શરૂ થાય છે.

નદીના પ્રવાહ અને સંભવિત પૂરના જોખમોને ટ્રેક કરવા માટે ઓલ્ડ રેલવે બ્રિજ એક મુખ્ય નિરીક્ષણ બિંદુ તરીકે કામ કરે છે. અધિકારીઓએ જણાવ્યું હતું કે પરિસ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને આગાહી મુજબ સ્તર વધવાની સંભાવના હોવાથી તમામ એજન્સીઓને સાવચેતીનાં પગલાં લેવા કહેવામાં આવ્યું છે.

''સપાટીમાં વધારો થવાનું કારણ મુખ્યત્વે વઝીરાબાદ અને હાથણીકુંડ બેરેજમાંથી દર કલાકે છોડવામાં આવતા પાણીના જથ્થાનું પ્રમાણ વધારે છે,'' એમ સેન્ટ્રલ ફ્લડ રૂમના એક અધિકારીએ જણાવ્યું હતું.

પૂર નિયંત્રણ વિભાગના જણાવ્યા અનુસાર, હાથણીકુંડ બેરેજમાંથી લગભગ ૫૮,૨૮૨ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે, જે આ સિઝનમાં સૌથી વધુ છે, જ્યારે વઝીરાબાદમાંથી દર કલાકે ૩૬,૧૭૦ ક્યૂસેક પાણી છોડવામાં આવી રહ્યું છે.

બેરેજમાંથી છોડવામાં આવતા પાણીને દિલ્હી પહોંચવામાં સામાન્ય રીતે ૪૮ થી ૫૦ કલાક લાગે છે. ઉપરવાસમાંથી ઓછું પાણી છોડાય તો પણ પાણીનું સ્તર વધી રહ્યું છે.

# યુએનના વડાએ ભારત-પાકમાં પૂરથી જાનહાનિ અંગે શોક વ્યક્ત કર્યો

સંયુક્ત રાષ્ટ્રઃ સંયુક્ત રાષ્ટ્ર(યુએન)ના સેક્રેટરી-જનરલ એન્ટોનિયો ગુટેરેસે ભારત અને પાકિસ્તાનમાં તાજેતરના પૂરને કારણે થયેલી જાનહાનિ અંગે ઊંડો શોક વ્યક્ત કર્યો છે.

યુએન મહાસચિવે પીડિતોના પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરી હતી. તેમજ આપદાથી પ્રભાવિત તમામ લોકો પ્રત્યે સહાનુભૂતિ પણ વ્યક્ત કરી હતી. સેક્રેટરી-જનરલના પ્રવક્તા સ્ટીફન ડુજારિક દ્વારા રવિવારે જારી કરવામાં આવેલા એક નિવેદનમાં જણાવ્યા અનુસાર સંયુક્ત રાષ્ટ્રની ટીમો જરૂરી સહાય પૂરી પાડવા માટે સરકારો સાથે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે આ આપત્તિમાં સેંકડો લોક મૃત્યુ પામ્યાં છે. જ્યારે હજુ પણ ઘણા લોકો ગુમ હોવાનું જણાવાઇ રહ્યું છે.

# ચૂંટણી પંચ 'નિષ્પક્ષ' રીતે કામ કરે છેઃ ભૂતપૂર્વ ચૂંટણી વડા રાવત

ઇન્દોરઃ ભૂતપૂર્વ મુખ્ય ચૂંટણી કમિશ્નર(સીઇસી) ઓ. પી. રાવતે ચૂંટણી પંચને નિષ્પક્ષ ગણાવ્યું છે. તેમજ બિહારમાં મતદાર યાદીના સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન(એસઆઇઆર) અંગે મૂંઝવણ દૂર કરવા માટે ચૂંટણી પંચની પ્રેસ કોન્ફરન્સનું સ્વાગત કર્યું છે.

લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી દ્વારા મત ચોરીના આરોપો પર વકરેલા વિવાદ અંગે ટિપ્પણી કરવાનો ઇનકાર કરતાં રાવતે જણાવ્યું કે રવિવારે પ્રેસ કોન્ફરન્સ દરમિયાન તેમણે કમિશનનો જવાબ સાંભળ્યો ન હતો. ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ગાંધીએ મત ચોરીના આરોપો લગાવ્યા પછી અને ઘણા વિપક્ષી નેતાઓ દ્વારા બિહારમાં એસઆઇઆર અંગે મુદ્દાઓ ઉઠાવ્યા પછી સીઇસી જ્ઞાનેશ કુમારે તેમની પહેલી પ્રેસ કોન્ફરન્સમાં રવિવારે કોંગ્રેસ સાંસદને કહ્યું કે કાં તો તે માફી માગે અથવા ચૂંટણી નિયમો હેઠળ જરૂરી સહી કરેલા સોગંદનામા સાથે તેમના દાવાઓને સમર્થન આપે.

રાવતે ભારપૂર્વક જણાવ્યું કે ચૂંટણી પંચ 'નિષ્પક્ષ' રીતે કામ કરે છે. તેમણે કહ્યું કે ચૂંટણી પંચની પ્રેસ કોન્ફરન્સનું સ્વાગત થવું જોઇએ કારણ કે તે એસઆઇઆર પ્રક્રિયા(બિહારમાં) અને અન્ય મુદ્દાઓ પર જનતાની શંકાઓને દૂર કરવાની દિશામાં એક યોગ્ય પગલું છે.

# દક્ષિણ કોરિયા અને અમેરિકાની સેનાઓની વાર્ષિક ઉનાળાની કવાયત શરૂ

સિઓલ : દક્ષિણ કોરિયા અને અમેરિકાએ સોમવારે પરમાણુ સશસ્ત્ર ઉત્તર કોરિયાના ખતરાનો વધુ સારી રીતે સામનો કરવા માટે તેમની વાર્ષિક સંયુક્ત લશ્કરી કવાયત મોટા પાયે શરૂ કરી હતી.

ઉત્તર કોરિયાએ ચેતવણી આપી છે કે આ કવાયતો પ્રાદેશિક તણાવને વધુ તીવ્ર બનાવશે અને તેના પ્રદેશ સામે ''કોઈપણ ઉશ્કેરણી'' નો જવાબ આપવામાં આવશે. ૧૧ દિવસીય ઉલ્ચી ફ્રીડમ શીલ્ડ, દક્ષિણ કોરિયામાં વાર્ષિક ધોરણે યોજાતો બે મુખ્ય કવાયતોમાંથી બીજી, માર્ચમાં બીજી વખત યોજાનારી બીજી કવાયતમાં ૧૮,૦૦૦ દક્ષિણ કોરિયનો સહિત ૨૧,૦૦૦ સૈનિક કોમ્પ્યુટર-સિમ્યુલેટેડ કમાન્ડ પોસ્ટ ઓપરેશન્સ અને ફિલ્ડ તાલીમમાં ભાગ લેશે.

આ કવાયતો, જેને સાથી દેશો રક્ષણાત્મક તરીકે વર્ણવે છે, તે ઉત્તર કોરિયા તરફથી પ્રતિભાવ ઉશ્કેરી શકે છે, જેણે લાંબા સમયથી સાથી દેશોની કવાયતોને આક્રમણ રિહર્સલ તરીકે દર્શાવી છે અને ઘણીવાર તેનો ઉપયોગ તેના પરમાણુ કાર્યક્રમને આગળ વધારવાના હેતુથી લશ્કરી પ્રદર્શનો અને શસ્ત્રોનાં પરીક્ષણોના બહાના તરીકે કર્યો છે.

ગયા અઠવાડિયે એક નિવેદનમાં, ઉત્તર કોરિયાના સંરક્ષણ પ્રધાન નો ક્વાંગ ચોલે જણાવ્યું હતું કે આ કવાયત ઉત્તર કોરિયા સાથે ''લશ્કરી મુકાબલા'' ના સાથી દેશોના વલણને દર્શાવે છે અને જાહેર કર્યું છે કે તેના દળો ''સીમા રેખાની બહાર જઈને થતી કોઈપણ ઉશ્કેરણી'' નો સામનો કરવા માટે તૈયાર રહેશે.

ઉલ્ચી ફ્રીડમ શીલ્ડ દક્ષિણ કોરિયાના નવા ઉદારવાદી રાષ્ટ્રપતિ લી જે મ્યુંગ માટે એક મહત્ત્વપૂર્ણ ક્ષણે આવે છે, જેઓ ૨૫ ઓગસ્ટે વોશિંગ્ટનમાં યુએસ પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પ સાથે શિખર સંમેલનની તૈયારી કરી રહ્યા છે.

ટ્રમ્પે સિઓલમાં ચિંતા વ્યક્ત કરી છે કે તેઓ દક્ષિણ કોરિયામાં અમેરિકન સૈનિકોની હાજરી માટે વધુ ચુકવણીની માગણી કરીને અને વોશિંગ્ટન ચીન તરફ વધુ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું હોવાથી તેને ઘટાડીને દાયકાઓ જૂના જોડાણને તોડી શકે છે.

કોરિયન દ્વીપકલ્પ પર તણાવ ઊંચો રહે છે કારણ કે ઉત્તર કોરિયાએ તેના યુદ્ધ-વિભાજિત હરીફ સાથે રાજદ્વારી ફરી શરૂ કરવાના લીના કોલને બાજુ પર રાખ્યા છે, તાજેતરનાં વર્ષોમાં ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉને તેમના શસ્ત્ર કાર્યક્રમને વેગ આપ્યો છે અને રશિયાના યુક્રેન પર આક્રમણ બાદ મોસ્કો સાથે જોડાણ ગાઢ બનાવ્યું છે, જેના કારણે સંબંધોમાં તિરાડ પડી છે. (એજન્સી)



**પદયાત્રાઃ** લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને બિહાર વિધાનસભાના વિરોધ પક્ષના નેતા તેજસ્વી યાદવે બિહારમાં 'વોટર અધિકાર યાત્રા' દરમિયાન પગપાળા પ્રવાસ કર્યો હતો. (પીટીઆઈ)

# એસઆઈઆર 'મત ચોરી'નું 'નવું શસ્ત્ર' છે, 'એક વ્યક્તિ, એક મત'નું રક્ષણ કરીશુંઃ રાહુલ

ઔરંગાબાદ (બિહાર): કૉંગ્રેસના નેતા રાહુલ ગાંધીએ સોમવારે કહ્યું કે મતદાર યાદીઓનું ખાસ સઘન સંશોધન 'મત ચોરી'નું 'નવું શસ્ત્ર' છે અને'એક વ્યક્તિ, એક મત' સિદ્ધાંતનું રક્ષણ કરવાની પ્રતિજ્ઞા લીધી હતી.

તેમણે આ ટિપ્પણી તેમની વોટ્સએપ ચેનલ પર એક પોસ્ટમાં એવા લોકોના જૂથ સાથેની તેમની મુલાકાત વિશે વાત કરતી વખતે કરી હતી જેમણે પાછલી લોકસભા ચૂંટણીમાં મતદાન કર્યું હતું પરંતુ બિહારમાં એસઆઈઆર કવાયતમાં તેમનું નામ કાઢી નાખવામાં આવ્યું હતું.

ગાંધી રવિવારે સાસારામમાં તેમની મત અધિકાર યાત્રાના પ્રારંભ સમયે જૂથને મળ્યા હતા.

લોકસભામાં વિપક્ષના નેતાએ હિન્દીમાં મીટિંગની તસવીર સાથેની પોસ્ટમાં કહ્યું હતું કે, ''એસઆઈઆર મત ચોરીનું એક નવું શસ્ત્ર છે. યોગાનુયોગ, આ તસવીરમાં મારી સાથે ઊભેલા આ લોકો આ ચોરીનો 'જીવંત' પુરાવો છે.''

''તે બધાએ ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં મતદાન કર્યું હતું - પરંતુ બિહાર વિધાનસભાની ચૂંટણીઓ આવી ત્યાં સુધીમાં, તેમની ઓળખ, તેમનું અસ્તિત્વ ભારતની લોકશાહીમાંથી ભૂંસી નાખવામાં આવ્યું હતું,'' એમ તેણે કહ્યું.

''શું તમે જાણો છો કે તેઓ કોણ છે? રાજ મોહન સિંહ (૭૦): ખેડૂત અને નિવૃત્ત સૈનિક; ઉમરાવતી દેવી (૩૫): દલિત અને મજૂર; ધનંજય કુમાર બિંદ (૩૦): પછાત વર્ગ અને મજૂર; સીતા દેવી (૪૫): મહિલા અને ભૂતપૂર્વ મનરેગા મજૂર; રાજુ દેવી (૫૫): પછાત વર્ગ અને મજૂર; મોહમ્મુદ્દીન અંસારી (૫૨): લઘુમતી અને મજૂર,'' એમ તેણે કહ્યું.

ભાજપ અને ચૂંટણી પંચની ''મિલીભગત'' તેમને 'બહુજન' અને ગરીબ હોવા બદલ સજા આપી રહી છે - આપણા સૈનિકોને પણ બક્ષવામાં આવ્યા નથી, એવો દાવો રાહુલે કર્યો હતો.

તેણે ઉમેર્યું હતું કે, તેમની પાસે ન તો મત હશે, ન તો ઓળખ કે અધિકારો,

સામાજિક ભેદભાવ અને આર્થિક પરિસ્થિતિઓને કારણે, તેઓ સિસ્ટમના કાવતરા સામે લડવામાં અસમર્થ છે. 'એક વ્યક્તિ, એક મત' ના સૌથી મૂળભૂત અધિકારનું રક્ષણ કરવા માટે અમે તેમની સાથે ઊભા છીએ.

આ લોકશાહીમાં દરેકના અધિકારો અને ભાગીદારીનો પ્રશ્ન છે, એમ તેણે કહ્યું અને ઉમેર્યું કે ''અમે તેને કોઈપણ સંજોગોમાં સમાપ્ત થવા દઈશું નહીં.

આ દરમિયાન, રાહુલ ગાંધી, આરજેડીના તેજસ્વી યાદવ અને વિકાસશીલ ઇન્સાન પાર્ટીના મુકેશ સહાનીએ તેમની મતદાર અધિકાર યાત્રા બીજા દિવસે પ્રવેશ કરતી વખતે દેવકુંડ સૂર્ય મંદિરમાં પ્રાર્થના કરી હતી.

સાસારામથી ૧૩૦૦ કિલોમીટરની 'મતદાર અધિકાર યાત્રા' ૧૬ દિવસ બાદ ૧ સપ્ટેમ્બરે પટનામાં રેલી સાથે સમાપ્ત થશે.

# શ્રાવણના અંતિમ સોમવારે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે સોમનાથ દાદાના દર્શન કર્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે ભક્તિ, ભવ્યતા અને દિવ્યતાના પ્રતીક એવા ભગવાન સોમનાથ મહાદેવના ભાવપૂર્વક દર્શન-અર્ચન અને જલાભિષેક પવિત્ર શ્રાવણ માસના અંતિમ સોમવારે કર્યા હતા.

શ્રાવણ માસના છેલ્લા સોમવારે મુખ્ય પ્રધાને દ્વાદશ જ્યોતિર્લિંગના પ્રથમ જ્યોતિર્લિંગ અને સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ સોમનાથ મહાદેવના દર્શન પૂજન માટે પહોંચ્યા હતા અને ભોળાનાથના ચરણોમાં શિશ ઝુકાવીને શ્રદ્ધાપૂર્વક દર્શન કરીને સૌના મંગલની તથા રાજ્ય-રાષ્ટ્રની પ્રગતિ અને સુખાકારીની પ્રાર્થના કરી હતી. ભૂપેન્દ્ર પટેલે આ અવસરે સોમનાથ ટ્રસ્ટ દ્વારા ગીર સોમનાથ જિલ્લાના આંગણવાડીના નાના ભૂલકાઓ માટેના લાડુપોષણ પ્રસાદ વિતરણનો શુભારંભ પણ કરાવ્યો હતો.

વડા પ્રધાન અને સોમનાથ ટ્રસ્ટના અધ્યક્ષ નરેન્દ્ર મોદીએ પોષણ ભી પઢાઈ ભીનો મંત્ર આપીને ભૂલકાઓના અભ્યાસ સાથે પોષણની પણ ચિંતા કરી છે.

સોમનાથ ટ્રસ્ટ દ્વારા વડા પ્રધાનની પ્રેરણા અને માર્ગદર્શનમાં આ અભિગમને આગળ ધપાવતા આગામી એક વર્ષ માટે ગીર સોમનાથ જિલ્લામાં ૭ લાખ લાડુ પ્રસાદ વિતરણનો સેવાયજ્ઞ શરૂ કરવામાં આવ્યો છે. અંદાજે ૧ કરોડ રૂપિયાના ખર્ચે સોમનાથ મહાદેવ ટ્રસ્ટ ૨૮ ટન લાડુનો પોષણક્ષમ આહાર આંગણવાડીના બાળકો સુધી પહોંચાડશે. ભૂપેન્દ્ર પટેલે આરંભ કરાવેલા આ દૈનિક પોષણ પ્રસાદ વિતરણમાં આપવામાં આવનારા લાડુના પેકિંગ માટે સોમનાથ ટ્રસ્ટે માનવ હસ્તક્ષેપ વિનાનું ઓટોમેટ્રિક પેકેજિંગ મશીન વિકસાવ્યું છે. એટલું જ નહીં, પર્યાવરણ જાળવણીના વડા પ્રધાનના સંકલ્પને અનુરૂપ આ લાડુના પેકિંગમાં બાયોડીગ્રેડેબલ મટિરિયલનો ઉપયોગ કરવામાં આવેલો છે.

# ગુજરાતમાં સરેરાશ ૬૮.૯૧ ટકાથી વધુ વરસાદ નોંધાયોઃ સરદાર સરોવર ડેમમાં ૭૬.૫૭ ટકાથી વધુ જળસંગ્રહ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ચાલુ ચોમાસું સીઝનમાં સાર્વત્રિક વરસાદના પરિણામે તા. ૧૮ ઓગસ્ટ ૨૦૨૫ની સ્થિતિએ રાજ્યના ૩૩ ડેમ સો ટકા ભરાયા છે. સરદાર સરોવર સહિત રાજ્યના કુલ ૨૦૬ ડેમમાં કુલ સંગ્રહ ક્ષમતાનો ૭૩.૧૮ જળસંગ્રહ થયો છે. જેમાથી ૫૯ ડેમ હાઈએલર્ટ, ૨૮ ડેમ એલર્ટ પર અને ૨૧ ડેમ વોર્નિંગ પર મૂકવામાં આવ્યા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર ડેમમાં હાલમાં તેની કુલ ક્ષમતાના ૭૬.૫૭ ટકા જળસંગ્રહ ઉપલબ્ધ છે.

સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટર-(એસઈઓસી), ગાંધીનગરની દ્વારા આપવામાં આવેલી વિગતો મુજબ ગુજરાતમાં અત્યારસુધીમાં સરેરાશ ૬૮.૯૧ ટકા વરસાદ નોંધાયો છે. જેમાં સૌથી વધુ ૭૨ ટકા વરસાદ દક્ષિણ ગુજરાતમાં જ્યારે ઉત્તર ગુજરાતમાં ૭૧ ટકા, કચ્છમાં ૭૦ ટકા, પૂર્વ મધ્યમાં ૬૯ ટકા જ્યારે સૌરાષ્ટ્રમાં ૬૩ ટકાથી વધુ સરેરાશ વરસાદ નોંધાયો છે. છેલ્લા ૨૪ કલાકમાં રાજકોટના ધોરાજીમાં ત્રણ ઇંચથી વધુ, માળિયાહાટીમાં બે ઇંચથી વધુ જ્યારે ડાંગ આહવા, અબડાસા, કામરેજ અને સુબીર તાલુકામાં બે ઇંચથી વધુ આ ઉપરાંત ૨૪ તાલુકાઓમાં એક ઇંચથી વધુ વરસાદ નોંધાયો છે. આ દરમિયાન સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર - ગાંધીનગર દ્વારા જાહેર કરવામાં આવેલા વરસાદના આંકડા મુજબ, ગુજરાતમાં સાંજે ૬ વાગ્યા સુધીમાં ૩૭ તાલુકામાં વરસાદ પડયો હતો. ઉમરગાંવમાં સૌથી વધુ ૩.૫૮ ઇંચ વરસાદ નોંધાયો હતો. સુત્રાપાડામાં ૨.૦૫ ઇંચ, નવસારીમાં ૧.૯૭ ઇંચ, સાવરકુંડલામાં ૧.૫૭ ઇંચ, વાપીમાં ૧.૫ ઇંચ, જલાલપોરમાં ૧.૩૪ ઇંચ વરસાદ પડ્યો હતો. ૩૧ તાલુકામાં એક ઇંચથી ઓછો વરસાદ નોંધાયો હતો. ભારે વરસાદની આગાહીના પગલે માછીમારોને ૨૧ ઓગસ્ટ સુધી દરિયો નહીં ખેડવા આઈએમડી દ્વારા સૂચના આપવામાં આવી હતી. રાજ્ય કૃષિ વિભાગે આપેલી માહિતી પ્રમાણે ગુજરાતમાં નોંધપાત્ર વરસાદના પરિણામે જગતના તાત એવા ખેડૂતો દ્વારા અત્યાર સુધીમાં સરેરાશ કુલ ૮૭ ટકાથી વધુ વિસ્તારમાં ખરીફ ચોમાસું વાવેતર કરવામાં આવ્યું છે. જેમાં સૌથી વધુ ૨૦ લાખ હેક્ટરમાં મગફળીનું વાવેતર જ્યારે બીજા ક્રમમાં ૨.૭૩ લાખ હેક્ટરમાં સોયાબીન જ્યારે ત્રીજા ક્રમમાં ૮.૪૩ લાખ હેક્ટર વિસ્તારમાં ડાંગરનું વાવેતર કરવામાં આવ્યું છે.

# વડોદરામાં જીએસએફસી કંપનીના કામદારોએ પગાર મુદ્દે હોબાળો કર્યો

અમદાવાદઃ વડોદરા નજીક આવેલી ગુજરાત સ્ટેટ ફર્ટિલાઇઝર્સ એન્ડ કેમિકલ્સ લિમિટેડ કંપનીમાં કામ કરતા કોન્ટ્રાક્ટ કામદારોને નોકરી પરથી છૂટા કરી દેવાતાં ભારે વિરોધ પ્રદર્શન કર્યું હતું. લગભગ ૧૦૦થી વધુ કામદારોને છૂટા કરવામાં આવતાં તેમણે કંપનીના મુખ્ય ગેટ સામે પોસ્ટરો અને બેનરો સાથે વિરોધ નોંધાવ્યો હતો.

આ કામદારો અને તેમની સાથે જોડાયેલા દશરથ ગામના લોકોએ સૂત્રોચ્ચાર કર્યા હતા. ''ન્યાય આપો'' અને ''મજદૂર એકતા જિંદાબાદ'' જેવા નારા લગાવ્યા હતા. કામદારોનું કહેવું છે કે તેઓ છેલ્લા ૧૨ વર્ષથી કંપનીમાં કામ કરી રહ્યા છે, તેમ છતાં તેમની સાથે અન્યાય થઈ રહ્યો છે. આ મામલો કોર્ટમાં પણ ગયો હતો.

વર્ષ ૨૦૧૭માં કોર્ટે એવો આદેશ આપ્યો હતો કે જ્યાં સુધી કોઈ નવો નિર્ણય ન આવે ત્યાં સુધી આ કામદારોનો પગાર ચાલુ રાખવો.પરંતુ કંપનીએ કોર્ટના આદેશનું પાલન ન કર્યું અને ફેબ્રુઆરી ૨૦૨૫થી તેમનો પગાર બંધ કરી દીધો હતો.

કામદારોએ જણાવ્યું કે છેલ્લા આઠ મહિનાથી તેમને પગાર મળ્યો નથી, જેના કારણે તેમની આર્થિક સ્થિતિ અત્યંત ખરાબ થઈ ગઈ છે. કામદારોના કહેવા મુજબ, અમે ગાંધી ચિંધ્યા માર્ગે ન્યાય માટે અહીં આવ્યા છીએ. જો અમારી માગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો અમારો વિરોધ વધુ ઉગ્ર બનશે.આ વિરોધમાં દશરથ ગામના લોકો પણ જોડાયા હતા અને તેમણે સ્થાનિક લોકોને નોકરી ન મળવા અંગે રોષ વ્યક્ત કર્યો હતો. આ મુદ્દે કંપની તરફથી હજુ સુધી કોઈ સત્તાવાર નિવેદન આવ્યું નથી. આ ઘટનાએ ફરી એકવાર કામદારોના અધિકારો અને કંપનીની જવાબદારીઓ પર સવાલો ઊભા કર્યા હતા.

# સુરતમાં ૧૫૫૦ કરોડના સાયબર ફ્રોડ કેસમાં ૧.૫૦ લાખ પાનાની ચાર્જશીટ દાખલઃ ૨૦૦ સાક્ષીઓના નિવેદન લેવાયાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં રૂ.૧૫૫૦ કરોડના સાયબર ફ્રોડ કેસમાં ૮૮ દિવસની તપાસ બાદ ૧.૫૦ લાખ પાનાની ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ૨૨ મે,૨૦૨૫ના રોજ ઉધના પોલીસ દ્વારા હાથ ધરવામાં આવેલા એક સામાન્ય વાહન ચેકિંગથી થઈ હતી. પોલીસે ચેકિંગ દરમિયાન એક વાહનચાલક પર શંકા જતા તેની અટકાયત કરીને પૂછપરછ હાથ ધરી હતી. જોકે, આ તપાસ દરમિયાન વાહનચાલક પાસેથી અમુક બેંક એકાઉન્ટ સંબંધિત ડોક્યુમેન્ટ્સ મળી આવ્યા હતા, જેના કારણે પોલીસની શંકા વાહનચાલક પર વધી. જ્યારે આ ડોક્યુમેન્ટ્સ અને વાહનચાલકની પોલીસે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરી તો પોલીસને કરોડોનો સાયબર ફ્રોડ ચાલી રહ્યો હોવાની કડી મળી, જે જાણીને પોલીસ પણ થોડીવાર માટે ચોંકી ગઈ હતી. આ તપાસને ઉધના પોલીસે જેમ-જેમ આગળ વધારી તેમ મુખ્ય કડી સાથે અન્ય કડીઓ પણ જોડાતી ગઈ અને પોલીસે સાયબર ફ્રોડના માસ્ટરમાઈન્ડ કિરાત જાધવાની સહિત ૪ મુખ્ય આરોપીઓની ધરપકડ કરી હતી. આ આરોપીઓની તપાસ હાથ ધરતા પોલીસને તેમની પાસેથી ૧૬૫ જેટલા શંકાસ્પદ બેંક એકાઉન્ટ મળી આવ્યા હતા, જેના ટ્રાન્ઝેક્શન્સ જોઈને પોલીસ પણ ચકરાવે ચડી ગઈ હતી. આ રેકેટના તાર સમગ્ર દેશમાં ફેલાયેલા હતા. પોલીસની તપાસમાં જાણવા મળ્યું હતું કે, ૧૬૫ બેંક એકાઉન્ટ વિરુદ્ધ દેશભરમાંથી ૨૫૦૦થી વધુ ઓનલાઈન સાયબર ફ્રોડની ફરિયાદો નોંધાઈ હતી. આમાંથી ગુજરાતમાંથી ૨૬૫ અને સુરત શહેરના ૩૭ કેસનો સમાવેશ થાય છે.આ ૧૬૫ એકાઉન્ટ્સમાં કુલ રૂ. ૧૫૫૦ કરોડના શંકાસ્પદ ટ્રાન્ઝેક્શન્સ થયા હોવાનું બહાર આવ્યું હતું. જોકે, આ રેકેટ ફક્ત આ સાયબર ગુનેગારો પૂરતુ જ સીમિત નહોતું તેમાં આરબીએલ બેંકના આઠ કર્મચારીઓ પણ સંડોવાયેલા હતા, જેમણે આરોપીઓને નકલી દસ્તાવેજોના આધારે બેંક એકાઉન્ટ ખોલવામાં મદદ કરી હતી. આ બેંક કર્મચારીઓની પણ તાત્કાલિક ધરપકડ કરવામાં આવી હતી. ઉધના પોલીસે ૮૮ દિવસ સુધી રાત-દિવસ મહેનત કરી અત્યાર સુધીમાં સાયબર ફ્રોડના ભોગ બનેલા લોકો, બેંક કર્મચારીઓ અને અન્ય સંબંધિત વ્યક્તિઓ સહિત ૨૦૦ જેટલા લોકોની પૂછપરછ કરી નિવેદનો નોંધાયા હતા. પોલીસે આ તપાસ દરમિયાન એકત્રિત કરેલા પુરાવાઓ, ટેક્નિકલ વિશ્લેષણ અને નિવેદનોના આધારે ૧.૫૦ લાખ પાનાની ચાર્જશીટ તૈયાર કરાઈ હતી.

# ગુજરાતમાં સબસિડીવાળા ખાતરના વેચાણમાં મોટા પાયે ગેરરીતિનો પર્દાફાશ

અમદાવાદઃ ગુજરાતમાં ખેડૂતો ખાતરની અછતનો સામનો કરી રહ્યાં છે. ચોમાસાની સીઝનમાં ખાતર લેવા માટે ખેડૂતો લાઈનમાં ઉભા હોય તેવા દૃશ્યો અનેક જગ્યાએ ગુજરાતમાં જોવા મળી રહ્યા છે. જો કે બીજી તરફ સબસિડીવાળા ખાતરમાં ચાલતી ગેરરીતિનો પર્દાફાશ થયો છે. તપાસમાં સબસિડીવાળા ખાતરની બોરીઓ બારોબાર વેચી મારવાની ગેરરીતિ બહાર આવી છે.

સાબરકાંઠા જિલ્લાના વડાલીમાં મહેસા મોટર્સ નામની એજન્સી સામે પોલીસ ફરિયાદ નોંધવામાં આવી હતી. આ એજન્સી દ્વારા ૪૦૦ બોરી ખાતર બારોબાર વેચી મારવામાં આવ્યું હતું. સબસિડીવાળું ખાતર ખેડૂતોને આપવાની જગ્યાએ આ એજન્સી બારોબાર વેચી નાખતી હતી. તપાસ બાદ એજન્સીનું કૌભાંડ બહાર આવ્યું હતું. રાજ્ય સરકાર દ્વારા ખાતરમાં ચાલતી ગેરરીતિ રોકવા માટે તપાસ કરવામાં આવી છે. જેમાં ૨૧૪ કેન્દ્રના સંચાલકોને શો-કોઝ નોટિસ ફટકારવામાં આવી હતી. આ સિવાય ૫૪ કેન્દ્રો પર ખાતરના વેચાણના બિલ જ ન બન્યા કે ખોટા બિલ બન્યા હોવાનું પણ તપાસમાં સામે આવ્યું છે. ૧૩૮ કેન્દ્રો પર ખાતરના સ્ટોકમાં ઘાલમેલ કરાયાનું પ્રકાશમાં આવ્યું હતું. આ ઉપરાંત ૧૧૭ કેન્દ્રો પર સ્ટોક પત્રક અને પીઓએસ મશીનનો સ્ટોક મેચ ન થવાનું જ્યારે ૧૧૯ કેન્દ્રો પર રજીસ્ટરમાં દર્શાવેલી ખાતરની બોરીઓ ગાયબ હોવાનું બહાર આવ્યું છે. ગુજરાતમાં ૨૧૪ ખાતર કેન્દ્રોમાં ૫૨૯ ગેરરીતિ બહાર આવી છે. તંત્ર દ્વારા ૧૮ જિલ્લાના કુલ ૯૦૪ કેન્દ્રોની તપાસ પૂર્ણ કરવામાં આવી છે. આ કાર્યવાહી દરમિયાન ૬ વિક્રેતાઓના લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે જ્યારે બે વિક્રેતાઓના લાયસન્સ રદ કરવામાં આવ્યા છે.

# આસારામને મેડિકલ ચેકઅપ માટે અમદાવાદ સિવિલ હૉસ્પિટલ લવાયા, અનુયાયીઓએ મીડિયાકર્મીઓ સાથે મારામારી કરી

અમદાવાદઃ દુષ્કર્મ કેસના દોષિત અને આજીવન કેદની સજા ભોગવી રહેલા ૮૬ વર્ષીય આસારામ હાલ ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. આસારામની તબિયત ગંભીર થતાં તેમને મેડિકલ ચેકઅપ માટે અમદાવાદની અસારવા સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યા હતા. હોસ્પિટલમાં તેમનું મેડિકલ એક્ઝામિનેશન કરવામાં આવ્યું હતું. આસારામની સુરક્ષાને ધ્યાનમાં રાખીને ઓપીડીમાં લોકોનો પ્રવેશ બંધ કરી દેવામાં આવ્યો હતો. અગાઉ તેઓ ઈન્દોરની જ્યુપિટર હોસ્પિટલના આઈ અસારવા સિવિલમાં આસારામનું ૪ કલાક સુધી હેલ્થ ચેકઅપ થયું હતું. આ દરમિયાન ઓપીડીમાં મેડિકલ પરીક્ષણ કરવામાં આવ્યું હતું. જ્યાં ઈસીજી અને ઈકો કરવામાં આવ્યા હતા. ઓપીડીમાંથી આસારામને ટ્રોમા સેન્ટરમાં લઈ જવામાં આવ્યા હતા. આસારામ આવતાં સમગ્ર શહેરમાંથી જ્યાં ઇમર્જન્સીમાં દર્દીઓ આવે એ ટ્રોમા સેન્ટરનો ગેટ બંધ કર્યો હતો. આ દરમિયાન આસારામના સમર્થકોએ મીડિયા સાથે મારામારી કરી હતી. ટ્રોમા સેન્ટરમાં હેલ્થ ચેકઅપ કર્યા બાદ આસારામને સિવિલના અન્ય ગેટથી બહાર લઈ જવામાં આવ્યા હતા. ત્યાર બાદ આસારામ રાજસ્થાન જવા રવાના થયા હતા. રાજસ્થાન હાઇ કોર્ટે અમદાવાદની સરકારી હોસ્પિટલમાં ડોક્ટરોની એક પેનલ બનાવી તેમના સ્વાસ્થ્યની સંપૂર્ણ તપાસ કરવા સૂચના આપી હતી. આસારામના સ્વાસ્થ્યની તપાસ અંગે સિવિલ સુપ્રિન્ટેન્ડન્ટ ડૉ.રાકેશ જોષીએ જણાવ્યું હતું કે, ૧૦.૪૫ વાગ્યે અહીં લાવવામાં આવ્યા હતા. જોધપુર કોર્ટે આરોગ્યની તપાસ કરવી તેવો સિવિલ હૉસ્પિટલને લેટર લખ્યો હતો. જે માટે ૨ કાર્ડિયો, ૧ ન્યૂરોલોજિસ્ટ, ૧ મેડિસિન, ગેસ્ટ્રોલોજિસ્ટ અને નેફ્રોલોજિસ્ટ સાથે મેડિકલ બોર્ડની રચના કરી હતી. જનરલ સર્જન સહિત આ બધાએ તેની આરોગ્ય તપાસ્યું હતું. તેમજ ટેસ્ટ માટે બ્લડ સેમ્પલ લીધા અને ઈકો કરવામાં આવ્યા હતા. ટેસ્ટનો રિપોર્ટ આવ્યા બાદ તેના પર મેડિકલ બોર્ડ નિર્ણય લેશે. તેમજ આ રિપોર્ટ હાઇ કોર્ટમાં સબમિટ કરવામાં આવશે. આ તપાસ ૪ કલાક સુધી ચાલી હતી.આસારામની ગંભીર તબિયતને ધ્યાનમાં રાખીને ગુજરાત અને રાજસ્થાન હાઈ કોર્ટ દ્વારા તેમના વચગાળાના જામીન લંબાવવામાં આવ્યા છે.

# સુરતમાં રોગચાળો વકર્યો, કમળાના પાંચ, ટાઇફોઇડના ત્રણ સહિત વિવિધ રોગોના ૧,૩૬૭ કેસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત શહેરમાં રોગચાળાએ માથું ઊંચક્યું છે. શહેરમાં મચ્છરજન્ય અને પાણી જન્ય રોગોમાં વધારો થયો છે. ખાસ કરીને વધુ બાળકો રોગચાળાની ચપેટમાં આવી રહ્યા છે. સુરતની સિવિલ હોસ્પિટલનો વોર્ડ બાળકોથી ઉભરાઈ રહ્યો છે. ચોમાસામાં રોગચાળો વધતા આરોગ્ય તંત્ર દોડતું થયું છે.

સુરતમાં ચાલુ સપ્તાહે કમળાનાં વધુ ૫ અને ટાઇફોઇડના પણ વધુ ૩ કેસ નોંધાયા છે. સાપ્તાહિક આંકડાઓ અનુસાર શહેરમાં શરદી-ઉધરસ, તાવ તેમજ ઝાડા-ઊલટી સહિત વિવિધ રોગના ૧,૩૬૭ દર્દી નોંધાયા છે, જેને લઈને આરોગ્ય વિભાગ વધુ સતર્ક બન્યું છે. પાણીજન્ય રોગચાળો અટકાવવા ઠેર-ઠેર ક્લોરીન ટેસ્ટ શરૂ કરવામાં આવ્યા છે. છેલ્લા સપ્તાહમાં સુરત મનપા સંચાલિત આરોગ્ય કેન્દ્રોમાં મોટી સંખ્યામાં દર્દીઓ ઊમટી પડતા લાંબી કતારો જોવા મળી હતી. મનપાનાં ચોપડે વિવિધ રોગોનાં ૧,૩૬૭ કેસ નોંધાયા હતા. જેમાં શરદી- ઉધરસનાં ૫૯૮ કેસ, ઝાડા-ઊલટીનાં ૧૧૯ કેસ, સામાન્ય તાવનાં ૬૩૯ કેસ નોંધાયા છે. સતત ૨૬માં સપ્તાહે પણ જોખમી એવા ટાઇફોઇડ તાવના ત્રણ અને કમળાનાં પણ વધુ પાંચ કેસ નોંધાયા હતા. મચ્છરજન્ય રોગચાળામાં ડેન્ગ્યૂ અને મેલેરિયા અને ચિકનગુનિયાનાં માત્ર ૧-૧ કેસ નોંધાયા હતા. જોકે આંકડાઓ માત્ર સરકારી આરોગ્ય કેન્દ્રોનાં છે. ત્યારે નાના-મોટા ખાનગી ક્લિનિકો ધ્યાનમાં લઈએ તો દર્દીનો કુલ આંકડો ૬,૫૦૦ કરતા પણ વધુ હોવાની શક્યતા છે.

# રાજ્યમાં ૨૩૩ કિ.મી લંબાઇના ૯૧ માર્ગોને અદ્યતન બનાવવા ₹ ૮૨૨ કરોડ મંજૂર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારે રાજ્યનાં વિવિધ શહેરોને જોડતા, શહેરોમાંથી પસાર થતાં રસ્તાઓને વિકાસ પથ અન્વયે અદ્યતન સુવિધાયુક્ત બનાવવા માટે ૮૨૨ કરોડ રૂપિયા ફાળવવાનો નિર્ણય કર્યો હતો. રાજ્ય સરકાર દ્વારા ઉજવાઈ રહેલા શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ અંતર્ગત વિકાસ પથ યોજનામાં આવા ૨૩૩ કિલોમીટર લંબાઇના ૯૧ માર્ગોને જરૂરિયાત અનુસાર કામગીરી કરીને અદ્યતન બનાવવામાં આવશે. રાજ્યમાં શહેરોને જોડતા - શહેરોમાંથી પસાર થતા હોય અને માર્ગ મકાન વિભાગ હસ્તકના હોય તેવા માર્ગોનો આ વિકાસ પથમાં સમાવેશ કરવામાં આવ્યો છે. તદઅનુસાર, શહેરી વિકાસ વર્ષ અંતર્ગત વિકાસપથ યોજના હેઠળ શહેરી વિસ્તારમાંથી પસાર થતા આવા માર્ગોની જરૂરિયાત અનુસાર રસ્તાને પહોળા કરવા, ઈલેક્ટ્રિક પોલ, અદ્યતન રોડ ફર્નિચર, ફૂટપાથ, સ્ટ્રોમવોટર ડ્રેઈન, સ્ટ્રીટ લાઈટ, સી.સી. રોડ, રેલિંગ, જંકશન ડેવલોપમેન્ટ, બસ-બે, મીડિયન બ્યુટીફીકેશન તથા રોડ સેફટી સાથે મજબૂતીકરણ કરીને કરવામાં આવશે.ભૂપેન્દ્ર પટેલે મંજૂર કરેલી આ ૮૨૨ કરોડની માતબર રકમમાંથી વિકાસપથ અન્વયે શહેરના રસ્તાઓ સુદ્રઢ, સુંદર, મજબૂત અને સુવિધાયુકત થવાથી અનેક પ્રકારના ફાયદાઓ થશે અને શહેરી જીવનની ગુણવત્તા સુધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.એટલું જ નહિ, વાહન વ્યવહારમાં સુરક્ષા વધશે, ટ્રાફિક જામની સમસ્યા ઘટશે અને મુસાફરીનો સમય ઘટતાં ઇંધણની પણ બચત થશે.

# જન્માષ્ટમીના તહેવાર દરમિયાન પાંચ દિવસમાં ૫,૬૪,૦૦૦ લોકોએ ભગવાન દ્વારકાધીશનાં દર્શન કર્યાં

અમદાવાદઃ જન્માષ્ટમીના તહેવારની સમગ્ર રાજ્યમાં ધામધૂમથી ઊજવણી કરવામાં આવી હતી અને માહોલ કૃષ્ણમય બન્યો હતો. ગુજરાતમાં જગતમંદિર દ્વારકા, ડાકોર, શામળાજીમાં રંગેચંગે કૃષ્ણ જન્મોત્સવની ઊજવણી કરવામાં આવી હતી. જન્માષ્ટમીના તહેવાર દરમિયાન પાંચ દિવસમાં ૫,૬૪,૦૦૦ લોકોએ દ્વારકામાં ભગવાન દ્વારકાધીશના દર્શનનો લાભ લીધો હતો. મોટી સંખ્યામાં ભક્તોએ વહેલી સવારે ભગવાન દ્વારકાધીશની મંગળા આરતી, ત્યારબાદ ભગવાન દ્વારકાધીશના ખુલે પડદે સ્નાન તેમજ શ્રૃંગાર આરતી તેમજ રાજ ભોગના દર્શન કર્યા હતા. યાત્રાધામ દ્વારકામાં કીર્તિ સ્તંભથી દ્વારકાધીશ મંદિર સુધી ભક્તોની લાંબી કતારો જોવા મળી હતી. આ સમયે સમગ્ર દ્વારકા નગરી કૃષ્ણમય બની હોય તેવો નજારો જોવા મળ્યો હતો. દેશ અને વિદેશમાંથી પણ મોટી સંખ્યામાં ભક્તો જન્માષ્ટમી પર્વ પર દ્વારકા પધાર્યા હતા અને ભગવાન દ્વારકાધીશના દર્શન કરીને આર્શીવાદ મેળવ્યા હતા. ૫,૬૪,૦૦૦ જેટલા લોકોએ સરળતાથી ભગવાન દ્વારકાધીશના દર્શન કરી શકે તે માટે તંત્રએ પણ ખૂબ જ ઉમદા કાર્ય અને સારી વ્યવસ્થા કરી હતી. ખાસ કરીને વૃદ્ધો અને દિવ્યાંગ લોકો માટે તંત્રએ ખાસ વ્યવસ્થા કરી હતી.

# સુરતમાં હીરાની કંપનીમાં કટરથી તિજોરી કાપી ૨૦ કરોડથી વધુના હીરા-રોકડની ચોરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ડાયમંડ સિટી સુરતમાં જન્માષ્ટમીની રજાનો લાભ ઉઠાવી તસ્કરોએ દિલધડક ચોરીને અંજામ આપ્યો હતો. સુરતનાં કાપોદ્રા વિસ્તારમાં આવેલી ડી.કે. એન્ડ સન્સ ડાયમંડ કંપનીમાં તિજોરી કટરથી કાપી ૨૦ કરોડથી વધુના ડાયમંડ અને રોકડની ચોરી કરવામાં આવી હતી. જન્માષ્ટમી રજાનો લાભ લઇ તસ્કરોએ ચોરીને અંજામ આપ્યો હતો.

મળતી વિગતો અનુસાર, સુરતના કાપોદ્રામાં આવેલી ડી.કે.એન્ડ સન્સ ડાયમંડ કંપનીમાં તસ્કરોએ ત્રાટકીને ૨૦ કરોડથી વધુની ચોરીને અંજામ આપ્યો હતો. તસ્કરોએ કંપનીની ઓફિસની તિજોરીને કટરથી કાપી હતી અને ૨૦ કરોડથી વધુના હીરા, રોકડની ચોરી કરી હતી. જો કે તેની સાથે જ તસ્કરો કંપનીની ઓફીસના સીસીટીવી-ડીવીઆર પણ લઈને ફરાર થઈ ગયા હતા.

ચોરીની ઘટનાની જાણ થતાની સાથે જ સ્થાનિક પોલીસ તેમજ સુરત શહેર ક્રાઈમ બ્રાંચનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી. તે ઉપરાંત પોલીસના ડીસીપી, એસીપી, શહેર ક્રાઇમ બ્રાન્ચ સહિત એફએસએલની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને તપાસ શરૂ કરી હતી.

પોલીસનું માનવું છે કે આ ચોરીમાં બેથી ત્રણ લોકો સામેલ હોઈ શકે છે. ચોરોએ ગેસ કટરથી તિજોરી કાપતા લગભગ દોઢથી બે કલાક જેટલો સમય લાગ્યો હશે. જે જગ્યાએ ચોરી થઈ છે તે કારખાનું મુખ્ય રસ્તાથી થોડું અંદર અને ચોથા માળે આવેલું છે. આ રસ્તા પર ૫૦ જેટલી દુકાનો અને હીરાની અનેક ફેક્ટરીઓ આવેલી છે. આ બધી બાબતો જોતાં પોલીસને શંકા છે કે ચોરી કરનારાઓને કારખાનાની અંદરની માહિતી અગાઉથી જ હતી. આથી, કોઈ જાણભેદુ આ ચોરીમાં સામેલ હોઈ શકે છે અને પોલીસ આ દિશામાં પણ તપાસ કરી હતી.

# અંબાજી ભાદરવી પૂનમ મહામેળો ૨૦૨૫ઃ પદયાત્રી સંઘો માટે ઑનલાઈન નોંધણી શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ અરવલ્લીની ગિરિમાળામાં બિરાજમાન અંબાજી મંદિર એ ભારતના ૫૧ શક્તિપીઠોમાંનું એક મહત્વનું તીર્થસ્થળ છે. અંબાજીમાં દર વર્ષે યોજાતા ભાદરવી પૂનમના મહામેળામાં લાખો ભક્તોની ભીડ ઊમટે છે. આગામી ૧થી ૭ સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન અંબાજી ખાતે ભાદરવી પૂનમ મહામેળાનું આયોજન કરવામાં આવશે. આ પવિત્ર પ્રસંગે, અરવલ્લીની ગિરિમાળાઓ બોલ મારી અંબે, જય જય અંબેના નાદથી ગૂંજવાની છે. આ વર્ષે પદયાત્રી સંઘોની સુવિધા માટે અંબાજી મંદિરની ઓફિશિયલ વેબસાઈટ દ્વારા ઓનલાઈન નોંધણીની સુવિધા શરૂ કરવામાં આવી છે, જેનો હેતુ પદયાત્રીઓને સરળ અને પારદર્શક અનુભવ પૂરો પાડવાનો છે.

ભાદરવા મહિનાની પૂનમ દરમિયાન અંબાજીમાં ભાદરવી પૂનમના મહામેળા દરમિયાન પદયાત્રીઓ અને સંઘોને કોઈ તકલીફ ન પડે તે માટે અંબાજી ટ્રસ્ટ અને બનાસકાંઠા જિલ્લાનું વહીવટી તંત્ર વ્યાપક તૈયારીઓ કરી રહ્યું છે.

શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના અધ્યક્ષ અને બનાસકાંઠા જિલ્લાના કલેક્ટર મિહિર પટેલના નેતૃત્વ હેઠળ, પદયાત્રી સંઘોની નોંધણી માટે એક અદ્યતન ઓનલાઈન પોર્ટલ તૈયાર કરવામાં આવ્યું છે. આ પોર્ટલ દ્વારા પદયાત્રી સંઘો વિનામૂલ્યે ઘરે બેઠા પોતાની નોંધણી કરી શકે છે. નોંધણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ, સંઘોની વિગતોની ચકાસણી પ્રાંત અધિકારી, દાંતાની કચેરી દ્વારા કરવામાં આવશે. ચકાસણી બાદ, મંજૂરી અને વાહન પાસ ઓનલાઈન જ આપવામાં આવશે, જેનાથી પ્રક્રિયા વધુ પારદર્શક અને સરળ બનશે.

આ વર્ષે પદયાત્રી સંઘોના કોમર્શિયલ અને પ્રાઈવેટ વાહનો માટે વિશેષ પાર્કિંગ સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે. ઓનલાઈન નોંધણી ફોર્મમાં દર્શાવેલ વાહનોમાંથી ફક્ત એક જ વાહનને પ્રવેશ આપવામાં આવશે, જેના માટે વાહન પાસ જરૂરી રહેશે. આ વ્યવસ્થા ભીડનું સંચાલન કરવા અને યાત્રીઓની સુવિધા માટે ખાસ રૂપે રચવામાં આવી છે. આ ઉપરાંત, સેવા કેમ્પના આયોજકો પણ આ જ પોર્ટલ દ્વારા પોતાના કેમ્પની નોંધણી કરાવી શકે છે, જેનાથી યાત્રીઓને રહેવા-જમવાની સુવિધા મળી રહે. તમામ પદયાત્રી સંઘો અને સેવા કેમ્પના આયોજકોને અંબાજી મંદિરના વહીવટદાર તથા અધિક કલેક્ટર કૌશિક મોદી દ્વારા અપીલ કરવામાં આવી હતી કે, તેઓ સંસ્થાની વેબસાઈટ પર જઈને પોતાની નોંધણી અવશ્ય કરાવે. નોંધણી માટે જરૂરી વિગતો જેવી કે સંઘનું નામ, દર્શનની તારીખ, દર્શનનો સમય, ભક્તોની સંખ્યા, વાહનનો પ્રકાર અને વાહન નંબર ઓનલાઈન ફોર્મમાં ભરવાના રહેશે.

# બનાસકાંઠાના ખેડૂતોનો ટોલ ટેક્સ સામે વિરોધ, પાંચ હજાર ખેડૂતોએ રેલી કાઢી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ પાલનપુર-આબુરોડ હાઇવે પર આવેલા ખેમાણા ટોલ પ્લાઝા પરથી નજીકનાં ગામોના લોકોને ટોલમાંથી મુક્તિ મળે તે માટે મોટી સંખ્યામાં સ્થાનિક લોકો અને ખેડૂતોએ વિરોધ પ્રદર્શન કર્યું હતું. ખેમાણા ટોલ પ્લાઝાની ૨૦ કિલોમીટરની આસપાસ રહેતા સ્થાનિક લોકો પાસેથી પણ ટોલ વસૂલવામાં આવે છે, જેનો તેઓ વિરોધ કરવા આજે મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા.

# વડોદરામાં પાણીના પ્રશ્ને ભાજપના જ બે જૂથ વચ્ચે મારામારી થઈ

અમદાવાદઃ ભાજપમાં વધુ એક વિખવાદ સામે આવ્યો હતો. સાવલી તાલુકાના ભાદરવા ગામમાં પાણીના મુદ્દે ભાજપના બે જૂથો વચ્ચે મારામારી થઈ હતી. એક તરફ ગામના મહિલા સરપંચનો પરિવાર હતો અને બીજી તરફ પંચાયતનાં સભ્ય અને ગુજરાત પ્રદેશ કિસાન મોરચાના સભ્ય અશોક ગામેચીનો પરિવાર હતો. કેટલાક સમયથી ગામના કેટલાક વિસ્તારોમાં પાણી ઓછું આવતું હતું. આ બાબતે પંચાયત સભ્ય અશોક ગામેચીએ મહિલા સરપંચના પતિ મહિપતસિંહ રાણાને ફોન પર રજૂઆત કરી હતી. ફોન બાદ, સરપંચના પતિ મહિપતસિંહ રાણા પોતાના બે પુત્રો અને અન્ય સંબંધીઓ સાથે અશોક ગામેચીના ઘરે પહોંચ્યા. ત્યાં બન્ને જૂથ વચ્ચે મારામારી થઈ હતી. ઝઘડા દરમિયાન, સરપંચના પુત્ર બિટ્ટુસિંહે કાર લોકો પર ચડાવવાનો પ્રયાસ કર્યો હતો. જેમાં બે મહિલાઓને ઈજા થઈ હતી.

# સંરક્ષણ મંત્રાલયના ભૂતપૂર્વ મુખ્ય સલાહકારની સ્પષ્ટ વાત ઑપરેશન સિંદૂરે સ્પષ્ટ કરી દીધું કે કોણ ભારતની પડખે છે

છત્રપતિ સંભાજી નગરઃ ઑપરેશન સિંદૂરે સ્પષ્ટ કરી દીધું છે કે રાજદ્વારી રીતે ભારતની સાથે કોણ ઊભું છે એમ સંરક્ષણ મંત્રાલયના ભૂતપૂર્વ મુખ્ય સલાહકાર લેફ્ટનન્ટ જનરલ વિનોદ ખંડારે (નિવૃત્ત)એ જણાવ્યું છે.

યુદ્ધ એક ખર્ચાળ બાબત છે અને તેને કારણે દેશના અર્થતંત્ર પર દબાવ આવે છે એવો ઉલ્લેખ કરી તેમણે જણાવ્યું હતું કે નાગરિક સંરક્ષણ પર ઘણું કામ કરવાની જરૂર છે કારણ કે એ દેશની નબળી બાજુ હોય છે. લશ્કરના આ દિગ્ગજ નેતા રવિવારે મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજી નગર શહેરમાં એક સ્થાનિક એનજીઓ દ્વારા આયોજિત એક કાર્યક્રમ દરમિયાન ઑપરેશન સિંદૂર વિશે લોકો સાથે ચર્ચા કરવા માટે આવ્યા હતા.

ઑપરેશન સિંદૂર વિશે પૂછવામાં આવતા, લેફ્ટનન્ટ જનરલ ખંડારેએ પીટીઆઈને જણાવ્યું હતું કે 'રાજદ્વારી રીતે તમારી (ભારત) સાથે કોણ છે અને કોણ નથી એ સ્પષ્ટ થઈ ગયું. દેશમાં ક્યાં સમસ્યા છે અથવા ક્યાં સુધારાને અવકાશ છે એ પણ સમજાઈ ગયું છે. વ્યાપક રીતે વિચારતા ખામીઓ ઊડીને આંખે વળગી છે.'

ખંડારેએ એમ પણ જણાવ્યું હતું કે 'આજે આપણી પાસે જે પ્રકારના મિસાઈલ છે એનાથી કોઈ પણ લક્ષ્ય મુશ્કેલ નથી. યુદ્ધમાં મહત્ત્વ ધરાવતી ટેકનિકલ બાબતો અને સંશોધનમાં આપણે ઘણા આગળ છીએ. આપણી તાકાત કેટલી છે એનો અંદાજ આપણને આવો ગયો છે.'

આપણે વિજય મેળવવાની પરિસ્થિતિમાં હતા ત્યારે ઑપરેશન સિંદૂરે અચાનક કેમ વિરામ લીધો તે અંગે પૂછવામાં આવતા લેફ્ટનન્ટ જનરલ ખંડારેએ કહ્યું હતું કે 'હું તે સમયે સંરક્ષણ પ્રધાનની સાથે હતો અને વિવિધ સ્તરે આવી બાબતો પર ચર્ચા થાય છે. યુદ્ધ એક ખર્ચાળ બાબત છે અને એનાથી દેશના અર્થતંત્ર પર દબાણ આવે છે.'

પીઓકેના સંદર્ભમાં ખંડારેએ જણાવ્યું હતું કે 'અમારે પીઓકે કબ્જે કરવાની કોશિશ કરવી જોઈતી હતી એવું કેટલાક લોકો માને છે, પણ એ પ્રયાસ અત્યંત ખર્ચાળ અને ઘણી પૂર્વતૈયારી માગી લે એવો છે.' (પીટીઆઈ)

## પોલીસ સ્ટેશનમાં મહિલા કોન્સ્ટેબલની મારપીટના કેસમાં બે મહિલા નિર્દોષ

થાણેઃ મુંબ્રા પોલીસ સ્ટેશનમાં ૨૦૧૨માં મહિલા કોન્સ્ટેબલ સાથે ઝઘડો કરીને તેની મારપીટ કરવાના કેસમાં થાણે સેશન્સ કોર્ટે બે મહિલા આરોપીને નિર્દોષ ઠેરવી હતી. પોલીસે એક આરોપી મહિલાના પરિવારના સભ્યને તાબામાં લીધો હતો, જેને પગલે થયેલા વિવાદમાં મહિલાને ખોટી રીતે કેસમાં સંડોવવામાં આવી હોવાનું કોર્ટે નોંધ્યું હતું.

એડિશનલ સેશન્સ જજ વી. જી. મોહિતેએ ચુકાદામાં નોંધ્યું હતું કે તપાસકર્તા પક્ષ આરોપ પુરવાર કરવામાં નિષ્ફળ ગયો હતો. કોર્ટે તપાસમાં રહેલી ઊણપો અને ફરિયાદ પક્ષના સાક્ષીઓની જુબાનીમાં વિરોધાભાસ હોવાની વાતને પણ ધ્યાનમાં લીધી હતી. આરોપી નિલોફર અઝહર ખાન (૫૧) અને નસિમા અબ્દુલ રેહમાન બિહારી ઉર્ફે બેપારી (૬૩) વિરુદ્ધ ૧૩ વર્ષ અગાઉ મુંબ્રા પોલીસ સ્ટેશનમાં વિવાદ દરમિયાન મહિલા કોન્સ્ટેબલને ગાળો ભાંડવી, બચકાં ભરવાં અને મારપીટના આરોપ હતા.

ચુકાદામાં કોર્ટે નોંધ્યું હતું કે કેસનો નિર્ણય લેતી વખતે આરોપી બેપારીના પુત્રને વાજબી કારણ વિના પૂછપરછ માટે તાબામાં લેવાની પોલીસની કાર્યવાહીને અવગણી શકાય નહીં. આ સંજોગોમાં ફરિયાદ પક્ષના સાક્ષીઓ કોઈ જાહેર ફરજ બજાવી રહ્યા હતા, એવું કહી શકાય નહીં. (પીટીઆઈ)

## એકે-૪૭ અને ગ્રેનેડ્સ જપ્તીના કેસમાં બિહારનો ગૅન્ગસ્ટર વસઈમાં પકડાયો

વસઈઃ એકે-૪૭ રાઈફલ, કારતૂસો અને ગ્રેનેડ્સ જપ્તિના કેસમાં ત્રણ મહિનાથી ફરાર બિહારના ગૅન્ગસ્ટરને વસઈ ક્રાઈમ બ્રાન્ચ અને બિહાર એસટીએફની ટીમે જૉઈન્ટ ઑપરેશન હાથ ધરી વસઈ નજીકથી પકડી પાડ્યો હતો. અધિકારીના જણાવ્યા મુજબ ભોજપુર જિલ્લાના ઉદવંતનગરમાં બેલૌર ખાતે રહેતા બુતન જાનેશ્વર ચૌધરી ઉર્ફે હરેન્દ્ર ચૌધરી (૫૦)ને તુંગારેશ્વર રોડ પરના શનિ મંદિર નજીકથી રવિવારે તાબામાં લેવાયો હતો.

બિહાર પોલીસે ૨૦૧૬માં ચૌધરીની ધરપકડ કરી તેની પાસેથી એક એકે-૪૭ રાઈફલ, ગ્રેનેડ્સ અને અન્ય શસ્ત્રો જપ્ત કર્યાં હતાં. ૨૦૨૨માં જામીન પર છૂટ્યા પછી તે ગૅન્ગમાં ફરી સક્રિય બન્યો હતો.

એપ્રિલ, ૨૦૨૫માં ચૌધરીના ઘરમાંથી પોલીસે ફરી એકે-૪૭ રાઈફલ, ગ્રેનેડ્સ, બાવીસ કારતૂસ અને મૅગેઝિન જપ્ત કરી હતી. જોકે ચૌધરી ફરાર થઈ ગયો હતો. ચૌધરી વસઈ નજીક સંતાયો હોવાની માહિતી મળતાં બિહરની એસટીએફ વસઈ પહોંચી હતી. તેની વિરુદ્ધ હત્યા, હત્યાના પ્રયાસ, સશસ્ત્ર લૂંટ જેવા ૨૦ જેટલા ગંભીર ગુના નોંધાયેલા હોવાનું પોલીસનું કહેવું છે. પોલીસે તેના પર બે લાખ રૂપિયાનું ઇનામ પણ જાહેર કર્યું હતું. (પીટીઆઈ)

## વડાલામાં બેસ્ટની બસે અડફેટમાં લેતાં માતા-પુત્રનાં મોત

મુંબઈઃ વડાલા વિસ્તારમાં બેસ્ટની બસે અડફેટમાં લેતાં ૩૮ વર્ષની મહિલા અને તેના આઠ વર્ષના પુત્રનાં મોત થયાં હતાં.

પોલીસના જણાવ્યા અનુસાર વડાલા ચર્ચ બસસ્ટોપ નજીક સોમવારે બપોરના ૩.૧૦ વાગ્યાની આસપાસ આ અકસ્માત થયો હતો, જેમાં મૃત્યુ પામેલા માતા-પુત્રની ઓળખ લિઓબા સેલ્વરાજ અને આઠ વર્ષના એન્થોની સેલ્વરાજ તરીકે થઇ હતી. બેસ્ટની લીઝ પર લીધેલી રૂટ નંબર એ-૧૭૪ પરની બસ બપોરે વીર કોતવાલ ઉદ્યાનથી ભારાની નાકા તરફ જઇ રહી હતી. ત્યારે વડાલા ચર્ચ બસસ્ટોપ નજીક પગપાળા જનારી લિઓબા સેલ્વરાજ અને તેના પુત્રને બસે અડફેટમાં લીધાં હતાં.

અકસ્માતમાં લિઓબાને ગંભીર ઇજા પહોંચી હતી, જ્યારે તેના પુત્ર એન્થોનીના માથા પરથી બસનું ટાયર ફરી વળતાં તે પણ ગંભીર ઇજા પામ્યો હતો. લિઓબાને સાયન હોસ્પિટલમાં, જ્યારે એન્થોનીને કે.ઇ.એમ. હોસ્પિટલમાં લઇ જવાયો હતો, જ્યાં એન્થોનીને મૃત જાહેર કરવામાં આવ્યો હતો, જ્યાં લિઓબાનું સારવાર દરમિયાન ૪.૨૫ વાગ્યે મૃત્યુ થયું હતું. પોલીસે બસ ડ્રાઇવર બાપુરાવ નાગબોને વિરુદ્ધ ગુનો દાખલ કર્યો.

## ઑનલાઈન ટ્રેડિંગ ફ્રોડમાં ૪૧ લાખ રૂપિયા પડાવ્યાઃ બે જણ વિરુદ્ધ ગુનો

થાણેઃ બનાવટી ઑનલાઈન ટ્રેડિંગ સ્કીમમાં સપડાવી થાણેના ૪૮ વર્ષના રહેવાસી સાથે ૪૧ લાખ રૂપિયાની કથિત છેતરપિંડી કરવા બદલ પોલીસે બે જણ વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પોલીસ ફરિયાદ અનુસાર ફરિયાદીએ ફેસબુક પર ઑનલાઈન ટ્રેડિંગ સંબંધી જાહેરખબર જોઈ હતી. ટ્રેડિંગમાં રોકાણ કરવાની ઇચ્છા વ્યક્ત કરનારા ફરિયાદીને એક વૉટ્સઍપ ગ્રૂપમાં એડ કરવામાં આવ્યો હતો. આ ગ્રૂપમાં આરોપીઓ દ્વારા આઈપીઓમાં રોકાણ સંબંધી માર્ગદર્શન આપવામાં આવતું હતું.

લાલચમાં આવી ફરિયાદીએ ચાલુ વર્ષના મેથી જૂન દરમિયાન આરોપીએ જણાવેલાં બૅન્ક ખાતાઓમાં ૪૦.૯૯ લાખથી વધુ રૂપિયા ટ્રાન્સફર કર્યા હતા. પછી ફરિયાદીને વધુ નાણાં રોકવા લલચાવવા માટે તેના ખાતામાં ૮૮.૩૯ લાખ રૂપિયા જમા થયા હોવાનું દર્શાવાયું હતું.

જોકે જમા થયેલા નાણાંમાંથી ફરિયાદી રૂપિયા કઢાવી શક્યો નહોતો. આ બાબતે પૂછતાં આરોપીએ ટૅક્સ પેટે ૨૦ ટકા રકમ ભરવાનું કહ્યું હતું. આખરે ફરિયાદીને પોતે છેતરાયો હોવાની જાણ થતાં પોલીસનો સંપર્ક સાધ્યો હતો.

વર્તક નગર પોલીસે ફરિયાદને આધારે રવિવારે મહિલા સહિત બે જણ વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૧૮(૪) અને ૩(૫) તેમ જ ઇન્ફર્મેશન ટેક્નોલૉજી ઍક્ટની જોગવાઈ હેઠળ ગુનો નોંધ્યો હતો. આ પ્રકરણે પોલીસ તપાસ કરી રહી છે. (પીટીઆઈ)

## આંદોલન હિંસામાં ફેરવાતાં પોલીસ પર ચાકુથી હુમલો

મુંબઈઃ ધુળેમાં આદિવાસી છોકરી પર બળાત્કારને મામલે કરાયેલું આંદોલન હિંસામાં ફેરવાતાં એક આંદોલનકારીએ પોલીસ અધિકારી પર ચાકુ હુલાવ્યું હતું. આ ઘટના સોમવારની બપોરે ત્રણ વાગ્યાની આસપાસ શિરપુર તાલુકાના ગુજરાતી કોમ્પ્લેક્સ નજીક બની હતી. પોલીસ પર હુમલા પ્રકરણે પાંચ જણને તાબામાં લઈ તેમની વિરુદ્ધ ગુનો નોંધવામાં આવ્યો હતો. ગુજરાતી કોમ્પ્લેક્સ નજીક આંદોલનકારીઓએ રસ્તો જૅમ કર્યો હતો. આંદોલન કરનારાઓને દૂર ખસેડી વાહનવ્યવહાર માટે માર્ગ મોકળો કરવા આસિસ્ટન્ટ પોલીસ ઈન્સ્પેક્ટર જયપાલ હિરેની ટીમ પ્રયાસો કરી રહી હતી. એ સમયે વિરોધ પ્રદર્શન કરનારા લોકોએ પોલીસ સાથે ઉગ્ર બોલાચાલી કરી હતી. બાદમાં મારપીટ પર ઊતરી આવેલા લોકોને વિખેરવા પોલીસે લાઠીચાર્જ કરવો પડ્યો હતો.

## અજિત પવારે સંકલિત બચાવ અને રાહત પ્રયાસો માટે હાકલ કરી

મુંબઈઃ મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારે ગઈ કાલે મુંબઈ અને રાજ્યના અન્ય ભાગોમાં ભારે વરસાદ બાદ પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને વહીવટીતંત્રને હાઇ એલર્ટ રહેવા અને બચાવ અને રાહત કામગીરીને પ્રાથમિકતા આપવાનો નિર્દેશ આપ્યો હતો.

ભારતીય હવામાન વિભાગે મુંબઈ, થાણે અને રાયગઢ જિલ્લાઓ માટે 'રેડ' એલર્ટ જારી કર્યું છે, જેમાં આજે અલગ અલગ સ્થળોએ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. રાજ્યના કેટલાક ભાગોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી સાથે, મહારાષ્ટ્ર સરકારે તમામ સ્થાનિક સંસ્થાઓ અને આપત્તિ વ્યવસ્થાપન એકમોને સંપર્કમાં રહેવા અને જ્યાં જરૂર હોય ત્યાં ઇમર્જન્સી પ્રોટોકોલ સક્રિય કરવા જણાવ્યું છે. ઉપરાંત જો ખૂબ જ જરૂરી હોય તો જ ઘરની બહાર નીકળવા અને સ્થાનિક અધિકારીઓ દ્વારા જારી કરાયેલી સલામતી સલાહનું કડક પાલન કરવાની અપીલ પવારે એક નિવેદન દ્વારા કરી છે.

તેમણે સતત ભારે વરસાદનો સામનો કરી રહેલા વિસ્તારોના રહેવાસીઓને પાણી ભરાવાની કે પૂરની સ્થિતિ સર્જાય તો ઘરમાં જ રહેવા અને સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરવા વિનંતી કરી હતી. ભારતીય હવામાન વિભાગે મુંબઈમાં રેડ એલર્ટ જારી કર્યા પછી, શહેર મહાનગરપાલિકાએ શાળાઓ અને કોલેજોમાં રજા જાહેર કરી.

## રાયગઢમાં ત્રણ નદીઓએ ભયજનક સપાટી વટાવી

અલીબાગ - રાયગઢ જિલ્લામાં છેલ્લા ૪ દિવસથી વરસી રહેલા ભારે વરસાદને કારણે જિલ્લામાં નદીઓનું સ્તર નોંધપાત્ર રીતે વધી ગયું છે. કુંડલિકા, અંબા અને સાવિત્રી નદીઓ બપોરે ૨ થી ૨.૩૦ વાગ્યાની આસપાસ ભયજનક સપાટી વટાવી ગઈ છે. આના કારણે રોહા, નાગોથાણે અને મહાડ વિસ્તારોમાં પૂરનું જોખમ ઊભુ થયું છે. આ પૃષ્ઠભૂમિમાં, વહીવટીતંત્રે નદી કિનારાના રહેવાસીઓને ચેતવણી જારી કરી છે અને નાગરિકોને સુરક્ષિત સ્થળોએ સ્થળાંતર કરવા નિર્દેશ આપ્યો છે.

રાયગઢ જિલ્લામાં ૨૪ કલાકમાં સરેરાશ ૯૪ મીમી વરસાદ નોંધાયો છે. અલીબાગમાં ૮૬ મીમી, પેણમાં ૮૨ મીમી, મ્હસલામાં ૨૧૫ મીમી, માનગાંવ ૯૧ મીમી, ઉરણ ૫૧ મીમી, શ્રીવર્ધન ૧૦૨ મીમી, ખાલાપુર ૬૦ મીમી, રોહા ૧૨૦ મીમી, પોલાદપુર ૧૦૭ મીમી, મુરુડ ૮૦ મીમી, સુધાગડ ૮૧ મીમી, તળા ૮૮ મીમી, પનવેલ ૧૧૬ મીમી, મહાડ ૯૨ મીમી, કર્જતમાં ૫૫ મીમી અને માથેરાનમાં ૯૨ મીમી વરસાદ નોંધાયો છે.

મહાબળેશ્વર અને પોલાદપુર વિસ્તારોમાં ભારે વરસાદને કારણે પોલાદપુરમાં રણબાજીરે બંધ દ્વારા સાવિત્રી નદીમાં ૭૪૯ ઘનમીટર પ્રતિ સેકન્ડની ઝડપે પાણી છોડવાનું શરૂ કરવામાં આવ્યું છે. ભીરા હાઇડ્રોપાવરમાં ત્રણ દરવાજાવાળા પ્રોજેક્ટ દ્વારા કુંડલિકા નદીમાં ૮૩ ઘનમીટર પ્રતિ સેકન્ડની ઝડપે પાણી છોડવાનું શરૂ કરવામાં આવ્યું છે. પેણમાં હેતવેણ મધ્યમ પ્રોજેક્ટ દ્વારા ભોગાવતી નદીના તટપ્રદેશમાં ૧૧૯ ઘનમીટર પ્રતિ સેકન્ડની ઝડપે પાણી છોડવાનું શરૂ કરવામાં આવ્યું છે. ભારે વરસાદને કારણે, ઉલ્હાસ, પાતાળગંગા, ભોગાવતી અને કોદાવલી નદીઓના પાણીના સ્તરમાં નોંધપાત્ર વધારો થયો છે.

## હોસ્પિટલમાં પોલીસને હાથતાળી આપીને ભાગી

મુંબઈઃ જે. જે. હોસ્પિટલમાં પોલીસને હાથતાળી આપીને ભાગી છૂટેલી બાંગ્લાદેશી મહિલાને ચાર દિવસ બાદ નવી મુંબઈથી પકડી પાડવામાં આવી હતી.

વાશી પોલીસ સ્ટેશનમાં રૂબીના ઇરશાદ શેખ (૨૧) નામની બાંગ્લાદેસી મહિલા વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા, પાસપોર્ટ એક્ટ તેમ જ ફોરેનર્સ એક્ટ હેઠળ ગુનો દાખલ હતો અને તેને ભાયખલા જેલમાં રાખવામાં આવી હતી.

૧૪ ઑગસ્ટે સવારે ૧૧ વાગ્યે તેને સારવાર અર્થે જે. જે. હોસ્પિટલમાં લાવવામાં આવી હતી, જ્યાં તે મહિલા પોલીસ કર્મચારીના હાથને ઝટકો મારીને ભાગી છૂટી હતી. રૂબીનાની શોધ ચલાવ્યા છતાં તેનો કોઇ પત્તો ન લાગતાં જે. જે. માર્ગ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી, જેને આધારે ગુનો દાખલ કરાયો હતો.

જે. જે. માર્ગ પોલીસની ટીમે રૂબીનાના રહેવાના તથા કામના ઠેકાણે સતત ત્રણ દિવસ સુધી નજર રાખીને તેના વિશે માહિતી મેળવી હતી, જેમાં તે અલગ અલગ સ્થળે કામ કરતી હોવાનું જાણવા મળ્યું હતું. દરમિયાન રૂબીના નવી મુંબઈના ઘણસોલી વિસ્તારમાં હોવાની માહિતી મળતાં પોલીસ ટીમે સોમવારે છટકું ગોઠવીને તેને પકડી પાડી હતી.

## જૈન મરણ

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

અમરેલી નિવાસી હાલ બોરીવલી સ્વ. હિંમતલાલ પાનાચંદ સંઘરાજકાના ધર્મપત્ની ગં. સ્વ. ઉર્મિલાબેન સંઘરાજકાણી (ઉં.વ. ૮૯) શનિવાર તા. ૧૬-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે શૈલેશ, સમીર તથા સોનલ નિતીનભાઇ રૂપાલીના માતુશ્રી. જયશ્રી તથા સોનુના સાસુ. નવદીપ ઇક્ષિતનાં મોટા સાસુ. તે સ્વ. વૃજલાલભાઇ, સ્વ. બાબુભાઇ, સ્વ. નાનુભાઇ, સ્વ. રતિભાઇ, સ્વ. નટવરભાઇ, તેમ જ સ્વ. નર્મદાબેન રતિલાલભાઇ સુતરીયાના ભાઇના ધર્મપત્ની. પિયરપક્ષે સ્વ. દલીચંદભાઇ વછરાજભાઇ મહેતા, સ્વ. કમલાબેનના પુત્રી. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

ગોંડલ નિવાસી હાલ ઘાટકોપર મધુબેન પ્રતાપરાય પારેખ (ઉં.વ. ૮૫) તે સ્વ. પ્રતાપરાય ઇશ્વરલાલ પારેખના પત્ની. ધર્મેષ, સૌ. સુજાતા સંજય દેસાઇના માતા. સૌ. મોનાના સાસુ. શ્રીધા, ક્રિષાના દાદી. સ્વ. શારદાબેન જેઠાલાલ ખીમાણીના પુત્રી. મુકુંદભાઇ, નવીનભાઇ, બળવંતભાઇ, સ્વ. જગદીશભાઇ, પન્નાબેન, પુષ્પાબેનના ભાભી તા. ૧૭-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

જીતેન્દ્ર અમૃતલાલ શેઠ અમૃતલાલ જીવરાજ શેઠના પુત્ર (ઉં. વ.૮૧) સિહોર હાલ મુંબઇ તા. ૧૫-૮-૨૫ શુક્રવારના અરિહંતશરણ પામેલ છે. વિલાસબેનના પતિ. ચેતન, શ્રેણિક, નેહા અને રીનાના પિતા. અનિશા, જીનલ, સૌમિન અને મિતેશના સસરા. રમણીકલાલ, ગુણવંતરાય, ભાનુબેન, હીરાબેન અને રસીલાબેનના ભાઇ. નાગરદાસ જગજીવનદાસ દોશી (જેસરવાળા)ના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**મચ્છુકાંઠા વિશા શ્રીમાળી જૈન**

વાંકાનેર નિવાસી હાલ સાંતાક્રુઝ સ્વ. લાભકુંવર શાંતિલાલ કાલીદાસ મહેતાના સુપુત્ર હસમુખના ધર્મપત્ની ગીતા (ઉં. વ. ૭૦) તે નિશીથ તથા શ્વેતાના માતુશ્રી. ડિમ્પલ તથા વિશાલ પ્રદીપભાઇ મહેતાના સાસુમા. પિયરપક્ષે સ્વ. વિમળાબેન પ્રતાપચંદ દેસાઇના સુપુત્રી. આગમ તથા સનયના દાદી-નાની તા. ૧૭-૮-૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

ગોંડલ નિવાસી હાલ કિંગસર્કલ સ્વ. સમજુબેન જયંતીલાલ પારેખના સુપુત્ર રમેશભાઇ (ઉં. વ. ૯૩) રવિવાર, તા. ૧૭-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે જયોતિબેનના પતિ. ઉમા, રીટા, પીન્કીના પિતાશ્રી. ગેલેકસી શાહના સસરા. આદિત્યના નાના. અમૃતલાલ શામળજી કોઠારીના જમાઇ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મોખડકા (આમોદ) હાલ બોરીવલી, સ્વ. બાવચંદ ભગવાનદાસ શાહના સુપુત્ર પ્રવિણચંદ્ર શાહ (ઉં. વ. ૮૭) તા.૧૭/૮/૨૫ રવિવારના અવસાન પામેલ છે. તે ઇલાબેન (ઇચ્છાબેન)ના પતિ. વિજય, અજય, અશ્વિન તથા વૈશાલીના પિતાશ્રી. સ્વ.નટવરલાલ, સ્વ. નિર્મળાબેન કાંતિલાલ ગાંધી, સ્વ. તારાબેન ઉત્તમચંદ શાહના ભાઈ. સ્વ. ભાણજીભાઇ પ્રેમચંદભાઈ (પસવી) ના જમાઈ. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સોરઠ વિશાશ્રીમાળી જૈન**

ધોરાજી નિવાસી હાલ બોરીવલી, દિનેશ પ્રાણલાલ મેહતા (ઉં. વ. ૭૫) ૧૭/૮/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ભારતીબેનના પતિ. પાયલ, બિજલ, અવનીના પપ્પા. મહેન્દ્રભાઈ, અશ્વિનભાઈ, આશાબેન તથા શિલ્પાબેનના ભાઈ. નીરવ, વરુણ તથા અપૂર્વના સસરા. સસરાપક્ષે સ્વ. નાથાલાલ હેમંતરામ દોશીના જમાઈ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

જર નિવાસી હાલ કાંદિવલી વેસ્ટ, શ્રીમતિ ઈન્દુબેન (ઉં. વ. ૭૯) તે રમેશચંદ્ર મોહનલાલ સંઘરાજકાનાં ધર્મપત્નિ, નીશા તથા વિરલનાં માતુશ્રી. પ્રિતીનાં સાસુ, સ્વ. ચુનીભાઈ. સ્વ. ચંદ્રકાંતભાઈ. રજનીભાઈ, નવિનભાઈ, સ્વ. મંજુબેન, સ્વ. પુષ્પાબેન, હર્ષાબેનનાં ભાભી, સ્વ. અમ્રતલાલ લક્ષ્મીચંદ પારેખના સુપુત્રી તા. ૧૭/૮/૨૦૨૫નાં અરિહંતશરણ પામેલ છે. બી/૪૦૨ પંચશીલ રેસીડેન્સી. મહાવીરનગર. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઝા. દશા શ્રીમાળી સ્થા. જૈન**

વઢવાણ નિવાસી હાલ કાંદીવલી, સ્વ. શાંતાબેન ત્રમ્બકલાલ મણિયારના સુપુત્ર મુકેશભાઈ (ઉં. વ. ૮૧) તે સ્વ. પ્રીતિબેન (પ્રેમિલાબેન) ના પતિ તા. ૧૭/૦૮/૨૫ રવિવારના અરિહંતશરણ પામેલ છે. સ્વ. દીપ્તિ આશિષકુમાર ચોટલીયા તથા મમતાના પિતા, પૂ. કાન્તાબાઇ મહાસતીજી, શારદાબેન, સ્વ. ઇન્દુબેન, રંજનબેન, રમીલાબેન, સ્વ. રસિકભાઈ, શશીકાંતભાઈ તથા દિનેશભાઈના ભાઈ, ગોદાવરી નિવાસી હાલ મુંબઈ સ્વ. અનોપચંદભાઈ, પ્રવીણભાઈ, હસમુખભાઈ, સ્વ. કિશોરભાઈ તથા દિનલત્તાબેન નટવરલાલ શાહના બનેવી. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

વઢવાણ નિવાસી હાલ વાપી, પદ્માબેન લક્ષ્મીચંદ અમૃતલાલ મણિયારના સુપુત્ર પ્રવિણચંદ્ર (ઉં.વ. ૮૦) તે ગુણવંતીબેન શાંતિલાલ લક્ષ્મીચંદ ગોસલીયાના જમાઈ સોમવાર તા. ૧૮-૮-૨૫ના અરિહંતશરણ પામેલ છે. નયનાબહેનના પતિ. કલ્પેશ-હરીણી અને શશાંકના પિતાશ્રી. કુંજલ, એકતા, ભાવિનભાઈના સસરા. દિનેશભાઈ-અરુણાબેન, ઈંદ્રવદનભાઈ-દક્ષાબેન, દિપકભાઈ-રુપા, મનોજભાઈ-અનિતા, સુધાબેન પ્રફુલકુમાર, સ્મિતાબેન શૈલેશકુમારના ભાઈ. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થના બંધ રાખેલ છે.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

સમાઘોઘાના માતુશ્રી હેમલતાબેન ધીરજલાલ ગાલા (ઉં. વ. ૭૩) તા. ૧૬-૮-૨૫ના અવસાન પામ્યા છે. ધીરજલાલ વેરશીના ધર્મપત્ની. દેવકાબાઈ વેરશી વેલજીના પુત્રવધૂ. કિરણ, નીપા, પૂનમના માતુશ્રી. કપાયા મંજુલાબેન હીરજી પાસુના પુત્રી. ગુંદાલા નીનાબેન શામજી હંસરાજ, ભુજપુર અમૃતબેન દિલીપ માડણના બેન. ચક્ષુદાન કરેલ છે. પ્રાઃ શ્રી વ.સ્થા.જૈન શ્રા.સં. : કરશન લધુભાઈ નિસર હોલ (દાદર). ટા. ૪ થી ૫.૧૫.

ભિંસરા હાલે બાડાના ધીરજભાઈ રામજી સાવલા (ઉં. વ. ૭૦) ૧૬-૮ના અવસાન પામેલ છે. સ્વ.મણિબેન રામજીના પુત્ર. વિદ્યાના પતિ. પંકિત, પ્રિયાંકના પિતા. ચંદ્રકાંત, પરેશ, તુંબડીના ગીતા મહેન્દ્રના ભાઈ. મેનકા અનુપ પિતલેના જમાઈ. મુંબઈમાં પ્રાર્થના રાખેલ નથી. નિ.પંકિત સાવલા, ૪૧૪, સીરી સાઈ, પ્રવાંશ ગોકુલધામ, હૈદ્રાબાદ-૨૭.

દેઢીયાના લક્ષ્મીચંદ ખેરાજ પાસડ (ઉં. વ. ૭૯) જબલપુર મધ્યે ૧૪-૮ના દેહ ત્યાગ કરેલ છે. હીરબાઇ ખેરાજ વીરજીના પુત્ર. શાંતાબેનના પતિ. સ્વ. ચંદન, નીતા, ચંદ્રેશના પિતા. દેવકાંબેન, હંસરાજ, અમૃતબેન, ભાઇલાલ, દેવચંદના ભાઇ. સાભરાઇ હાંસબાઇ દામજી તેજશીના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. નિ. ચંદ્રેશ પાસડ, ૨૦૮, રૂપમ ટાવર, રાઇટ ટાઉન, જબલપુર (એમ.પી.) ૪૮૨૦૦૨.

નવાવાસ (દુર્ગાપુર) ના જખુભાઈ (સામજી) રાયશી સાવલા (ઉં. વ. ૮૮) તા.૧૮ ના અવસાન પામેલ છે. મા. કેસરબેન રાયશી વેલજીના પુત્ર. દમયંતીના પતિ. સ્વ. દિપક, સ્વ. સંજય, અંજુના પિતા. સ્વ. શાંતિલાલ, મણિલાલ, પ્રભાબેનના ભાઈ. પૂરબાઈ મેઘજીના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે.અંજુ છેડા, ૧૧, ભરત નિવાસ, લિબર્ટી ગાર્ડન, ક્રોસ રોડ નં.૩, મલાડ (વે.).

ગઢશીશાના કલ્પનાબેન કાંતિલાલ વિસરીયા (ઉં. વ. ૬૧) તા. ૧૮-૦૮-૨૫ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન ખીમજીના પુત્રવધૂ. કાંતિલાલના પત્ની. પ્રિયંકા-દર્શનાના માતા. રામાણિયાના અમૃતબેન રવજી વેલજીના પુત્રી. હર્ષદ, બાડાના ઉષાબેન જેઠાલાલ, ડુમરાના રંજન નવીન, લઠેડીના મધુ રમેશનાં બેન. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : પ્રિયંકા નાયક, ૧૪૦૬, આદિત્યરાજ સ્ટાર - ૪૦, પંતનગર, ઘાટકોપર (પૂર્વ), મું. ૭૫.

## પારસી મરણ

મરહુમ મક્કા જહાંગીર મોદી તે મ. જહાંગીર રૂસ્તમજી મોદીના વિધવા. તે મ. હોમાય તથા મ. મીનુ એદલજી કયાસના દીકરી. તે મીનુ જ. મોદી તથા ફીરૂઝા નેવીલ ભાઠેનાના મમ્મા. તે તીનાઝ મીનુ મોદી તથા મ. નેવીલ ફલી ભાઠેનાના સાસુજી. તે મ. હોશી તથા મ. જીમી કયાસના બહેન. તે દેલનાઝ બરઝીન ભરૂચા, ફરઝીન મીનુ મોદી તે એરીક નેવીલ ભાઠે નાના મમઇજી. (ઉં. વ. ૮૧) રે. ઠે. સી-૧૮, ખુશરો બાગ, શહીદ ભગતસિંહ રોડ, મુંબઇ-૪૦૦૦૩૯.

પરવીન સામ બેંગાલી તે સામ હોમી બેંગાલીના ધનીયાની. તે ધન કરાની તથા દીનશા કરાનીના દીકરી. તે ડેલનાવાઝ જવારના માતાજી. તે દીનયાર કરાની, રોશન કુપર ને ધન પટેલના બહેન. તે લકશા ને નમ્રતાના મમયજી. (ઉં. વ. ૭૦) રે. ઠે. શ્રી સ્વામી કૃપા, સી.એચ.એસ. ૩૫ એ/૬૧, મનીશ નગર, ૪ બંગલોસ, અંધેરી (વેસ્ટ), મુંબઇ-૪૦૦૦૫૩. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૯-૮-૨૫ના રોજ બપોરે ૩.૪૫ કલાકે કરાની અગિયારી ખુશરૂ બાગ.

રોશન માણેક બલસારા તે મરહુમ માનેક બમનશા બલસારાના વિધવા. તે મરહુમો ગુલ તથા રતન દસ્તુરના દીકરી. તે માહારૂખ બરજોર નરીમન ને બમન બલસારાના માતાજી. તે બરજોર નરીમન ને પર્લ બલસારાના સાસુ. તે પરવેઝ ને મરહુમ ફિરોઝ દસ્તુરના બહેન. તે ડાયના અરઝાન બલસારાના મમયજી. (ઉં. વ. ૯૭) રે. ઠે. ફલેટ નં.૨૧, દેવીદાસ મેન્શન, ૪ બી. કે.બમન બહેરામ માર્ગ, એપોલો બંદર-મુંબઇ-૪૦૦૦૦૧. ઉઠમણાંની ક્રિયા : તા. ૧૯-૮-૨૫ના રોજ બપોર ૩.૪૫ કલાકે કરાની અગિયારી, ખુશરૂ બાગ.

શેહેરૂ શેહેરીયાર પંથકી તે મરહુમ શેહેરીયાર દીનશાજી પંથકીના વિધવા. તે મરહુમો પીરોજા તથા હોરમઝજી રતનજી ગાંધીના દીકરી. તે રતન, મીનુ ને મરહુમ દાદીબાના માતાજી. તે હુતોક્ષી મીનુ પંથકીના સાસુ. તે મરહુમ કાવસજી હોરમઝજી ગાંધીના બહેન. તે મરહુમો હીરાબાઇ ને દીનશાજી પાલનજી પંથકીના વવ. (ઉં. વ. ૯૮) રે. ઠે. રોડ નં-૫, બિલ્ડિંગ નં. ૭૩૮, શીરીન વીલા, ૪થે માળે, પારસી કોલોની, દાદર, મુંબઇઃ ૪૦૦૦૫૩.

## મુસ્લિમ મરણ

મરહુમ અસમાબાઇ અકબર અલી મંદોસરવાલા તે અબ્બાસભાઇ, યુસુફભાઇ તથા સકીનાબાઇના માં સાહેબ. લુબેનાબાઇ અને જુમાનાબાઇના સાસુ. તા. ૧૮-૮-૨૫ના ગુજરી ગયાં છે.

## તુલસી બાદ વિહાર પણ છલકાયું

મુંબઈઃ મુંબઈમાં છેલ્લા ત્રણેક દિવસથી પડી રહેલા મુશળધાર વરસાદને પગલે શનિવારે મુંબઈમાં નેશનલ પાર્કમાં આવેલું તુલસી છલકાયા બાદ સોમવારે બપોરના વિહાર પણ છલકાઈ ગયું હતું. એ સાથે જ સોમવારના સવારના સાતેય જળાશયોમાં ૯૧.૧૮ ટકા જેટલું પાણી જમા થઈ ગયું હતું.

મુંબઈને પાણીપુરવઠો કરનારાં સાત જળાશયમાંનું એક વિહાર સોમવાર, ૧૮ ઑગસ્ટ,૨૦૨૫ના બપોરના ૨.૪૫ વાગે મુંબઈમાં થયેલી અતિવૃષ્ટિને પગલે છલકાઈ ગયું હતું. તુલસી છલકાઈ ગયા બાદ તેનું પાણી વિહારમાં આવતું હોય છે, તેથી શનિવારે તુલસી છલકાયા બાદ તેનું પાણી વિહારમાં આવવાની સાથે જ સતત પડી રહેલા વરસાદને પગલે વિહાર છલકાઈ ગયું હોવાનું પાણી પુરવઠા વિભાગે જણાવ્યું હતું.

ચાલુ વર્ષે ચોમાસામાં મુંબઈને પાણીપુરવઠો કરનારાં સાત જળાશયમાંથી અત્યાર સુધી છ જળાશય છલકાઈ ગયાં છે. છેલ્લા થોડા દિવસથી જળાશયોના કેચમેન્ટ એરિયામાં સતત પડી રહેલા વરસાદને પગલે તેની સપાટીમાં પણ વધારો થઈ રહ્યો હોવાનો દાવો પાણીપુરવઠા વિભાગે કર્યો હતો. સોમવારે બપોરના છલકાઈ ગયેલા વિહાર તળાવની પાણી સમાવવાની ક્ષમતા ૨,૭૬૯.૮ કરોડ લિટર (૨૭,૬૯૮ મિલ્યન લિટર)ની છે. ગયા વર્ષે આ તળાવ ૨૫ જુલાઈ, ૨૦૨૪ના મધરાતે ૩.૫૦ વાગે છલકાયું હતું.

## હિન્દુ મરણ

**અનાવિલ**

ભદેલીકર ગામ હાલ બોરીવલી સ્વ. રમેશચંદ્ર ઠાકોરભાઇ દેસાઇના ધર્મપત્ની ગં. સ્વ. ઉર્મીલાબેન રમેશચંદ્ર દેસાઇ (ઉં. વ. ૯૧) તા. ૧૬-૮-૨૫ના વશીપર (વલસાડ) મુકામે અવસાન પામેલ છે. તે રાજેશભાઇ અને તેજસભાઇના માતા. કીર્તીદાબેન અને સ્મિતાબેનના સાસુ. સ્વ. રિદ્ધેશ અને ચિ. ઊર્જાના દાદી. લૌકિક રિવાજ બંધ છે.

**ઘોઘારી લોહાણા**

સાવરકુંડલા નિવાસી હાલ કાંદિવલી ગં. સ્વ. ઉર્મિલાબેન (મીનાબેન) કાનાણી (ઉં. વ. ૭૦) તે સ્વ. અનિલ જમનાદાસ કાનાણીના પત્ની. તે હેતલ હિરેન ઠક્કર અને પૂજાના માતા. તે લીલાવતી રણજીતકુમાર ભીમજીયાણીના પુત્રી. ગં. સ્વ. જસવંતીબેન હરગોવિંદદાસ, પ્રેમિલાબેન વિનોદરાય, ગં. સ્વ. સરોજબેન પ્રવીણચંદ્રના દેરાણી, સ્વ. તારાબેન અંજનકુમાર કોટકના ભાભી. ગં. સ્વ. મધુરી સુધીરકુમાર ભીમજીયાણીના નણંદ. તા. ૧૭-૮-૨૫ના રવિવારે શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કચ્છી લોહાણા**

મુળગામ અંજાર હાલ મીરા રોડ ગં. સ્વ. પુષ્પાબેન (ઉં. વ. ૮૪) તે સ્વ. પ્રવીણચંદ્ર ગોરધનદાસ ઠક્કરના પત્ની. તે સ્વ. લક્ષ્મીબેન જાદવજી અનમના દીકરી. તે યોગેશભાઇ, પૂર્ણિમાબેન શૈલેષભાઇ ઠક્કર, સ્વ. તૃપ્તીબેન અશ્વીનભાઇ ઠક્કર, ભાવનાબેન સંજયભાઇ ધ્રુવના માતુશ્રી. પાર્થના દાદી. રીતુ પાર્થના દાદીસાસુ, ફોરમ, દર્શન, પૂજા, તનવી, નિધીના નાની તા. ૧૭-૮-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિ વ્યવહાર બંધ છે,

**પાટણ દશા દિશાવાળ વણિક**

ગોવિંદલાલ ગાંધી (ઉં. વ. ૮૫) તા. ૧૭-૮-૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. સુભદ્રાબેન મોહનલાલ ગાંધીના પુત્ર. હેમેન્દ્રીકાબેનના પતિ. પારીદા, કવિતા, બિનીતા, ઋચિતાના પિતા. સંજય, કંદિલ, કૌશલના સસરા. સ્વ. ધીરજલાલ ગાંધી, સ્વ. જયોત્સનાબહેન પરીખના ભાઇ. સ્વ. પુષ્પાબેન ભોગીલાલ પરીખના જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

શિહોર નિવાસી હાલ કાંદિવલી, ગં. સ્વ. ઇન્દુમતી ગમનલાલ મુની (ઉં. વ. ૭૯) તે દિપ્તી, સ્વ. કપિલ તથા હિતેશના માતુશ્રી. હિતેશ ગાંધી, રક્ષા તથા અપર્ણાના સાસુ. સ્વ. પ્રતાપભાઈ, સ્વ. તારાબેન, સ્વ. પદમાબેનના નાનાભાઈના પત્ની, સ્વ, મહેન્દ્રભાઈના ભાભી, જાફરાબાદવાળા સ્વ. ગંગાદાસ રૂગનાથ ગોરડિયાના દીકરી. શનિવાર તા. ૧૬-૮-૨૫ના શ્રીજીશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ૧૯-૮-૨૫ મંગળવાર ૪ થી ૬. વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ હોલ, એલ. ટી. રોડ, ડાયમંડ ટોકીઝની સામે, બોરીવલી (વે).

**કચ્છી ભાટિયા**

માંડવી કચ્છ. ગં. સ્વ. સરયુબેન ખીમજી જેશરાની (ઉં. વ. ૮૪) તે સ્વ. ખીમજી કેશવજી જેશરાની - શબિકાવાલાના પત્ની, કેતનકુમાર, અ.સૌ નિમિષા, મનીષ, સ્વ. અ.સૌ દિલપા અને જયેશના માતા. સ્વ. વસંતબેન અને જેઠાલાલ આશાર (આફ્રિકાવાળા) ના પુત્રી ૧૭/૦૮/૨૫ના પુણે અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

મહુવાવાળા હાલ મેંગલોર, ચંદ્રભાગા સુશીલકુમાર ગોરડિયા (ઉં. વ. ૯૩) તે જયેશ, કિર્તીદા, પ્રજ્ઞાના માતુશ્રી. વૃંદા, રાજેશ ભુતા, મયંક પારેખના સાસુ. સ્વ કાંતિભાઈ, પ્રમોદભાઈ, સ્વ દિલીપભાઈ, મહેશભાઈ, મૃદુલા શેઠ, નલીની વોરાના ભાભી. માધવદાસ ત્ર્યંબક શેઠના દીકરી. વિધિ-તરીશ, નીલ, ધ્રુવી- નિલેશ, ધ્વનિ -સાકાર, અલિશા-જતીનના બા. તા. ૧૪/૮/૨૫ના ગુરુવારે શ્રીજીચરણ પામ્યા છે. સર્વે લૌકિક પ્રથા બંધ છે.

**લોહાણા**

મુળ ગામ ભીંડોરા હાલ કોપર ડોમ્બિવલી વેસ્ટ, સ્વ. હસમુખલાલ રતનશી લાખાણી (ઉં. વ. ૯૧.) સોમવાર ૧૮/૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે ઈન્દુમતીબેનના પતિ. મુકેશભાઈ, સ્વ. નીનાબેન સુરેશભાઈ તન્ના, ગ. સ્વ. પ્રતિભાબેન સુરેશભાઈ ખેતાણી, મીનાબેન અશોકભાઈ તન્ના, છાયાબેન કૌશિકભાઈ ઠક્કર, કપિલાબેન નરેન્દ્રભાઇરાંચના પિતાશ્રી. અ.સૌ.ગીતાબેનના સસરા. રિતેશ, મેહુલ, પ્રતીક્ષા મિતુલ ઠક્કરના દાદા. દિવાળીબેન મુળજીભાઈ ઠકરારના જમાઈ. તેમની બન્ને પક્ષની પ્રાર્થનાસભા મંગળવાર ૧૯/૮/૨૫ના ૪ થી ૬. ભાનુશાલી સભાગૃહ, શ્રી હનુમાન કો. ઓ.હા.સોસાયટી, શામજી કૃષ્ણવર્મા ભાનુશાલી માર્ગ, નંદિવલી રૉડ, ડોમ્બિવલી પૂર્વ.

**મૌક્તિક બ્રાહ્મણ**

અમર વિશ્વકાંત ભટ્ટ (ઉં. વ. ૮૪) મુંબઈ ખાતે તા. ૧૫-૮-૨૫નાં દેવલોક પામેલ છે. સ્વ. પલ્લવીનાં પતિ. જેની, મીની, દર્શનનાં પિતા. પ્રાર્થનાસભા ગુરૂવાર તા. ૨૧-૮-૨૦૨૫નાં ૫-૭. નેહરુ સેન્ટર, વરલી, મુંબઈ ૪૦૦૦૧૮.

**કપોળ**

સાવરકુંડલાવાળા હાલ વસઈ, અ.નિ ગુણવંતરાય માધવજી મહેતાના ધર્મપત્ની ગં. સ્વ. જશુમતીબેન (ઉં. વ. ૮૪) તા. ૧૬/૦૮/૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે યોગેશ, ભાવેશ, ધર્મેશના માતા, તરૂણી, ભાવના, હેમાના સાસુ. પરસોત્તમદાસ, કાંતિલાલ ગિરજાબેનના ભાઈના પત્ની, કાંતાબેન પ્રભુદાસ મહેતાના દીકરી. ચાર્મી, અમી, ભૌમિક, નીધી, હર્ષ, મીતના દાદી. લૌકિક રિવાજ બંધ છે.


**વીસા સોરઠિયા વણિક**

લોએજવાળા હાલ વિલે પાર્લે, સ્વ. વિઠ્ઠલદાસ નાથાલાલ શાહ (ઉં. વ. ૮૮) રવિવાર તા. ૧૭ ઓગસ્ટ ૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે શ્રીમતી જ્યોત્સ્નાબેનના પતિ, જયેશ, કવિતા ખિમાણી અને રિતેશના પિતા. ડેલી, સ્વ. નેપોલિયન ખિમાણી અને કાજલના સસરા. આદિત્ય અને શુભના દાદા. હર્ષ ખિમાણીના નાના. સ્વ. કપૂરચંદ શાહ, સ્વ. હરકિશન શાહ, અનિલ શાહ, ભરત શાહ તથા સુરેશ શાહના ભાઈ. લૌકિક પ્રથા બંધ છે.

**મરણ ખબર માટેની સૂચના** | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક




# દેશના IIP પહેલાં My IIP (My Insurance or Investment Plan)ની કાળજી લેવી...




ગૌરવ મશરૂવાળા
feedback@bombaysamachar.com

ઘણા રોકાણકારો ભારત સરકારે જાહેર કરેલા ઔદ્યોગિક ઉત્પાદનના સૂચકાંક (ઇન્ડેક્સ ઑફ ઇન્ડસ્ટ્રિયલ પ્રોડક્શન - IIP)ના આધારે ઇક્વિટી માર્કેટમાં નાણાં રોકવાનો નિર્ણય લેતા હોય છે. દેશનાં કેટલાંક ઉત્પાદન ક્ષેત્રોની કામગીરી કેવી રહી તેનો અંદાજ આપતું આ પરિમાણ છે. ઇક્વિટી માર્કેટની હિલચાલ પર IIPની સીધી અસર થાય છે.

જો કે, ઘણીવાર રોકાણકારોની પોતાની IIP(Insurance or Investment Plan)માં ગોટાળા હોય છે. કાં તો એમણે પોતાના માટે વીમાનું કવચ લીધું હોતું નથી અથવા તો જીવન વીમાની પોલિસીમાં રોકાણનું ઘટક પણ હોય એવી (યુનિટ લિંક્ડ ઇન્સ્યોરન્સ પ્લાન - ULIP) ન લીધી હોય.

અત્યાર સુધી આપણે જોતા આવ્યા છીએ કે ભારતમાં લોકો કર બચાવવાની દૃષ્ટિએ અથવા તો ઇન્સ્યોરન્સ એજન્ટ હોય એવા કોઈ મિત્ર, સંબંધી કે સહયોગીને પ્રીમિયમનો અથવા પોલિસીની સંખ્યાનો લક્ષ્યાંક પૂરો કરવામાં મદદરૂપ થવા માટે જીવન વીમાની પોલિસી કઢાવતા હોય છે. અમદાવાદના મારા એક મિત્ર મજાકમાં કહેતા હોય છે કે 'મોટાભાગના ભારતીયો ફેબ્રુઆરી કે માર્ચ મહિનામાં જ મૃત્યુ પામે છે!' તેનું કારણ એ છે કે લોકો કર બચાવવા માટે ફેબ્રુઆરી કે માર્ચ મહિનામાં જ જીવન વીમાની પોલિસી લેતા હોય છે!

રોકાણનું ઘટક સમાયેલું હોય એવી જીવન વીમાની પોલિસીઓ ખરીદવાનું ખરેખર વિચિત્ર કહેવાય. વ્યક્તિ મૃત્યુ ન પામે એવા સંજોગોમાં વીમાની રકમ આપે એવી પોલિસી લેવાનો શું અર્થ? જો વ્યક્તિને નિશ્ચિતપણે એમ લાગતું હોય કે પોતાનું મૃત્યુ થવાનું નથી, તો પછી તેમણે જીવન વીમાની પોલિસીનું કવચ લેવું જ શું કામ જોઈએ? એમણે વીમો કઢાવવાને બદલે માત્ર રોકાણની પ્રોડક્ટ પસંદ કરવી જોઈએ.

રોકાણના જગતનો એક પાયાનો સિદ્ધાંત કહે છે કે બે નાણાકીય પ્રોડક્ટની ક્યારેય ભેળસેળ કરવી જોઈએ નહીં. જો કોઈક કારણસર એક પ્રોડક્ટની કામગીરી બરોબર ન હોય અથવા તો તેનું કોઈ કામ જ ન રહે તો પણ તેને ટકાવીને રાખવી પડે છે.

આ વાતનું ઉદાહરણ બેંગલોરના વેંકટેશના કિસ્સા પરથી લઈએ. એમણે હોમ લોન લેતી વખતે જીવન વીમો પણ કઢાવ્યો હતો, જેથી એમને કંઈ થઈ જાય તો પત્ની સ્મિતા બાકીની હોમ લોન ચૂકવી શકે. વેંકટેશે યોગ્ય નાણાકીય આયોજન દ્વારા હોમ લોન મૂળ મુદત કરતાં પાંચ વર્ષ વહેલી જ ચૂકવી દીધી. આમ છતાં, એમણે વીમાનું પ્રીમિયમ ભરતાં રહેવું પડ્યું. જો એ પોલિસી સરેન્ડર કરી દે તો તેમને મોટું નાણાકીય નુકસાન થાય ...

હર્ષ ઝા સાથે પણ કંઈક આવું જ બન્યું હતું. લગ્ન પછી તરત જ જીવન વીમાની પોલિસી લીધી, જેમાં રોકાણનું ઘટક પણ સામેલ હતું. હર્ષ અને પત્ની સ્વાતિએ બન્નેએ ઘણી મહેનત કરીને સારી એવી સંપત્તિ એકઠી કરી હતી. અમુક પ્રમાણમાં સંપત્તિ ભેગી થયા પછી જીવન વીમાના કવચની જરૂર રહેતી નથી, કારણ કે કમાનારના મૃત્યુ પછી પણ ઘર ચલાવવામાં કોઈ તકલીફ પડે નહીં એટલી સંપત્તિ જમા થયેલી હોય છે. આમ સંપત્તિ ભેગી થયા પછી જીવન વીમાનો કોઈ અર્થ રહેતો નથી.

આ બન્ને કિસ્સામાં જો જીવન વીમાનું કવચ અને રોકાણનો પ્લાન બન્ને અલગ અલગ હોત તો એ પોતપોતાની રીતે નાણાકીય સંચાલન કરી શક્યાં હોત.

જશ અને બીજલનો કિસ્સો પણ જાણવા જેવો છે. એમણે યુનિટ લિંક્ડ ઇન્સ્યોરન્સ પ્લાન (ULIP) લીધો હતો. આ પ્રકારના પ્લાનમાં વીમાની સાથે રોકાણનું ઘટક પણ હોય છે. એમણે પોલિસી લીધી ત્યારે કહેવામાં આવ્યું હતું કે લાંબા ગાળે ULIPમાં મોટું વળતર મળે છે. જો કે, એમના કિસ્સામાં એમના ULIPની કામગીરી બજારનાં અન્ય ULIPની તુલનાએ ઘણી નબળી હતી. આમ છતાં, તેની સાથે વીમાનું કવચ જોડાયેલું હતું તેથી આ યુગલ એ પ્લાનમાંથી બહાર નીકળી શક્યું નહીં.

આથી જ કહેવાનું કે વીમો અને રોકાણ એ બન્ને માટે અલગ અલગ પ્રોડક્ટ ખરીદવી, બન્ને ભેગાં હોય એવી પ્રોડક્ટ લેવી નહીં.

ટૂંકમાં, દેશના IIPની ચિંતા કરતાં પહેલાં ખુદના IIP(My Insurance or Investment Plan)ની કાળજી લેવી. ■

# વસિયતનામું ક્યારે કાયદેસર ગણાય?

ફાઈનાન્સના ફંડા
મિતાલી મહેતા

વસિયતનામું (વિલ) બનાવવાને લગતી પ્રાથમિક માહિતીની આપણે ગયા અઠવાડિયે વાત કરી. આજે આપણે એ વાતને આગળ વધારીએ...

વસિયતનામું ક્યારે વૈધ-લીગલ કાયદેસર ગણાય?

એ સવાલ ઘણો મહત્ત્વનો છે.

વસિયતનામું વૈધ ગણાવા માટે અહીં દર્શાવેલી કેટલીક શરતોનું પાલન થવું જરૂરી છે, જેમકે ...

**ટેસ્ટેટરની ઉંમરઃ**

ઇન્ડિયન સક્સેશન ઍક્ટ મુજબ સગીર વયની વ્યક્તિ ન હોય એવી કોઈ પણ વ્યક્તિ પોતાની મરજી મુજબ વસિયતનામું બનાવીને મિલકતની વહેંચણી કરવાનું કહી શકે છે.

**ટેસ્ટામેન્ટરી કેપેસિટીઃ**

આનો અર્થ એવો થયો કે ટેસ્ટેટર સ્થિર મગજનો હોવો જોઈએ. વસિયતનામું બનાવવાની અને તેની શું અસર થાય છે એના વિશેની સંપૂર્ણ સમજ એમનામાં હોવી જોઈએ. કોઈ પણ નશામાં હોય અથવા તો પોતાના કૃત્યના પરિણામને સમજી ન શકે એવી કોઈ બીમારી ધરાવતી હોય એવી કોઈ પણ વ્યક્તિ વસિયતનામું બનાવી શકતી નથી એવું ઇન્ડિયન સક્સેશન ઍક્ટમાં કહેવામાં આવ્યું છે. વચ્ચે જ્યારે પણ માનસિક સ્થિરતા આવે ત્યારે આવી વ્યક્તિ પણ સામાન્ય સંજોગોમાં વસિયતનામું બનાવી શકે છે એ વાત ખાસ નોંધવી રહી.

**૩) આશયઃ**

વસિયતનામું બનાવનાર વ્યક્તિ પોતાની ઈચ્છાનુસાર એ દસ્તાવેજ બનાવી રહી હોય એ જરૂરી છે. પોતાના મૃત્યુની સ્થિતિમાં પોતાની મિલકતની વહેંચણી અમુક રીતે થવી જોઈએ એવો એમનો આશય આવશ્યક છે.

**સ્વૈચ્છિકઃ**

વસિયતનામું હંમેશાં સ્વેચ્છાએ બનાવવામાં આવવું જોઈએ. કોઈના દબાણ કે ધાકધમકી હેઠળ બનાવવામાં આવેલું વસિયતનામું વૈધ ગણાતું નથી.

**મિલકતની યોગ્ય વહેંચણીઃ**

બેનિફિશિયરી એટલે કે લાભાર્થીઓને યોગ્ય રીતે મિલકતની વહેંચણી કરવામાં આવે એ અત્યંત જરૂરી છે.

**સહી- તારીખ - સાક્ષીઃ**

વસિયતનામા પર ટેસ્ટેટરની સહી હોય, જે દિવસે દસ્તાવેજ બનાવાયો હોય એની તારીખ હોય અને એના પર સાક્ષીઓની સહી હોય એ અત્યંત જરૂરી છે. વળી, વસિતનામાના દરેક પાના પર અનુક્રમાંક લખેલો હોવો જોઈએ.

હવે વસિયતનામું કઈ સ્થિતિમાં બનાવવાનું હિતકારક છે એ જાણીએ...




વસિયતનામું બનાવવાનું એમ તો દરેક માટે સલાહભર્યું હોય છે. આમ છતાં મોટાભાગના લોકો એ બનાવવામાં વિલંબ કરતા હોય છે. અમુક સંજોગો એવા હોય છે, જેમાં વસિયતનામું બનાવવાનું ઘણું વધારે જરૂરી બની જાય છે. પરિવારનો વિસ્તાર થાય ત્યારે, છૂટાછેડા કે પુનઃ લગ્ન થવાનાં હોય ત્યારે, મોટો ધનલાભ થાય ત્યારે, ગંભીર બીમારી આવે ત્યારે અને વારસામાં મોટી સંપત્તિ મળવાની હોય ત્યારે વસિયતનામું બનાવવું હિતકારક છે.

આ ઉપરાંત, અગાઉ કહ્યું હતું એમ દરેક વ્યક્તિએ પોતાનું વસિયતનામું લગ્ન પછી તરત, પહેલી પ્રોપર્ટી ખરીદવામાં આવે ત્યારે અથવા તો પ્રથમ સંતાનના જન્મ વખતે બનાવવું જોઈએ.

**વસિયતનામાની કેટલીક આવશ્યક કલમ :**

વસિયતનામું એક એવો દસ્તાવેજ છે, જેમાંનું લખાણ જેટલું વધારે સરળ અને સ્પષ્ટ શબ્દોમાં લખેલું હોય એટલું વધારે સારું. વૈધ વસિયતનામામાં કઈ કલમો હોય એના વિશે વાત કરીએઃ

**ટેસ્ટેટરની વિગત :**

ટેસ્ટેટર એટલે કે પોતાનું વસિયતનામું બનાવનાર વ્યક્તિ. એમનું નામ- ઉંમર- સરનામું તથા એમની ઓળખને સ્પષ્ટપણે સ્થાપિત કરી શકે એવી વિગતો વસિયતનામામાં લખાયેલી હોવી જોઈએ.

**વસિયતનામાની જાહેરાતઃ**

ટેસ્ટેટરના મગજની સ્થિતિ સાબૂત છે અને તેઓ કોઈ પણ દબાણ વગર વસિયતનામું બનાવી રહ્યા છે એવું ડિક્લેરેશન કરવામાં આવવું જોઈએ. અગાઉનાં બધાં વસિયતનામાં રદ કરાયાં છે અને વર્તમાન વસિયતનામું જ અમલમાં લાવવાનું રહેશે એવું જાહેર કરવાનું પણ જરૂરી છે. અગાઉ વસિયતનામાની સાથે કોઈ કોડિસિલ એટલે કે ઉમેરણી કરવામાં આવી હોય તો એ પણ રદ કરવાનું જાહેર કરી દેવાવું જોઈએ.

**એક્ઝિક્યુટરની નિમણૂકઃ**

ટેસ્ટેટરે જેમને એક્ઝિક્યુટર બનાવવાનું નક્કી કર્યું હોય એમની નિમણૂક થવી જરૂરી છે. આથી સંબંધિત વસિયતનામામાં એક્ઝિક્યુટરનું નામ, ઉંમર, સરનામું તથા ટેસ્ટેટર સાથેનો એમનો સંબંધ એ બધાની નોંધ થવી જરૂરી છે.

**મિલકતની અને વહેંચણીની વિગત :**

ટેસ્ટેટર પાસે કેટલી અને કઈ કઈ મિલકત-ઍસેટ્સ છે એની નોંધ કરવાની સાથે સાથે પોતે દરેક મિલકતની વહેંચણી કઈ રીતે કરવા માગે છે એના વિશે સ્પષ્ટ નોંધ કરવામાં આવવી જોઈએ... લાભાર્થીઓમાંથી કોને કઈ મિલકતમાં કેટલા ટકા ભાગ મળશે એની સ્પષ્ટ નોંધ કરવામાં આવવી જોઈએ.

**દેણી નીકળતી રકમ સંબંધી સૂચનાઃ**

ક્યારેક એવું પણ બને કે ટેસ્ટેટર પોતાની અંતિમક્રિયા ઉપરાંત ધાર્મિક વિધિનો ખર્ચ પોતાની સંપત્તિમાંથી જ કરવા માગતા હોય. આવામાં એ મુજબની નોંધ પણ વસિયતનામામાં કરવામાં આવી હોવી જોઈએ. ઉપરાંત, ટેસ્ટેટરે કોઈને કરજ ચૂકવવાનું હોય તો એની નોંધ પણ એમાં હોવી જરૂરી છે.

**બાકી બચતી ઍસેટઃ**

વસિયતનામામાં લખાઈ ન હોય એવી કોઈ ઍસેટ છેલ્લે બચી જતી હોય તો એવી ઍસેટની વહેંચણી કેવી રીતે કરવી એની કલમ પણ વસિયતનામામાં લખી શકાય છે. મિલકતને લગતા વાદવિવાદને ટાળવામાં આ કલમ પણ ઘણી ઉપયોગી સાબિત થાય છે.

**ટેસ્ટિમોનિયમ ક્લોઝઃ**

કોઈ પણ દસ્તાવેજ કોણે અને ક્યારે બનાવ્યો છે એની માહિતી ધરાવતી કલમને 'ટેસ્ટિમોનિયમ ક્લોઝ' કહેવાય છે. તેમાં દસ્તાવેજ (અહીં વસિયતનામું) બનાવનારનું નામ- સહી અને તારીખ મુખ્ય હોય છે.

**એક્ઝિક્યુશન ક્લોઝઃ**

અહીં જેનું નામ લખવામાં આવ્યું છે એ ટેસ્ટેટરે પોતાના છેલ્લા વસિયતનામા તરીકે લખાણ તૈયાર કર્યું છે અને સહી કરી છે એ મુજબનું લખાણ આ ક્લોઝમાં લખાયેલું હોય છે. ■

# રોગ-વિકાર -સિન્ડ્રોમ વચ્ચે તફાવત શું...?

## આવો, એ બધાને ઓળખીએ...

feedback@bombaysamachar.com
આરોગ્ય એક્સપ્રેસ
રાજેશ યાજ્ઞિક

આરોગ્યની વાત આવે ત્યારે આપણે અલગઅલગ સમસ્યાઓની ચર્ચા કરીએ છીએ. તબીબી ભાષામાં કેટલાક શબ્દો વપરાય છે, જેમકે રોગ- વિકાર- સ્થિતિ (કે અવસ્થા અને સિન્ડ્રોમ...) પહેલી નજરે એ બધા એકબીજાના સમાનાર્થી શબ્દો લાગે છે, પરંતુ તે બધા ચોક્કસ સ્વાસ્થ્ય સ્થિતિઓનો ઉલ્લેખ કરે છે. આમાંથી કયું તમારા સ્વાસ્થ્યને અસર કરી રહ્યું છે તે નક્કી કરવાની શરૂઆત હંમેશાં તમારાં લક્ષણોના વિશ્લેષણથી થાય છે. સ્વાભાવિક રીતે લક્ષણો એ પહેલી વસ્તુ છે જે આપણને દેખાય છે અને જે સૂચવે છે કે આપણને કોઈ શારીરિક સમસ્યા હોઈ શકે છે.

**રોગઃ**

સરળ શબ્દોમાં, રોગોના સ્પષ્ટ લક્ષણો અને ઓળખી શકાય તેવું કારણ હોય છે અને સારવાર કરી શકાય છે. ચિહ્નો અને લક્ષણોનો સમૂહ સામાન્ય રીતે તેમને લાક્ષણિક બનાવે છે અને રોગ શરીરના ચોક્કસ અંગ અથવા સિસ્ટમને અસર કરે છે.

ઉદાહરણ તરીકે, ડાયાબિટીસ એ એક એવો રોગ છે જે શરીરની બ્લડ શુગરને નિયંત્રિત કરવાની ક્ષમતાને અસર કરે છે. તેના કેટલાંક સ્પષ્ટ લક્ષણ છે, જેમ કે વધુ પડતી તરસ, વારંવાર પેશાબ અને થાક, અને તેનું નિદાન રક્ત પરીક્ષણો દ્વારા થાય છે જે બ્લડ શુગરના સ્તરમાં વધારો દર્શાવે છે. તબીબી પરિભાષામાં, રોગ એ ઓળખી શકાય તેવાં કારણો, અસરો અને પરિણામો ધરાવતી પેથોફિઝિયોલોજિકલ સ્થિતિ છે.

**ડિસઓર્ડરઃ**

ડિસઓર્ડર એટલે શરીર અથવા મનના કાર્યમાં અસામાન્યતા. રોગોથી વિપરીત ડિસઓર્ડરનું હંમેશાં કોઈ ઓળખી શકાય તેવું કારણ હોતું નથી અને તેમાં સ્પષ્ટ લક્ષણોનો સમૂહ સામેલ હોઈ શકતો નથી. કેટલાક કિસ્સાઓમાં, ડિસઓર્ડર કાર્યાત્મક હોય છે એટલે કે તે માળખાકીય નુકસાન અથવા ચેપને સામેલ કર્યા વિના શરીર અથવા મન કેવી રીતે કાર્ય કરે છે તેના પર અસર કરે છે.

ઉદાહરણ તરીકે, એકાગ્રતાની ઊણપ હાયપરએક્ટિવિટી ડિસઓર્ડર (એડીએચડી) એ એક ન્યુરોલોજિકલ સ્થિતિ છે, જે વ્યક્તિની ધ્યાન કેન્દ્રિત કરવાની અને વર્તનને નિયંત્રિત કરવાની ક્ષમતાને અસર કરે છે. તે એક વિકાર છે, કારણ કે તે રોજિંદા કામકાજમાં વિક્ષેપ પેદા કરે છે. આમ છતાં, તેનું કોઈ ઓળખી શકાય તેવું, એકમાત્ર કારણ ન હોઈ શકે જેમ કે ચેપ અથવા ઈજા. વિકારો માનસિક પણ હોય છે, જેમ કે ચિંતા અથવા ડિપ્રેશન જેવા મૂડ ડિસઓર્ડર.

ડિસઓર્ડર અને રોગ વચ્ચેનો મુખ્ય તફાવત એ છે કે ડિસઓર્ડર ઘણીવાર શારીરિક અથવા માનસિક કાર્યોમાં ખામી સાથે સંબંધિત હોય છે, જ્યારે રોગમાં સામાન્ય રીતે આંતરિક શારીરિક કારણ સામેલ હોય છે.

**સિન્ડ્રોમ :**

સિન્ડ્રોમ એ લક્ષણો અથવા ચિહ્નોનો સમૂહ છે, જે વારંવાર એકસાથે જોવા મળે છે, જે ચોક્કસ અવસ્થા કે સ્થિતિનું લક્ષણ છે. રોગો અને વિકારોથી વિપરીત, સિન્ડ્રોમનું કોઈ સ્પષ્ટ કારણ અથવા પેથોફિઝિયોલોજિ ન પણ હોય, પરંતુ તે ચોક્કસ લક્ષણોને કારણે ઓળખાય છે, જે એકસાથે ક્લસ્ટર થવાનું વલણ ધરાવે છે. ઉદાહરણ તરીકે, ડાઉન સિન્ડ્રોમ એ એક આનુવંશિક વિકાર છે જે વધારાના રંગસૂત્ર ૨૧ ને કારણે થાય છે. બૌદ્ધિક વિકલાંગતા, ચોક્કસ શારીરિક લક્ષણો અને વિકાસલક્ષી વિલંબ તેની લાક્ષણિકતા બને છે. આ લક્ષણો ડાઉન સિન્ડ્રોમ ધરાવતા વ્યક્તિઓમાં સામાન્ય છે, પરંતુ સિન્ડ્રોમ પોતે હંમેશાં રંગસૂત્રીય અસામાન્યતા ઉપરાંત કોઈ સીધું કારણ ધરાવતું નથી. સિન્ડ્રોમ ઘણીવાર એવાં લક્ષણો માટે કેચ-ઓલ તરીકે કાર્ય કરે છે જે ચોક્કસ પેટર્નને બંધબેસતા હોય છે, પરંતુ તે જરૂરી નથી કે તે કોઈ ચોક્કસ રોગ અથવા ડિસઓર્ડર સાથે જોડાયેલા હોય.



રોગોમાં સામાન્ય રીતે શરીરના અસરગ્રસ્ત વિસ્તાર સાથે સંબંધિત ચોક્કસ લક્ષણો હોય છે (દાખલા તરીકે : હૃદય રોગ છાતીમાં દુખાવો અથવા શ્વાસ લેવામાં તકલીફનું કારણ બની શકે છે).

બીજી તરફ, વિકૃતિઓ દેખીતાં ચિહ્નો દર્શાવ્યા વિના સિસ્ટમના કાર્યને અસર કરી શકે છે...દાખલ તરીકે એડીએચડી એકાગ્રતાને અસર કરે છે પરંતુ તેમાં શારીરિક ચિહ્નો ન પણ હોઈ શકે. સિન્ડ્રોમ્સ લક્ષણોના સમૂહ દ્વારા વર્ગીકૃત થાય છે જે ઘણીવાર એકસાથે દેખાય છે, પરંતુ જરૂરી નથી કે તે એક જ સ્થિતિ સાથે જોડાયેલા હોય. ક્યારેક કોઈ ડિસઓર્ડર અને રોગ વચ્ચેની રેખા પાતળી હોય છે.

કેટલાક કિસ્સાઓમાં, સમય જતાં કોઈ ડિસઓર્ડર રોગમાં પરિણામી શકે છે. ઉદાહરણ તરીકે, ધારો કે ક્રોનિક હાયપરટેન્શન (હાઈ બ્લડ પ્રેશર) જેવી કોઈ ડિસઓર્ડરની સારવાર ન કરવામાં આવે તેવા કિસ્સામાં, તે હૃદય રોગ અથવા કિડની નિષ્ફળતા તરફ દોરી જાય છે, જે તેને વધુ ગંભીર રોગમાં પરિવર્તિત કરે છે. તેવી જ રીતે, કેટલીક પરિસ્થિતિઓ જે માનસિક અથવા ન્યુરોલોજિકલ કાર્યના વિકારો તરીકે શરૂ થાય છે જો તેની દેખરેખ ન કરવામાં આવે તો તે ક્રોનિક રોગમાં વિકસી શકે છે.

આમ આપણી સ્વાસ્થ્યની સ્થિતિઓને સમજવા અને સ્વીકારવા માટે રોગ- વિકાર અને સિન્ડ્રોમ વચ્ચેના તફાવત ને જાણવું ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. ■

feedback@bombaysamachar.com
ટૂંકુ ને ટચ

# લિવરઃ કઈ રીતે રાખશો સ્વચ્છ?



લિવર આપણા શરીરનું અગત્યનું અંગ છે. જો આપણે એમ માનીએ કે આપણું શરીર એક કિચન છે તો લિવર એનો શેફ છે એમ માનવું. કિચનમાં ગમે એટલા વાસણો હોય, પરંતુ શેફ વગર એ કામ નહીં કરે. ઠીક એ રીતે જ લિવર આપણા શરીરને ડિટોક્સિફિકેશન કરવાનું કામ કરે છે. જોકે જ્યારે લિવર પર વધુ ભાર આવે તો ફેટી લિવર જેવી સ્થિતિ નિર્માણ થાય છે. જે શરીર માટે ગંભીર સમસ્યા બની શકે છે.

**શું છે આ ફેટી લિવર?**

ફેટી લિવર એટલે જ્યારે સામાન્ય કરતાં વધુ ફેટ લિવરમાં જમા થઈ જાય અને એનાથી લિવરની કામ કરવાની ક્ષમતા નબળી પડી જાય છે. ફેટી લિવર બે પ્રકારના હોય છે.

૧. આલ્કોહોલિક ફેટી લિવર ડિઝીઝઃ દારૂના વધુ પડતા સેવનથી

૨. નોન-આલ્કોહોલિક ફેટી લિવર ડિઝીઝઃ મેદસ્વીપણું, અનહેલ્ધી લાઇફસ્ટાઇલ.

**ફેટી લિવરના લક્ષણ**

જલદી થાક લાગવો, પેટમાં સોજો, અચાનકથી વજન વધવો કે ઘટવો, ભૂખ ન લાગવી, એકાગ્રતામાં ઘટાડો, મૂંઝવણ

**બચવાના ઉપાય**

(૧) શરીરના તમામ દોષો વચ્ચે સમતોલન જાળવવુંઃ આયુર્વેદ પ્રમાણે આપણું શરીર ત્રણ દોષ ઉદાહરણ તરીકે વાત,પિત્ત અને કફથી બનેલું છે. એમાંથી કોઈનું પણ સમતોલન બગડ્યું તો લિવરની સમસ્યા થઈ શકે છે. ખાસ કરીને પિત્ત દોષને કાળજી રાખવી જરૂરી છે. કુદરતી વાતાવરણમાં સમય પસાર કરવો અને યોગાસન જેમ કે અધોમુખી શ્વાનાસન, પશ્ચિમોતાનાસન કરવાથી પિત્ત દોષ નિયંત્રણમાં રહે છે. (૨) હેલ્ધી ડાએટઃ લીલાં શાકભાજી જેમ કે મેથી, પાલક, ફુદીનો અને મીઠો લીમડો લિવરને સ્વસ્થ રાખવા માટે કારગર નીવડે છે. બ્રાઉન રાઈસ, ઓટ્સ જેવા અનાજનો આહારમાં સમાવેશ કરવો. જે ધીમે-ધીમે પચે છે અને ફેટને જમા થતાં પણ અટકાવે છે. આદું અને લસણ જેવા એન્ટિ-ઇન્ફલેમેટરી ફૂડ્સ પણ લિવરને કાર્યક્ષમ બનાવે છે. રિફાઇન્ડ તેલને બદલે ઘી કાં તો માખણનો ઉપયોગ કરવો. (૩) પેટની ચરબી ઘટાડવીઃ પેટમાં જમા થયેલી ચરબી લિવર પર દબાણ નિર્માણ કરે છે. એથી કેલેરી નિયંત્રિત કરવા નિયમિત કસરત કરવી જરૂરી છે. એનાથી લિવરને તંદુરસ્ત બનાવી શકાય છે. ■

feedback@bombaysamachar.com

## તંદુરસ્તી-મનદુરસ્તી

ભાણદેવ

# બંધ - મુદ્રા ને શોધન કર્મ...



૧. પ્રસ્તાવઃ

ભગવાન પતંજલિપ્રણિત અષ્ટાંગ યોગ અર્થાત્ રાજયોગનાં આઠ અંગો છે - યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ. સ્પષ્ટ જ છે કે રાજયોગના આ સાધનક્રમમાં બંધ, મુદ્રા અને શોધનકર્મનો ક્યાંય ઉલ્લેખ નથી. આનો અર્થ એમ થયો કે આ ત્રણે સાધનો રાજયોગનાં સાધનો નથી. આમ છતાં રાજયોગના કોઈ સાધક આ સાધનોનો ઉપયોગ કરે તો તેમાં કોઈ હાનિ કે વિસંગતતા નથી, બલકે તેમના દ્વારા સાધન લાભાન્વિત જ થાય છે.

હઠયોગનાં ચાર અંગો છે - આસન, પ્રાણાયામ, મુદ્રા અને સમાધિ. હઠયોગના કેટલાક ગ્રંથોમાં બંધને મુદ્રાની અંતર્ગત ગણવામાં આવે છે. વળી ત્રિબંધ પ્રાણાયામમાં મૂલબંધ, ઉડ્ડિયાનબંધ અને જાલધંર બંધનો વિનિયોગ છે જ. તેથી બંધ અને મુદ્રા હઠયોગના સ્વકૃત અંગ સ્વરૂપે છે, તેમ કહી શકાય.

હઠપ્રદીપિકામાં શોધનકર્મને હઠયોગનું એક સ્વતંત્ર અંગ ગણેલ નથી. આમ છતાં આ ગ્રંથમાં શોધનકર્મોને એક મૂલ્યવાન સહાયક સાધન ગણીને તેમનું વિશદ વર્ણન કરવામાં આવેલ છે. ઘેરંડ સંહિતામાં શોધનકર્મને હઠયોગનું એક અંગ ગણીને તેમનું ઘણું વિશદ વર્ણન કરવામાં આવેલ છે. આમ યોગમાં શોધનકર્મનું યોગાંગ તરીકે કે સહાયક યોગાંગ તરીકે મૂલ્યવાન અને મહત્ત્વપૂર્ણ સ્થાન છે.

હવે આપણે અહીં આ ત્રણે યોગાંગોનાં સ્વરૂપોને સમજવાનો પ્રયત્ન કરીએ.

૨. બંધઃ

બંધ એટલે બાંધવાની ક્રિયા. બંધ હઠયોગનું એક સાધનવિશેષ છે. બંધ એક એવી યૌગિક ક્રિયા છે કે જેમાં શરીરના કોઈ ભાગને દૃઢતાથી સંકોચીને તેને બાંધી દેવામાં આવે છે. બંધમાં શરીરના ભાગને બાંધવાની આ ક્રિયા સ્નાયુઓ દ્વારા બને છે, પરંતુ તેનું પરિણામ જ્ઞાનતંત્ર પર પડે છે. આમ બંધ વસ્તુતઃ સ્નાયુતંત્ર અને જ્ઞાનતંત્રનો બંધ છે તેથી તેને Neuro-Mascular Lock કહેવામાં આવે છે.

બંધનો અભ્યાસ સ્વતંત્ર રીતે પણ કરી શકાય છે. દા.ત. ઉડ્ડિયાન બંધનો સ્વતંત્ર રીતે કરેલો અભ્યાસ પણ ઘણો મૂલ્યવાન અભ્યાસ છે. બંધનો અભ્યાસ પ્રાણાયામના ભાગરૂપે પણ કરવામાં આવે છે. દા. ત. જાલંધર બંધનો કુંભક દરમિયાન વિનિયોગ કરવામાં આવે છે. વળી ત્રિબંધ પ્રાણાયામમાં ઉડ્ડિયાન, મૂલ અને જાલંધર - આ ત્રણે બંધનો વિનિયોગ થાય છે. આ ઉપરાંત મુદ્રાના ભાગરૂપે પણ બંધનો અભ્યાસ થાય છે. દા.ત. મહામુદ્રામાં ઉપરોક્ત ત્રણે બંધનો વિનિયોગ કરવામાં આવે છે.

કેટલાક યૌગિક ગ્રંથોમાં મુદ્રાઓની સાથે જ બંધોને મૂકવામાં આવેલ છે. અર્થાત્ બંધ અને મુદ્રાને એક જ યોગાંગ ગણવામાં આવેલ છે. બંનેનાં સ્વરૂપમાં ઘણું મળતાપણું હોવાથી બંનેને સાથે મૂકવામાં આવે છે, તેમ લાગે છે.

બંધ પ્રમાણમાં કઠિન અને જોખમી ક્રિયા છે. હઠયોગમાં બંધને મુદ્રાની જેમ આગળની ક્રિયા ગણવામાં આવેલ છે.

બંધનો અભ્યાસ ઘણો અસરકારક છે, કારણ કે આ અભ્યાસ પ્રમાણમાં તીવ્ર અભ્યાસ છે. સાથે સાથે તે જોખમી હોવાથી સાધકે તેના અભ્યાસમાં સાવધાન રહેવું જોઈએ. અધિકારી વ્યક્તિ પાસેથી જ બંધનો અભ્યાસ કરવો જોઈએ. બંધના અભ્યાસમાં નાની ભૂલ પણ મોટા દુષ્પરિણામનું કારણ બની શકે છે.

પ્રાણાયામ અને મુદ્રામાં બંધ સહાયક - સાધન તરીકે જોડવામાં આવે ત્યારે તે બંને સાધનોની તીવ્રતા અને અસરકારકતા ઘણી વધી જાય છે. દા.ત. સાદા પ્રાણાયામ કરતાં ત્રિબંધ પ્રાણાયામ ઘણો તીવ્ર અને ઘણો વધુ અસરકારક છે.

નીચેના બંધ હઠયોગમાં વિશેષ પ્રચલિત અને મહત્ત્વનાં છે-

૧. ઉડ્ડિયાન બંધ
૨. જાલંધર બંધ
૩. મૂલબંધ
૪. જિહ્વા બંધ
૫. મહાબંધ
૬. મહાવેધ
૭. કર્ણમુદ્રા
૮. ષણ્મુખીમુદ્રા
૯. શક્તિચાલિનીમુદ્રા
૧૦. પાશિનીમુદ્રા
૧૧. અશ્વિનીમુદ્રા

યોગમુદ્રા, વિપરીતકરણી આદિ થોડી સરળ મુદ્રાઓના અપવાદ સિવાય સામાન્યતઃ મુદ્રાઓનો અભ્યાસ કઠિન, જોખમી અને ગુરુગમ્ય છે. આવી મુદ્રાઓનો અભ્યાસ અધિકારી વ્યક્તિના માર્ગદર્શન હેઠળ જ અને સાવધાનીપૂર્વક જ કરવો જોઈએ.

૪. શોધન કર્મઃ

(૧) શોધન કર્મ એટલે શું?

શોધન કર્મ એટલે શરીરના અંદરના અવયવોને સાફ કરવા માટેની વિશિષ્ટ યૌગિક ક્રિયાઓ.

જેમ આપણે જળ વડે ધોઈને અને કપડા વડે લૂંછીને બહારની સપાટી સાફ કરીએ છીએ તેવી રીતે શરીરની અંદરના અવયવોને સાફ કરવાની પદ્ધતિ યોગમાં વિકસી છે. આ માટે ભિન્ન - ભિન્ન ક્રિયાઓ પ્રયોજવામાં આવે છે. આ ક્રિયાઓને શોધનકર્મ કહેવામાં આવે છે. શરીર અંદરના અવયવોનું શોધન કરવા માટે યોગમાં ચાર સાધનોનો ઉપયોગ કરવામાં આવે છે. (I) પાણી (II) વસ્ત્ર કે દોરી (III) હવા (IV) શરીરચાલન, બસ્તિ, વારિસાર, જલનેતિ વગેરેમાં પાણીનો ઉપયોગ કરવામાં આવે છે. ધૌતિમાં વસ્ત્ર અને સૂત્રનેતિમાં સૂતરની દોરી વપરાય છે. કપાલ ભાતિમાં હવાથી શોધન કરવામાં આવે છે. નૌલિ કે અગ્નિસારમાં કોઈ બાહ્ય સાધનોનો ઉપયોગ થતો નથી, પરંતુ માત્ર શરીરનાં અવયવોનાં ચાલન દ્વારા જ શોધન કરવામાં આવે છે. ત્રાટકમાં માત્ર આંખની સ્થિર સ્થિતિ દ્વારા શોધન કરવામાં આવે છે.

(૨) શોધન કર્મનું મૂલ્યઃ

(I) યોગમાં નાડીશોધનને ખૂબ મૂલ્ય આપવામાં આવે છે. નાડીશોધન સિદ્ધ કર્યા વિના ઊચ્ચ પ્રાણાયામ અને અંતરંગયોગનો અભ્યાસ કરનાર સાધક જોખમ વહોરી લે છે. નાડીશોધન સિદ્ધ કરવા માટે શોધન કર્મનું પ્રદાન મૂલ્યવાન છે. યોગમાં નાડીશોધન (અનુલોમવિલોમ) નામનો એક ખાસ પ્રાણાયામ છે, જેનાથી સાધક નાડીશોધન સિદ્ધ કરે છે. એક પરંપરા નાડીશોધન સિદ્ધ કરવા માટે માત્ર નાડીશોધન પ્રાણાયામને પ્રર્યાપ્ત માને છે, પરંતુ બીજી પરંપરા પ્રમાણે નાડીશોધન માટે આ પ્રાણાયામ ઉપરાંત શોધન કર્મોથી શરીરનું શોધન કરવું આવશ્યક છે.

વસ્તુતઃ શોધન કર્મો દ્વારા શરીરનું શોધન થાય છે તે ઘટશોધન ગણાય છે અને નાડીશોધન પ્રાણાયામ દ્વારા જે શોધન થાય છે તે નાડીશોધન છે. ઘટશોધન પ્રથમ સોપાન છે અને નાડીશોધન પછીનું સોપાન છે. ઘટશોધન સિદ્ધ કર્યા પછી નાડીશોધન સિદ્ધ કરવું સરળ બને છે. આમ ઘટશોધન સિદ્ધ કરીને શોધન કર્મો નાડીશોધન માટે સહાયક બને છે.

હઠયોગપ્રદીપિકામાં સ્વાત્મારામ પ્રાણાયામના પ્રકરણમાં પ્રારંભમાં જ શોધન કર્મોનું વર્ણન કરે છે. તેમ કરીને તેઓ એમ સૂચવે છે કે સાધન શોધન કર્મોના અભ્યાસ દ્વારા શરીરને વાત આદિ દોષોથી મુકત કરે અર્થાત્ ઘટશોધન સિદ્ધ કરે અને પછી જ પ્રાણાયામના અભ્યાસ તરફ આગળ વધે.

(II) જ્યાં સુધી શરીરમાં વાત, પિત્ત અને કફજન્ય દોષ હોય ત્યાં સુધી યોગાભ્યાસ કઠિન અને જોખમી છે. આંતરડાંમાં મળ અને વાયુ ભરેલા હોય તે અવસ્થામાં પ્રાણાયામ અને ધ્યાનનો અભ્યાસ સુકર નથી. આમ હોવાથી ઊચ્ચ યોગાભ્યાસનો પ્રારંભ કરતાં પહેલાં ત્રિદોષજન્ય રોગોનું નિવારણ આવશ્યક છે. આ કાર્ય શોધનકર્મોથી સારી રીતે થઈ શકે છે.

(ક્રમશઃ)■

feedback@bombaysamachar.com

## વિશેષ

રાજકુમાર 'દિનકર'

# ચોમાસામાં આ વસ્તુઓ ખાવાનું ટાળો...



વરસાદની મોસમ આવતાં જ આપણે ખોરાકમાં ઘણા બદલાવ લાવવા પડે છે. સતત વરસાદને કારણે ખાદ્ય પદાર્થ જલદીથી ખરાબ થઈ સડવા મંડે છે. ફળ અને શાકભાજીમાં બેક્ટેરિયા ઝડપથી વધવા માંડે છે. વરસાદની મોસમ પોતાની સાથે ઘણી ગંભીર બીમારીઓને લઈને આવે છે. માટે જ ડોકટરો પણ ખાવામાં ધ્યાન રાખવાની સલાહ આપે છે. વરસાદમાં વિટામિન્સ અને મિનરલથી ભરપૂર શાકભાજી પણ ખરાબ મોસમને કારણ નુકસાનકારક સાબિત થાય છે. ઘણાં એવા શાકભાજી છે જેમાં બેક્ટેરિયા ખૂબ જ ઝડપથી વધે છે અને જો તેમનું સેવન કરીએ તો પાચન અને પેટ સંબંધી બીમારીઓ થાય છે. વિવિધ હેલ્થ એક્સપર્ટને અનુસાર કયા એવા શાકભાજી છે જે જલદી ખરાબ થઈ જાય અને તે ખાવાથી આપણી તબિયત બગડી શકે.

### લીલા શાકભાજી

વરસાદના દિવસોમાં પાલક,મેથી, વિવિધ પ્રકારનાં લીલા શાકભાજી, કોથમીર, ફુદીના, લેટીસ જેવા લીલા શાકભાજીમાં વધુ પડતો ભેજ હોવાને કારણે તેમાં બેક્ટેરિયા થાય છે તેથી પાચન સંબંધી સમસ્યાઓ થઈ શકે છે. આમાંથી ઘણાં શાકભાજીમાં વરસાદમાં કીટાણુઓ થઈ જાય છે. ખેતરોમાં પાણી ભરાવાના કારણે આ શાકભાજી ગંદા થાય છે અને ગમે તેટલા સાફ કરવા છતાં પણ તેમાં બેક્ટેરિયા મોજૂદ જ હોય છે. તેથી જ વરસાદના દિવસોમાં લીલા શાકભાજી ખાવામાં સાવચેતી રાખવી જોઈએ.

### ફણગાવેલા અનાજ

કોઈ પણ કઠોળને ફણગાવવા માટે તેને ૮ થી ૧૦ કલાક પલાળવામાં આવે છે. આ આખી પ્રક્રિયામાં લાંબા સમય સુધી અનાજ પણીના સંપર્કમાં આવવાથી અને હવામાં ભેજ હોવાને કારણે ફણગાવેલા અનાજ જલદીથી સડવા લાગે છે. આમાં ફુગ થવાનું જોખમ વધી જાય છે. જો આને કાચા ખાવામાં આવે તો ઈંફેક્શન થવાના ચાન્સિસ વધી જાય છે અને જો ફણગાવેલા અનાજ ખાવા જ હોય તો થોડા રાંધીને ખાવા.

### મશરુમ

વરસાદની મોસમમાં મશરુમ ખાવાથી સાવચેતી રાખવી જોઈએ. ફણગાવેલા અનાજની જેમ જ મશરુમને ભેજવાળા વાતાવરણમાં ઉગાડવામાં આવે છે. એમાં પહેલાથી જ બેક્ટેરિયા હોય છે. હવામાં ભેજ હોવાને કારણે જલદી ખરાબ થઈ જાય છે અને તેનો કલર પણ બદલાઈ જાય છે. આને ખાવાથી પાચનને લગતી સમસ્યાઓ થઈ શકે છે.

### દરિયાઈ ખાદ્ય માછલી

વરસાદની મોસમમાં માછલી ખાવાથી બચવું જોઈએ કારણકે, આ સમય તેમના પ્રજનનનો હોય છે અને ફૂડ પોઈઝનિંગનું જોખમ હોય છે. વરસાદની મોસમમાં નદીઓના પાણી પ્રદૂષિત હોવાને કારણે માછલીઓના શરીર પર ગંદગી સંચિત થાય છે. આવામાં આ માછલીઓનું સેવમ કરવાથી હેલ્થને પણ નુકસાન થઈ શકે છે.

### દહીં છાશ

વરસાદની મોસમમાં સતત દહીં અને છાશનું સેવન ન કરવું જોઈએ કારણકે, આમાં બેક્ટેરિયા ઝડપથી વધે છે અને આયુર્વેદમાં તો વરસાદમાં દહીં ખાવાની મનાઈ જ છે. આમાં પહેલેથી જ બેકટેરિયા હોય છે. આનાથી અપચો, ગેસ એટલે કે પાચન સંબંધી સમસ્યાઓ થઈ શકે છે.

### સલાડ

આમ તો સલાડ આપણા સ્વાસ્થ્ય માટે ખૂબ જ ફાયદાકારક હોય છે. ડોક્ટર જમતાં પહેલા એક બાઉલ ભરીને સલાડ ખાવાની સલાહ આપે છે જેથી વધારે પેટ સલાડથી ભરાઈ જાય, પરંતુ સલાડમાં વપરાતી કાકડી, ગાજર, મૂળા, બીટ જેવી કાચી વસ્તુઓ, કાપેલા ફળ, શાકભાજી , પાંદડાવાળા સલાડની શાકભાજી આ બધામાં જ

કીટાણુ થવાની સંભાવના હોય છે. વરસાદને કારણે આ અંદરથી ખરાબ થવાથી સડી જાય છે. ભેજના કારણે આમાં પાણી ભરાઈ જાય છે. ભલે બહારથી ખરાબ ન લાગે પરંતુ આને ખાવાથી ઈન્ફેકશનનું જોખમ વધી જાય છે. ■

feedback@bombaysamachar.com

## ફોકસ

રશ્મિ શુક્લ

# આ રીતે ડ્રાયફ્રૂટ્સનો કરો સંગ્રહ...

ડ્રાય ફ્રૂટ્સ અને બીજ-બદામ ઘણાં પોષક તત્ત્વોથી ભરપૂર હોવાને કારણે સ્વાસ્થ્ય માટે વરદાન માનવામાં આવે છે, પરંતુ જો યોગ્ય રીતે સંગ્રહિત ન કરવામાં આવે તો તેનાં પોષક તત્ત્વો ઘટી શકે છે. ચાલો તેને સંગ્રહિત કરવાની સાચી રીત જણાવીએ.

ડ્રાય ફ્રૂટ્સમાં ઘણા વિટામિન અને ખનિજોનો સારો સ્રોત છે, તેથી દૈનિક આહારમાં મર્યાદિત માત્રામાં બદામ, ડેટ્સ, પીસ્તાં, કિસમીસ, કાજુ વગેરે ડ્રાય ફ્રૂટ્સનો સમાવેશ કરવો જોઈએ. જ્યારે ઊર્જા વધારનારા નાસ્તાની વાત આવે છે, ત્યારે બદામ, ડ્રાય ફ્રુટ્સ અને બીજનું મિશ્રણ શ્રેષ્ઠ છે. જોકે જો તેમને યોગ્ય રીતે સંગ્રહિત કરવામાં ન આવે, તો ભેજને કારણે અથવા ખૂબ જ ગરમ તાપમાનમાં રાખવામાં આવતાં તેમના પોષણ મૂલ્યમાં ઘટાડો થઈ શકે છે. ચાલો આપણે શીખીએ કે બદામ, ડ્રાય ફ્રૂટ્સ અને બીજનો સંગ્રહ કેવી રીતે કરવો જેથી તેમની શેલ્ફ લાઇફ લાંબી રહે અને સ્વાદ સાથે પોષક તત્ત્વોનું પ્રમાણ અકબંધ રહે.

ડ્રાય ફ્રૂટ્સ, બદામ અને બીજનો યોગ્ય સંગ્રહ તેમના પોષક મૂલ્યને જાળવી રાખવા માટે જરૂરી છે. જો તે ભીનું થઈ જાય, તો શેલ્ફ લાઇફ ઓછી થઈ જાય છે અને વિચિત્ર ગંધ સાથે ફૂગ થવાની શક્યતા રહે છે. જ્યારે વધુ પડતી ગરમી બદામ અને બીજમાં તેલ ઘટાડે છે, જેના કારણે પોષણ મૂલ્યમાં તફાવત આવી શકે છે.



### લાંબા સમય સુધી કેવી રીતે સંગ્રહ કરવો?

ફ્રીઝિંગ તમારા સૂકાં ફળોને લાંબા સમય સુધી અથવા ઘણા મહિનાઓ સુધી તાજા રાખી શકે છે, પરંતુ તેમાં બિલકુલ ભેજ હોવો જોઈએ નહીં. તેથી તમારે હંમેશાં ફ્રીઝર સેફ બેગ અથવા કન્ટેનરનો ઉપયોગ કરવો જોઈએ. આ બીજ અને બદામનો ક્રંચ પણ અકબંધ રાખે છે. આ પદ્ધતિ તેમના માટે શ્રેષ્ઠ છે.

### ડ્રાયફ્રૂટ્સને આવી જગ્યાએ રાખો

જો તમે થોડા સમય માટે ડ્રાય ફ્રૂટ્સનો સંગ્રહ કરવા માગતા હો, તો તમે તેને સામાન્ય રીતે ઠંડી જગ્યાએ સંગ્રહિત કરી શકો છો, પરંતુ આ સ્થાન સંપૂર્ણપણે ભેજ પ્રતિરોધક હોવું જોઈએ. તેને પ્રકાશ અને ગરમીથી દૂર રાખો અને કન્ટેનર એવું હોવું જોઈએ કે તેમાં કોઈપણ પ્રકારનો ભેજ પહોંચવાની શક્યતા ન રહે.

### ભેજને રોકવા માટે આ કરો છો?

ભેજને શોષી ન લેવા માટે તમે ફૂડ ગ્રેડ સિલિકા જેલના પેકેટનો ઉપયોગ કરી શકો છો. તમે આ પેકેટોને બરણીની અંદર મૂકી શકો છો, આ સિવાય તમે કાચા ચોખાને થોડી લવિંગ સાથે ભેળવીને એક પોટલીમાં બાંધીને બરણીમાં રાખી શકો છો.

### શેકીને સ્ટોર કરો

તમે બદામ અને બીજ શેકીને સંગ્રહિત કરી શકો છો. આનાથી માત્ર ક્રંચ અને સ્વાદ વધશે જ નહીં, પણ થોડી ભેજ પણ સૂકાઈ જશે અને શેલ્ફ લાઇફ પણ વધશે. શેકવા માટે કોઈપણ પ્રકારના તેલનો ઉપયોગ કરશો નહીં.

### શરીરને ઘણા ફાયદા છે

હૃદયને સ્વસ્થ રાખવાથી લઈને ત્વચાને યુવાન ચમકતી રાખવા, યોગ્ય રક્ત ઉત્પાદન જાળવવા સુધી, આહારમાં ડ્રાય ફ્રૂટ્સ, બદામ અને બીજનો સમાવેશ કરવો સારું છે, કારણ કે તે આપણા શરીરમાં ઘણા સૂક્ષ્મ પોષકતત્ત્વોની ઊણપને પૂર્ણ કરે છે. ■

feedback@bombaysamachar.com

## મોજની ખોજ

સુભાષ ઠાકર

# અલ્યા ભાઈ, કૃષ્ણની ઉંમર વધશે કે દર વર્ષે જન્મ જ લેશે?




'ગોવિંદા આલા રે આલા જરા મટકી સંભાલ બ્રીજબાલા'

આ ગીત કાને અથડાયું ને હું જોરદાર ચમક્યોઃ

'અલી ડાર્લિંગ' મેં તમારા સુરુભાભીને કીધુંઃ

'હજી તો સાડા નવ જ થયા છે ને કૃષ્ણજન્મ? બીફોર અઢી અવર? પ્રીમેચ્યોર ડિલિવરી? મા દેવકીને મા બનવાની આટલી ઉતાવળ?...'

'અરે ચુઉઉપ..આ તમારી બાજુમાં પડેલા મારા મોબાઈલનો રિંગટોન વાગે છે. ધ્યાનથી સાંભળો..'

'અરે બાપરે..પણ ગઈકાલ સુધી તો તારો રિંગટોન ઓમ નમઃ શિવાય' હતો ને આજે...'

'હતો મારા બાપ હતો..મેં ના પાડી? પણ જન્માષ્ટમી હોવાથી આજ સવારથી શંકરને રજા આપી ગોવિંદાને પ્રવેશ આપ્યો. સિઝન પ્રમાણે જો આપણે ભગવાન કે મંદિર બદલીએ તો રિંગટોન જ નઈ આખો મોબાઈલ બદલાય. હવે ફોન ઉઠાવો ને જુઓ કોણ છે?'

'હલ્લો અંકલ, હું ચંબુ હું બાર વાગે કૃષ્ણજન્મ પછી પ્રસાદ લઇ આવું છું...

'પણ અલ્યા ચંબુડા, આ કૃષ્ણની ઉંમર વધશે કે દર વર્ષે જનમ જ લેશે?'

'તમે અંકલ, કોર્સ બહારના સવાલ ન કરો...ઓકે? 'એટલું બોલી ચંબુએ મોબાઈલ કટ કર્યો.

રાત્રે સવાબાર વાગે ડોરબેલ રણકી દરવાજો ખોલ્યો તો ઉદાસ અને ઘાયલ ચહેરા વાળો ચંબુ...

'શું થયું બકા, કેમ આમ દમના દર્દીની જેમ હાંફે છે?

કોઈને સ્મશાને મૂકી આવ્યો હોય એવું મોઢું થઇ ગયું છે? કૃષ્ણજન્મ ન થયો? આ મારામારી..'

'ન જવાય ઠાકર અંકલ ન જવાય, કોઈ કરોડ રૂપિયા આપે તો પણ કોઈને સ્મશાનમાં મુકવા જવું સારું ,પણ કૃષ્ણજન્મ વખતે કોઈ મંદિરમાં ન જવાય' ચંબુ હૈયાવરાળ કાઢવા લાગ્યોઃ 'કૃષ્ણને જન્મવું હોય તો જનમે નઈતર રહે એના ગોકુળ, મથુરા, દ્વારકા, વૃંદાવન કે વૈકુંઠ જ્યાં ઈચ્છા થાય ત્યાં..'

'શાંત બકા, બિલકુલ શાંત...યુ નો સ્મશાનમાં ચિતા ભલે મરેલાને બાળે,પણ ક્રોધ જીવતાનો જીવ બાળે ને ગુસ્સામાં જો શ્વાસ બંધ થઇ જાય આપણે રહીએ નીચે ને જીવ જાય ઉપર..માંડીને વાત તો કર.'

'અરે અંકલ, હવે માંડવા જેવું કશું રહ્યું નથી...અરે મંદિરમાં સાડા નવ વાગે પણ લોકલ ટ્રેન જેવી જબરી ભીડ. ભકતોથી મંદિર ઉભરાઈ ગયું ને હું અંદર ભરાઈ પડ્યો. અરે અંકલ, આવી ભયંકર ભીડમાં આપણે ચગદાઈને ફીડલું વળી જઈએ

તો કૃષ્ણજન્મ વખતે આપણું જ 'જયશ્રીકૃષ્ણ' થઇ જાય... વૈકુંઠ નાનું ને ભગત ઝાઝા..ચારે બાજુની ભીડથી મારી દશા સેન્ડવીચ વચ્ચેના ટામેટા-બટેટા જેવી થઇ ગઈ. સાડા નવ વાગ્યાથી લાઈનમાં ઊભા ટાંટીયાની કઢી નઈ પણ આખી બોડીની કઢી- ખીચડી-છાસ બધુ થઈ જાય એવી કઠોર તપશ્ચર્યા કરી... ..ઘડિયાળના કાંટા આગળ વધી રહ્યા હતા, પણ લાઈન તો એક ડગલું પણ આગળ વધતી નહોતી. ઘડિયાળમાં કાંટાને કેદ કરી શકાય, પણ સમયને નહિ.... રાતના સવા અગિયારે તો હું પરસેવે રેબઝેબ....પોણા બાર..મને થયું પંદર મિનિટમાં તો કૃષ્ણ પણ જન્મીને છુટા- દેવકી પણ છૂટી ને હું પણ દર્શન કરીને છૂટો...૧૧.૫૫ થઇ...માત્ર પાંચ મિનિટમાં તો દેવકી જેલમાં... સોરી, મંદિરમાં પ્રસૂતિની વેદનાની ચીસ પાડશે.. બટ યુ નો અંકલ, આ મીઠી વેદનાને વેદ બનાવવાની શક્તિ દરેક સ્ત્રીમાં મૂકી છે..પણ મૂળ મૂંઝવણ એ હતી કે કંસને ખબર પડશે ને બાળ કૃષ્ણને મારી નાખશે તો? કંસથી બચવા એલર્ટ રહેવાનું હતું ને વાસુદેવને દીકરાને જેલમાંથી છોડાવી યમુનામાંથી લઇ જવા પેલો ટોપલો નઈ મળે તો?આપણા કાનજી માટે કાન જેવા કેટલાય પ્રશ્નાર્થ ચિન્હો મારા ચહેરા પર છવાઈ ગયા. એટલામાં ઘડિયાળ જોઈ ૧૧.૫૯ થઈ....પણ આ શું? દેવકીની ચીસ કે કૃષ્ણનું ઉઆ..ઉઆ ને બદલે પૂજારીની બૂમ સંભળાઈ..'

'સાંભળો સાંભળો સાંભળો...મેં આઈ હેવ યોર કાઈન્ડ એટેન્શન પ્લીઝ ...બધા કૃષ્ણભક્તો ધ્યાનથી સાંભળો જે કૃષ્ણ ભક્તોએ ૧૦૦૧ થી ૫૦૦૧ સુધીનું દાન કર્યું છે એ લોકો રસીદ બતાવી સોફા ઉપર ગોઠવાઈ જાય ને એમને પ્રસાદમાં મોહનથાળ, બુંદીના ત્રણ લાડુ ને બે વાટકી મીસરી મળશે.. જે ભક્તોએ ૫૦૧ થી ૧૦૦૧ સુધી નોંધાવ્યા હોય એ અહીં ખુરશી પર બેસે એમને પ્રસાદમાં માત્ર બુંદીનો લાડુ ને બે ચમચી મીસરી..૧૦૧ થી ૫૦૧ વાળા સુધીના માટે ચાદર પાથરી છે એમને એક ચમચી મીસરી-પંચાજીરી..૧૦૧થી નીચે વાળા માત્ર પાછળ ઊભા રહી કૃષ્ણ મુખદર્શન કરી શકશે..૧૦૧થી નીચેવાળા માટે સોરી, માત્ર મુખ દર્શન...

મૂળ વાત એ કે દરેકે પોતાનું પાનકાર્ડ તૈયાર રાખવું ને ભલે આપણને કૃષ્ણનો આધાર હોય પણ એના દર્શન માટે આધાર કાર્ડ ફરજિયાત બતાવવું પડશે. હમણાં ત્રણ બેલ વાગશે ત્યાં સુધી દર્શન માટે થોડી ધીરજ રાખવી..અને હા, મૂળ વાત તો રહી ગઈ કે આપણા આ હનુમાન મંદિરમાં કૃષ્ણજન્મનો અનેરો ઉત્સવ ઉજવવાની પરમિશન ને તક આપવા બદલ મંદિરના મુખ્ય ટ્રસ્ટી શ્રી કૃષ્ણશંકર શાસ્ત્રી, રામશંકર અયોધ્યાવાળા, ને શંકરલાલ હિમાલયવાળાનો આભાર... એ બધા દિલ્હીથી નીકળી ગયા છે. પણ વચ્ચે ટ્રાફિકમાં ફસાયા છે એ બધા ૨૦-૨૫ મંદિરમાં કૃષ્ણ દર્શન કરી અહીં પધારશે. માઈન્ડ વેલ... શાંતિ રાખજો. નો ઘોઘાટ. આ મંદિર છે ...ક્રિકેટ સ્ટેડિયમ નથી... થોડીવાર ગઈ સાલનો જન્માષ્ટમીની વીડિયો જુઓ. હવે આપણા મહાનુભવોને આવતા આવતા બે કે ત્રણ કલાક થઈ શકે છે તો પ્લીઝ વેઇટ, કૃષ્ણજન્મ કદાચ સાડાબારે કે એક વાગે પણ થાય કંઈ નક્કી નઈ.. સોરી, આપણે કૃષ્ણજન્મ કરતાં કૃષ્ણશંકર શાસ્ત્રીની રાહ જોવી પડશે....'

આગે કા હાલ માટે તમારે પણ આવતા મંગળવાર સુધી રાહ જોવી પડશે...જોશોને? શું કહો છો? ■

feedback@bombaysamachar.com

આજની ટૂંકી વાર્તા

હેમંત ગોહિલ

# ડૂલરું



અનિલ આગળ ચાલતો હતો. ડિસેમ્બર મહિનો હતો. જામતા શિયાળાની ઊઘડતી સવાર હતી. ઠંડી ચારે તરફ વેરાયેલી હતી. ઠંડી જેવો ફુત્કાર ક્યારેક પાછળ ચાલ્યા આવતા પ્રો. સાહેબના મુખમાંથી નીકળી જતો.

'મફલર લીધું હોત તો ઠીક રહેત, કેમ સાહેબ?'

'ચાલશે.' પાછળ હાથ જોડી ચાલતા પ્રો. સાહેબે હાથ છોડ્યા. બંને હથેળીઓ ઘસી. ગરમ હથેળીનો ગરમાવો દાઢીવાળા ગાલ સાથે પણ ચોંટાડ્યો. આ ક્રિયાથી જાણે ઉષ્માનો સંચાર પોતાનામાં થયો હોય તેમ મલક્યા.

'અને તો જ ગામડાની ખરી મઝા માણી શકાયને!'

'એય ખરું' અનિલ હળવું હસ્યો. તે આગળ જતી કેડી ઉપરથી આડો ફંટાયો. એક ખેતરને શેઢે ચડ્યો.

'જરા સંભાળીને સાહેબ.'

'કેમ?' પ્રો. સાહેબ ઝબક્યા.

'આ ઝાળાં- ઝાંખરાં... વીંછી, કાંટો... જરા સંભાળીને પગ મૂકવા.'

'હા... એ ખરું' પ્રો. સાહેબ હસ્યા. એમનું એ હાસ્ય વીંછી-કાંટાને વાગી શકે એવું ધારદાર હતું! અનિલને અત્યારે તેનો અણસાર સરખો ન આવ્યો. એ ઉતાવળા ડગ નહોતો માંડતો, પરંતુ પ્રો. સાહેબની ગતિ ધીમી થઈ ગઈ હતી તેથી બંને વચ્ચે અંતર વધ્યું હતું.

પ્રો. સાહેબ વિશાળ શેઢાને તાક્તા જાળવીને પગ માંડતા હતા. ઢીંચણ સુધી ઘાસનાં તણખલાં અથડાઈ જતાં હતાં. જવાશિયાના કાંટા સહેજ દર્દ આપી ભાંગી જતા હતા. આડા-અવળા ઊગી ગયેલા ખીજડિયા તેમનો પરિચય આછો ઉઝરડો કરીને આપતા હતા. અનિલનું ધ્યાન ન હોય ત્યારે તે ઉઝરડા ઉપર હાથ ફેરવી લેતા.

એક પછી એક શેઢા બદલાતા ગયા. ખેતરો બદલાતાં ગયાં. વાતો થતી રહી. આ પ્રદેશમાં કેવા કેવા પાક થાય, પાક્નું ઉત્પાદન કેટલું થાય? પાણીની અછત, જમીનના ભાવ, ખેતરના શેઢા આટલા બધા વિશાળ રાખવા પાછળનાં કારણો વગેરે વગેરે.

અનિલ પ્રો. સાહેબને સમજાવતો રહ્યો. તેની ગામઠી છતાં વિદ્વત્તાભરી જબાન પ્રો. સાહેબની ચશ્માંની ઘેરાયેલી આંખમાં સંતોષનો ભાવ જન્માવી શકતી. ફળદ્રુપ ખેતરના જેવી પ્રો. સાહેબની વિશાળ જિજ્ઞાસાવૃત્તિ ગમે તે ઘડીએ પ્રશ્ન ઉગાડી શકે એ વાતથી તે વાકેફ હતો. તેથીસ્તો તે સતર્ક રહેતો.

આમ તો ઘણા સમયથી પ્રો. સાહેબ અનિલના ગામડે આવવાનું કહેતા. ગામડાની હવાનો આનંદ માણવા એમનું મન ઉત્સુક રહેતું, પરંતુ દરેક વખતે કોઈ ને કોઈ અવરોધ તેમને અહીં આવતાં અટકાવી દેતો.

ગયા શિયાળામાં તો ખુદ અનિલ જ સામેથી પ્રો. સાહેબને તેડવા ગયો હતો,

પરંતુ-

પરંતુ તે બારણું ખોલ્યા વગર જ છેક પ્રો. સાહેબના ઘરેથી પાછો વળી ગયેલો.

અંદર શીલાબહેન તાડૂકતાં હતાં- 'તમે મને સાવ મૂરખી નહીં માનતા, સમજ્યા?'

'સાચું થોડું કોઈને કહેવાય?' પ્રો. સાહેબે કટાક્ષ કર્યો.

'ન જ કહેવાયને.' બોલી નાખ્યા પછી કાંઈક ભૂલ કરી હોય એવું ભાન થતાં શીલાબહેન પાછાં બરાડ્યાંઃ

'હેં! શું કીધું? સાંભળી લ્યો, આ બધાં તમારાં કાગળિયાં બાળી દઈશ, સમજ્યા?'

'તે બાળી દેને, હવે શું બાકી છે?' પ્રો. સાહેબની હતાશા સાફ સંભળાતી હતી.

શીલાબહેનનો રુદનમાં ફેરવાઈ જતો અવાજ હજી આવતો હતો. 'શું કામ મારી જિંદગી બગાડી? તમારી ઈ સગલી વગર નો'તું જિવાતું તો શું કામ મને લાવ્યા? થઈ ગયા હોય મોટા વિજાણંદ તો લઈ આવોને મસાણમાંથી.'

'શીલા' પ્રો. સાહેબનો પડછંદી અવાજ બારણા બહાર ઊભેલા અનિલને પણ ધ્રુજાવી ગયેલો. કોલેજનું આખું કંપાઉન્ડ પ્રો. સાહેબના એક હાંકોટાથી શાંતિમાં ફેરવાઈ જતું તે તેને યાદ આવેલું.

તેને કોલેજનો ત્રીજો દિવસ પણ યાદ આવી ગયેલો.

વિશ્રાંતિનો સમય પૂરો થઈ ગયો હતો. વિદ્યાર્થીઓ હજી પણ આમતેમ ટહેલતા હતા. જોર જોરથી શોરબકોર થઈ રહ્યો હતો. સીટી... બૂમ... વાતો... અટ્ટહાસ્ય... મશ્કરી...

'સંભળાતું નથી?' એક જોરદાર હાંકોટો સંભળાયો. સિંહની ત્રાડ સાંભળીને શિયાળ- સસલાં જેમ ઝાડી-ઝાંખરામાં ભરાઈ જાય તેમ વિદ્યાર્થીઓ વર્ગમાં ઘૂસી ગયા.

એક મિનિટ પહેલાંના શોરબકોરથી છલોછલ કંપાઉન્ડમાં શાંતિ રેલાઈ ગઈ.

આ પરિસ્થિતિથી સાવ અજાણ અનિલ ધીમા પગલે વર્ગખંડ ભણી વળ્યો.

'ભણવા આવ્યા છો? કુંવર!' હાકોટો કરનાર માણસે કરડાકીથી પૂછ્યું.

'જી. પણ ગામડેથી આવું છું. આજે ત્રીજો જ દિવસ છે. અહીં મને અતડું લાગે છે,' ડરી ગયેલો અનિલ સળંગ બોલી ગયો.

અનિલની આંખમાં આવેલી સચ્ચાઈ પ્રો. સાહેબથી વંચાઈ ગઈ હોય કે પછી ગમે તે પણ તેમનો ગુસ્સો ઠંડો થઈ ગયો.

તેમણે નામઠામ પૂછ્યાં. તેમને અનિલમાં રસ પડ્યો. અનિલની ગામઠી ભાષામાં રસ પડ્યો. અનિલની ભાષામાં માટીની મીઠી સુગંધનો અહેસાસ થયો.

ને ત્યારથી જ પ્રો. સાહેબ સાથેનો વ્યક્તિગત પરિચય થયેલો અને ત્યાર બાદ મિત્રતામાં ફેરવાયો હતો.

અંદર વાસણ અફળાવાના અવાજ સાથે બારણે ઊભેલો અનિલ પાછો સજાગ બની ગયેલો.

શીલાબહેન હજી તાડૂકતાં હતાં.

'શી ખબર મરી ગઈ છે કે મારી નાખી છે.'

'શીલા...' પ્રો. સાહેબનો ફાટી ગયેલો અવાજ આખા ઓરડાને ધ્રુજાવી ગયો. એક જોરદાર થપાટનો અવાજ અને શીલાબહેનનો રાગડો. અનિલ પરિસ્થિતિ પામી ગયો અને ત્યાંથી જ પાછો વળી ગયેલો.

'આ આપણું ખેતર' ઘઉંથી લહેરાતા લીલાછમ વિશાળ ખેતર પાસે અનિલ ઊભો રહ્યો.

પ્રો. સાહેબ ખેતર સામે તાકતા ઊભા. ચાસમાં અંકુરિત ઘઉંના ડૂંડાં કતારમાં ઊભેલા. શિસ્તપ્રિય વિદ્યાર્થી જેવાં લાગ્યાં. હવાની હળવી પીંછી પ્રત્યેક ડૂંડાંને તડકાના રંગથી ભરી દેતી હતી. પગથી શરૂ થઈને દૂર દૂર સામા શેઢે જતા ચાસ તો કેવળ લીલાશમાં ફેરવાઈ જતા લાગતા. ચારે તરફ લીલાશનું ઘોડાપુર ઊમટ્યું હતું. કદીયે ન અનુભવ્યો હોય એવો સીમમાંથી આવતી સુગંધનો રોમાંચ પ્રો. સાહેબ માણી રહ્યા.

'અને આ?' એક ખાલી ચાસ જોઈ જતાં પ્રો. સાહેબને નવાઈ લાગી. આ શેઢેથી છેક સામેના શેઢા સુધી સાવ ખાલી હતો.

'એ ડૂલરું છે,' અનિલે સાવ સહજતાથી કહ્યું.

'એટલે?'

'એટલે કે વાવણી વખતે દંતાળના એકાદ ડાંડવામાં કચરો ભરાઈ જાય અને તેમાં બિયારણ ન પડે અને ચાસ ખાલી પડે.'

ખાલી ચાસ... ડૂલરું... પ્રો. સાહેબને એ શબ્દો હૃદય સાથે અથડાતા લાગ્યા. તેમની આંખમાં ભૂતકાળ ઊગી નીકળ્યો- ઘઉંના ડૂંડાની જેમ.

આમ તો પ્રો. સાહેબ કોઈને ત્યાં ટ્યુશન ન કરતા, પરંતુ તે સ્મૃતિને ના ન પાડી શક્યા.

'તમને વાંધો શો છે?' સ્મૃતિએ પિરિયડ પૂરો કરીને જતા પ્રો. સાહેબને પૂછેલું.

'વાંધો?' ચશ્માંની દાંડી વ્યવસ્થિત કરતાં તેમનાથી આમ જ ઉચ્ચારાયું.

'તો મારા પપ્પાએ કહ્યું છે કે તમે જ મારા ઘરે આવી ટ્યુશન આપો' સ્મૃતિ એક જ શ્વાસે બોલી ગઈ.

'બટ...'

'બટ... બટ કાંઈ નહીં'ને સ્મૃતિ ચાલી ગઈ. પોતાની આટલી સજ્જડ ધાક વચ્ચે સાવ સહજતાથી વાત કરીને પીઠ ફેરવી ગયેલી સ્મૃતિને પ્રો. સાહેબ જોતા રહ્યા.

ત્રીજા દિવસથી તે સ્મૃતિના ઘરે જવા લાગ્યા. સ્મૃતિના ઘરનો માયાળુ સ્વભાવ તેમને સ્પર્શી ગયો.

આટલી નાની ઉંમરમાં સ્મૃતિની સાહિત્ય વિશેની ઊંડી સૂઝ પ્રો. સાહેબને આશ્ચર્યમાં ગરકાવ કરી દેતી. સ્મૃતિના ફટાફટ બોલી નાખવાના સ્વભાવમાં તેમને ભારોભાર ભોળપણ દેખાતું. સાવ સહજતાથી વેરાતા શબ્દો તેમને કોમળતાના પર્યાય લાગતા. બોલતી સ્મૃતિને તે જોયા કરતા. સ્મૃતિ બોલવાનું શરૂ કરે અને તે ચૂપ થઈ જાય. સ્મૃતિ સામે મીટ માંડી શકાય કે તેના હોઠની ઝાકળ જેવી ભીનાશ દેખી શકાય, ગમે તે હોય પણ સ્મૃતિ બોલવાનું શરૂ કરે એટલે તે ચૂપ.

'શું જોયા કરો છો?' એક દિવસ સ્મૃતિએ પૂછી નાખ્યું.

'તને.'

'મને?'

અચાનક પ્રો. સાહેબને પોતાના સ્ટેટસનો ખ્યાલ આવતાં સુધારી લીધુંઃ 'તને, તારી બોલવાની છટાને. તું દરેક બાબતના કેટલી સરળતાથી જવાબ આપી શકે છે!' તેમનું પોલાદી હૃદય શી ખબર કેમ ગભરાટ અનુભવવા માંડ્યું.

હવે દિવસે દિવસે સ્મૃતિ વધારે સુંદર લાગતી. કાંઈ પણ કામ વગર પ્રો. સાહેબ તેની સાથે વાત કરવા ઉત્સુક રહેતા. ઓફિસમાં બોલાવતા. વિદ્યાર્થીઓમાં પણ અંદરોઅંદર ચણભણાટ શરૂ થઈ ગયેલો, પણ પ્રો. સાહેબની લોખંડી ધાક સામે સૌ છૂપું હસી લેતા.

ને એક દિવસ તો એ ચણભણાટ વેરાઈ ગયો કંપાઉન્ડમાં તાળીઓનો ગડગડાટ બનીને.

પ્રો. સાહેબે સ્મૃતિ સાથે લગ્ન કરી નાખ્યાં.

દિવસો વર્ષો બનીને ડૂબી ગયા ઉંમરના સરવાળામાં.

સ્મૃતિએ ત્રીજે વરસે અંકુરને જન્મ આપ્યો. નખશિખ પ્રો. સાહેબ જેવો, આંખો કેવળ સ્મૃતિ જેવી.

આઠ દિવસ પછી હોસ્પિટલથી ઘરે આવી ગયા. સ્મૃતિ તથા અંકુરની તબિયત સારી હતી. ડૉક્ટરે ઘેર જવા રજા આપી હતી. કાંઈ ચિંતા જેવું નથી તેવી ખાતરી પણ આપી હતી, પણ પ્રો. સાહેબના વર્તનમાં આવી ગયેલું પરિવર્તન સ્મૃતિ પામી ગઈ.

આખો દિવસ સૂનમૂન રહે છે. કોલેજથી આવી ગયા બાદ બારી પાસે ખુરશી નાખી બહારની દુનિયામાં કાંઈક ખોવાઈ ગયું હોય તેમ જોયા કરે છે. ક્યારેક સ્મૃતિની આંખમાં આંખ પરોવીને એવી રીતે જોયા કરે છે કે જાણે હમણાં જ તે આંખોની દૃષ્ટિ પી જશે. એક દિવસ તો સ્મૃતિએ પૂછી નાખ્યુંઃ

'તબિયત સારી નથી?'

'એવું બધું.'

'એટલે?'

'જવા દે, સ્મૃતિ.'

'ડૉક્ટરને બતાવીએ.'

'ડૉક્ટરનું તું નામ પણ નહીં લઈશ, સ્મૃતિ...' પ્રો. સાહેબને પરસેવો વળી ગયો.

ડૉક્ટર પ્રત્યે આમ અચાનક આવી ગયેલી નફરતથી સ્મૃતિ ચમકી. તેને કાંઈક યાદ આવી ગયું. પણ એવું ન પણ હોઈ શકે એમ માની તેણે પ્રો. સાહેબને ફરી પૂછ્યુંઃ

'કોલેજમાં તો કોઈ પ્રશ્ન નથીને?'

'ના.'

'તો પછી?'

'સ્મૃતિ...' પ્રો. સાહેબ અટકી પડ્યા. દરરોજ એમ જ અંત પુનરાવર્તિત થતો. સ્મૃતિ એ રસ્તાનો અંત હોય અને તેના પછી તરત જ ઊંડી ખીણ આવી જતી હોય તેમ પ્રો. સાહેબ આગળ બોલતાં અટકી જતા. આગળ બોલતાં એમની જીભ લોચો થઈ જતી.

'સ્મૃતિ...' ચા પીતાં પીતાં આજે તો શરૂઆત જ પ્રો. સાહેબે આ રીતે કરી.

'શું સ્મૃતિ સ્મૃતિ કરો છો? મને ખબર છે મને કેન્સર છે,' સ્મૃતિએ ધડાકો કરી નાખ્યો. સાવ સહજતાથી બોલાયેલા તેના શબ્દો પ્રો. સાહેબના હૃદયમાં તેટલી જ કઠોરતાથી ઘૂસી ગયા. આજે પહેલી વાર સ્મૃતિનો ફટાફટ બોલી નાખવાનો સ્વભાવ તેમને લાગણીશૂન્ય કઠોરતાનું રૂપ લાગ્યો. તેમની આંખમાંથી ધારા છૂટી ગઈ. કેટલાય દિવસથી ખાળી રાખેલું ડૂસકું હાથમાંથી છૂટી ગયેલા કપની જેમ છૂટી ગયું.

'અંકુરના જન્મ વખતે ડૉક્ટરે કરેલી વાતચીત મેં સાંભળી છે. કોઈ માણસ ક્યાં અમરપટો લઈને આવ્યો છે?' કહેતી સ્મૃતિ તૂટી ગયેલા કપની કરચો ભેગી કરવા લાગી ગઈ સાવ સહજતાથી.

પ્રો. સાહેબ આંખો લૂછતા ઊભા થઈ ગયા. પડદો ખસેડી બારી બહાર જોવા લાગ્યા. બહારની આખી સૃષ્ટિ પોતાના પર હલ્લો કરતી લાગી. બારી બંધ કરી દીધી. બાજુના ઓરડામાં રડતા અંકુર તરફ વળી ગયા.

આ વાતના ઓગણચાલીસમા દિવસે જ સ્મૃતિની કેવળ સ્મૃતિ રહી ગઈ. સ્મૃતિનો દેહ અગ્નિમાં વિલીન થઈ ગયો. નાનકડા અંકુરની નિર્દોષ આંખો કશું જ ન અનુભવી શકી.

જે અનુભવ્યું તે પ્રો. સાહેબે જ.

દિવસો સુધી તે મૂગા રહ્યા. અંકુરનું રુદન તેમને અકળાવી મૂકતું. સ્મૃતિની યાદ રડાવી જતી.

અંકુરની યાચક નજરને લીધે કે પછી અંતરનો ખાલીપો થોડો ઘણો પૂરવા, ગમે તે હોય પણ તેમણે થોડો સમય બાદ શીલા સાથે બીજું લગ્ન કરી નાખ્યું.

શીલા ખરેખ શિલા જ નીકળી!

સાહિત્યથી સાવ વિમુખ શીલાને અભરાઈ પર ગોઠવેલ ચોપડા પસ્તી લાગતા. વાચનને સમયનો બગાડ સમજતી. લેખન એ બિનઉત્પાદક ખોટનો અને નવરાનો ધંધો છે તેમ વ્યાખ્યા કરતી.

ને તેમાંય જ્યારે ઘરે આવેલ કોઈ આંગતુક્ની સાથે થતી પ્રો. સાહેબની ચર્ચામાં સાંભળવા મળતું કે આ વાર્તામાં ખરેખર તો સ્મૃતિ તરફની પોતાની લાગણી જ ઠાલવી છે ત્યારે તે સમસમી જતી.

'સાહેબ,' અનિલ બોલ્યો. પ્રો. સાહેબ ઝબક્યા. ઝળઝળિયું બનીને આંખમાં આવી ગયેલી સ્મૃતિને ચશ્માં કાઢી લૂછી નાખી. તેમણે એક ચાસમાં પોતાની જાતને અમળાતી જોઈ. પડખેના ડુલરાવાળા ચાસમાં સ્મૃતિ ખાલીપાની ચાદર ઓઢીને સૂતી હોય તેવું ભાસ્યું.

પ્રો. સાહેબને ડૂલરામાં રસ પડ્યો છે એવું લાગતાં અનિલે આગળ ચલાવ્યુંઃ

'આવડા મોટા ખેતરમાં એકાદ ચાસમાં ડૂલરું પડી પણ જાય, સ્વાભાવિક છે. ઘણી વાર એવું બન્યું હોય ખેતરમાં એકાદ ડૂલરું હોય અને સીઝન લેવાઈ ગઈ હોય. આ વખતની સીઝન પણ લેવાઈ જશે. આવતે વરસે ધ્યાન રાખીશું. અને એ વરસે પડે તો એ વરસે પણ સીઝન...'

'પણ એનો કોઈ ઈલાજ?' પ્રો. સાહેબના અવાજમાંથી ડૂલરા પ્રત્યેનો અણગમો સ્પષ્ટ હતો.

'બસ, એને ફરીથી પૂરવું એ જ.'

'તો કેમ પૂરતા નથી?'

'આખા ખેતરમાં આવું એકાદ ડૂલરું હોય તેના તરફ કોણ ધ્યાન આપે?' અને અચાનક કાંઈક યાદ આવ્યું હોય તેમ અનિલે ઉમેર્યુંઃ

'અને પાછળથી પૂરો એમાં કાંઈ દમ પણ ન હોય. એ બધું મન મનાવવા જેવું જ.'

પ્રો. સાહેબને ડૂલરામાં શીલાનો ચહેરો દેખાયો. 'ખરેખર મન મનાવવા જેવું જ' તે મનોમન બબડ્યા. અનાયાસે જ તેમના પગમાં ગતિ ફૂટી નીકળી.

વળતી વખતે ઘણાના ખેતરમાં પડેલાં ડૂલરાં અનિલે બતાવ્યાં.

પ્રો. સાહેબ બબડ્યાઃ આવતા વરસે પણ વાવણી થશે. ડૂલરાં પડશે... સીઝન લેવાઈ જશે, પછી પાછી વાવણી... ડૂલરાં... સીઝન... ઘટમાળ ચાલ્યા કરશે.

અનિલને ખ્યાલ આવી ગયો હતો કે પ્રો. સાહેબને ડૂલરા શબ્દમાં રસ પડ્યો છે. ખેતરે વિચાર સમાધિમાં ડૂબી ગયા હતા ત્યારથી જ તેને લાગ્યું હતું કે પ્રો. સાહેબ નક્કી વાર્તાનો પ્લોટ વિચારતા હશે. તેથીસ્તો તેણે ફળિયામાં પહોંચતાં કહી નાખ્યુંઃ 'ડૂલરા ઉપર એકાદ વાર્તા લખોને!'

'લખાણ ચૂકી છે.'

'ક્યાં છે?'

ત્યાં જ ધારેથી અવાજ સંભળાયોઃ 'હવે ક્યાં સુધી આ ધૂળમાં આળોટવાનું છે? ગામડું એટલું બધું ગમતું હોય તો નોકરીમાં મૂકી ધ્યો દિવાસળી ને લઈ લ્યો બે બળદ ને મંડી પડો ખેતર ખેડવા. છોકરોય બાપ ઉપર ગયો છે. એય નીકળવાનું નામ નથી લેતો,' શીલાબહેન ગુસ્સાથી લાલચોળ હતાં. બરાડતાં હતાં. અનિલના સ્વજનો આ વર્તનથી અવાક થઈ ગયા.

કશું જ ન બન્યું હોય તેમ પ્રો. સાહેબે અનિલના ખભે હાથ મૂક્યો. બોલ્યાઃ 'વાર્તાને? વાર્તા લખાઈ તો ગઈ છે પણ પ્રગટ નથી કરી એટલું જ.'

પ્રો. સાહેબ એવું હસ્યા કે તેમાંથી નર્યો ડૂલરાનો ખાલીપો ખર્યો! (સમાપ્ત)■

---

## ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ **funworld1822@gmail.com** પર મોકલવાના રહેશે.

### ભાષા વૈભવ...

ગુજરાતી - અંગ્રેજી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| મિતિ | WAX |
| મિથ્યા | SWEET |
| મિષ્ટ | FALSE |
| મીણ | FISH |
| મીન | DATE |

### ઓળખાણ પડી?

પૌરાણિક કથા અનુસાર ભગવાન શ્રી કૃષ્ણએ જે વૃક્ષ હેઠળ અનેક લીલાઓ કરી હતી એ વૃક્ષની ઓળખાણ પડી?



અ) બાવળ બ) બેરડા ક) કદંબ ડ) આસોપાલવ

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

'બચપણમાં દાદાના કાળજાની હૂંફ અનુભવી હતી' પંક્તિમાં 'હૂંફ' શબ્દનો અર્થ જણાવો.

અ) આશ્રય બ) હરીફાઈ ક) સ્થાન ડ) આનંદ

### ગુજરાત મોરી મોરી રે

કોઈ વ્યક્તિ THALASSOPHOBIAથી પીડાય છે એવું કહેવામાં આવે તો એનો સંબંધ શેની સાથે હોય એ કહી શકશો?

અ) ઊંડા વિચાર બ) ઊંડા પાણી ક) ઊંડી જમીન ડ) ઊંડા જખમ

### માતૃભાષાની મહેક

'અમને નાખો જિંદગીની આગમાં, આગને પણ ફેરવીશું અમે બાગમાં' લોકપ્રિય મુક્તક છે. જીવનમાં આફત આવે, આફતના પહાડ પણ અંતરાય બની ઊભા રહે એવું બને. મજબૂત અને મક્કમ મનનો માનવી મુશ્કેલીને મહેફિલમાં, આફતને અવસરમાં અને આગને પણ બાગમાં ફેરવી દેવાનું કૌશલ ધરાવે છે.

### ઈર્શાદ

આવ્યા અમે ફરીથી એવી સવાર લઈને,
કે થઈ ગયો છે સૂરજ છૂટ્ટો પગાર લઈને.

\- અનિલ ચાવડા

### માઈન્ડ ગેમ

વિશ્વનું કયું શહેર 'સિટી ઓફ આઈલેન્ડ્સ' તરીકે ખ્યાતિ ધરાવે છે? અહીં ૧૧૫ ટાપુઓ અસ્તિત્વ ધરાવે છે.

અ) સુદાન બ) સેશલ્સ ક) માલ્ટા ડ) ઉરુગ્વે

### ગયા મંગળવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| જંગી | FORMIDABLE |
| જંજાળ | TROUBLE |
| જંતર | MAGIC |
| જંપ | PEACE |
| જંતુ | INSECT |

ઓળખાણ પડી? — શ્રાવણ વદ બારસ

ગુજરાત મોરી મોરી રે — ઉરુગ્વે

ચતુર આપો જવાબ અર્થ જણાવો — બળવો

માઈન્ડ ગેમ — વિયેના

### ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ વ | ૨ સુ | દે | વ | | ૩ અ | ર્જુ | ૪ ન | | ૪-અ બ |
| ૫ ખ | પ | | | ૬ નં | ગ | | હે | | લ |
| | | ૭ મ | દ | દ | | ૮ સ | ર | ૯ ભ | રા |
| ૧૦ અ | હ | મ | | ૧૧ બા | જ | રો | | ૧૨ રે | મ |
| નિ | | ત | | બા | | ૧૩ કા | ૧૩-અ બિ | લ | |
| ૧૪ રૂ | પ | | ૧૫ પ | | ૧૬ ક | ર | ન | | ૧૭ અ |
| દ્ધ | | ૧૮ શિ | શુ | ૧૯ પા | લ | | ઉ | | કૂ |
| | ૨૧ હું? | | ૨૨ પ | છી | | ૨૩ ઉ | પ | કા | ર |
| ૨૪ વિ | | ૨૫ નિ | તિ | | ૨૬ વ | | જા | | |
| ૨૭ પ્ર | ઘુ | મ્ન | | ૨૮ કં | સ | | ૨૯ ઉ | દ્ધ | વ |

### શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | | ૫ | | ૬ | ૭ | |
| ૮ | | | | | ૯ | ૯-અ | | | |
| | | ૧૦ | | | ૧૧ | | | ૧૨ | ૧૩ |
| ૧૪ | ૧૫ | | | ૧૬ | | ૧૭ | | | |
| | ૧૮ | | ૧૯ | | | | | ૨૦ | |
| ૨૧ | | | ૨૨ | | | | ૨૩ | | |
| | | ૨૪ | | | | ૨૫ | | | ૨૬ |
| | | ૨૭ | | ૨૮ | | ૨૯ | | | |
| ૩૦ | | | | ૩૧ | | | | | |
| | | ૩૨ | | | | ૩૩ | | | |

**આડી ચાવી**

૧. કબૂતરોને ચણ નાખવાની જગા (૬)
૬. પહેલાં ના થયું હોય એવું (૩)
૮. --- મને કામ ના કરવું (૪)
૯. બંધી, મનાઇ (૨)
૧૦. ઇશ્વર (૨)
૧૧. --- શાસ્ત્રમાં નાટકને લગતી વાત હોય (૨)
૧૨. દરેકને એક --- હોય (૨)
૧૪. ત્રણ પૈસા, રૂપિયો, નાણું (૨)
૧૭. બદ્દુવા (૨)
૧૮. મોટી આગ (૪)
૨૦. ખેડૂત હળથી --- પાડે (૨)
૨૧. ડોકલી, પળિયું (૨)
૨૨. હળવી પીડા (૩)
૨૩. મોંઘવારીમાં મધ્યમ વર્ગનો --- થાય (૨)
૨૪. પારધી --- ફેલાવે (૨)
૨૭. બેફિકર, નિરાંતે (જો. છૂ.) (૩)
૨૯. અગ્નિ (૪)
૩૦. કમળ---માં ખીલે (૩)
૩૧. --- એક વિરલ જણસ (૩)
૩૨. ચાલ, પ્રથા, શિરસ્તો (૩)
૩૩. શાળાનો બેલ વાગે (૪)

**ઊભી ચાવી**

૧. કચકચ, કલેશ, બોલાચાલી (૪)
૨. દાટો (૨)
૩. આફત, તાકીદ, ધમકી (૩)
૪. લાલ રંગની અસરવાળું (૩)
૫. પ્રસિદ્ધિ, ખ્યાતિ (૩)
૭. --- નો વધ બાલકૃષ્ણે કર્યો (૩)
૯-અ. ભરત મુનિએ --- રચ્યું (૪)
૧૩. મોટો લાકડાનો પટારો (૩)
૧૫. એક ઓજાર (૩)
૧૬. બધાને --- કરવી બહુ ગમે (૩)
૧૯. નકલ કરનાર (૪)
૨૦. ગાય, ભેંસને--- નાખો (૨)
૨૧. સાહેબ (૫)
૨૪. પશુ, ઢોર (૪)
૨૫. એકદમ સરળ, ચોખ્ખું (૪)
૨૬. યજ્ઞ કરનાર, ગૃહસ્થ, દેનાર (૪)
૨૮. બધું જ, સઘળું (૩)

### સુડોકુ-૯૦૬૯

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૫ | ૭ | | | | | | | |
| ૪ | ૯ | | | | ૮ | | | |
| ૮ | | ૩ | ૯ | | | | | ૪ |
| ૩ | ૬ | ૨ | | ૭ | | | | |
| ૭ | | | | ૮ | | | | ૫ |
| | | | | ૩ | | ૨ | ૪ | ૭ |
| ૬ | | | | | ૪ | ૭ | | ૮ |
| | | | ૮ | | | | ૫ | ૨ |
| | | | | | | | ૯ | ૩ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે. ૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ-૯૦૬૮

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૬ | ૫ | ૩ | ૭ | ૯ | ૧ | ૪ | ૨ |
| ૪ | ૭ | ૧ | ૬ | ૨ | ૮ | ૩ | ૯ | ૫ |
| ૩ | ૯ | ૨ | ૪ | ૫ | ૧ | ૭ | ૮ | ૬ |
| ૯ | ૧ | ૬ | ૨ | ૪ | ૩ | ૫ | ૭ | ૮ |
| ૫ | ૪ | ૭ | ૮ | ૯ | ૬ | ૨ | ૧ | ૩ |
| ૨ | ૮ | ૩ | ૫ | ૧ | ૭ | ૯ | ૬ | ૪ |
| ૧ | ૨ | ૪ | ૯ | ૮ | ૫ | ૬ | ૩ | ૭ |
| ૭ | ૩ | ૮ | ૧ | ૬ | ૨ | ૪ | ૫ | ૯ |
| ૬ | ૫ | ૯ | ૭ | ૩ | ૪ | ૮ | ૨ | ૧ |

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.


(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) ભારતી બુચ (૩) તાહેર ઔરંગાબાદવાલા (૪) શીરીન ઔરંગાબાદવાલા (૫) અબ્દુલ્લા એફ. મુનીમ (૬) શ્રીમતી ડો. પ્રકાશ કટકિયા (૭) મુલરાજ કપૂર (૮) સુભાષ મોમાયા (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આસર (૧૧) નિખીલ બંગાળી (૧૨) અમીષી બંગાળી (૧૩) પુષ્પા પટેલ (૧૪) લજિતા ખોના (૧૫) મીનળ કાપડિયા (૧૬) મહેશ દોશી (૧૭) જ્યોતી ખાંડવાલા (૧૮) રમેશ દલાલ (૧૯) હીના દલાલ (૨૦) ઈનાક્ષી દલાલ (૨૧) જ્યોત્સના ગાંધી (૨૨) નૂતન વિપીન શાહ (૨૩) હર્ષા મહેતા (૨૪) વિપીન શાહ (૨૫) ધવલ શાહ (૨૬) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૨૭) જીત શાહ (૨૮) મહેન્દ્ર લોઢાવીયા (૨૯) ભાવના કર્વે (૩૦) પ્રવીણ વોરા (૩૧) મહેશ દોશી (૩૨) દેવેન્દ્ર સંપટ (૩૩) અંજુ ટોલિયા (૩૪) અંબરીષ ઓઝા (૩૫) પુષ્પા ખોના (૩૬) ડાયના સંતોકે (૩૭) અલકા વાણી (૩૮) અરવિંદ કામદાર (૩૯) જયવંત પદમશી ચિખલ (૪૦) શિલ્પા શ્રોફ (૪૧) નિતીન જે. બજેરીયા (૪૨) કમલ માતલિયા (૪૩) ડો. પ્રકાશ કટકિયા (૪૪) ધીરેન્દ્ર મુલરાજ (૪૫) ગીતા ઉદેશી (૪૬) પ્રતિમા પમાણી (૪૭) નિતા દેસાઈ (૪૮) ગિરીશ બાબુભાઈ મીસ્રી (૪૯) રસિક જુઠાણી ટોરેન્ટે-કેનેડા

feedback@bombaysamachar.com

સ્વાસ્થ્ય સુધા

શ્રીલેખા યાજ્ઞિક

# હૃદય આકારના અળવીના પાનમાં છે સ્વાદની સાથે સેહતનો ખજાનો...



સામાન્ય રીતે ચોમાસામાં લીલી ભાજી ખાવાનું વલણ ઘટી જતું હોય છે. માટી તેમ જ નાના કીટક તેમાં છુપાયેલાં હોય છે. લીલાછમ કૂણાં કૂણાં અળવીના પાન મુખ્યત્વે ચોમાસામાં મોટા પ્રમાણમાં ઊગી નીકળતાં હોય છે. તેનો સ્વાદ અતિમધુર લાગે છે. ચોમાસાના ૩ મહિના માટે જ આ પાન કૂણાં મળે છે. કેટલાંક શાક તેમ જ ભાજી-પાન ફક્ત ચોમાસામાં જ મળતાં હોય છે. તેથી તેનો ઉપયોગ મોસમ પ્રમાણે ભરપૂર કરી લેવો જરૂરી છે. હાથીના કાન જેવા દેખાતા પાનને અનેક લોકો ‘હાથી પાન’ તરીકે ઓળખે છે. અળવીના પાનમાંથી વિવિધ વાનગી બનાવી શકાય છે. જે અત્યંત સ્વાદિષ્ટ લાગે છે. અળવીના પાન માટે એવું કહેવાય છે કે તેમાં ઓછી કેલરીની સાથે ફાઈબરની માત્રા વધુ સમાયેલી હોય છે. વળી વિવિધ પોષક તત્ત્વોનો ખજાનો આ લીલાછમ હૃદય આકારના પાનમાં સમાયેલો છે. શરીરની રોગપ્રતિકારક શક્તિ વધારવાની સાથે હૃદય- હાડકાંની તંદુરસ્તી જાળવવામાં અત્યંત ઉપયોગી ગણાય છે. યુનાઈટેડ સ્ટેટ્સ ડિપાર્ટમેન્ટ ઑફ એગ્રિકલ્ચર (યુએસડીએ)ના જણાવ્યા મુજબ પાનમાં કેલરીની માત્રા ઘણી ઓછી હોય છે. વળી ફાઈબરનું પ્રમાણ વધુ સમાયેલું છે. વિટામિન, મિનરલ્સની સાથે ફૉલિક એસિડની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે.

## પોષક તત્ત્વોથી ભરપૂર અળવીના પાનનાં સ્વાસ્થ્યવર્ધક ફાયદા

**પોષક તત્ત્વોથી ભરપૂર પાન :** અળવીના પાનમાં વિટામિન એ, વિટામિન સી તથા બી કૉમ્પ્લેક્ષની સાથે શરીરને માટે આવશ્યક તેવા ગુણો સમાયેલાં છે. જેવાં કે આયર્ન, કેલ્શિયમ, મેગ્નેશિયમ જેવાં ખનીજ તત્ત્વોનો ભંડાર ગણાય છે. જે વ્યક્તિના સંપૂર્ણ સ્વાસ્થ્યની કાળજી લેવાની સાથે શરીરમાં સ્ફૂર્તિનો સંચાર કરે છે.

**પાચનતંત્રને તંદુરસ્ત બનાવે છે :** અળવીના પાનમાં ફાઈબરની માત્રા વધુ હોવાથી પાચનતંત્રને તંદુરસ્ત બનાવવામાં મદદ કરે છે. ફાઈબરયુક્ત આહાર લેવાથી અપચો કે કબજિયાત જેવી સમસ્યાથી શરીરને બચાવે છે.

**ત્વચાની તંદુરસ્તી માટે ગુણકારી :** ઍન્ટિ-ઓક્સિડન્ટ તથા વિટામિન-સી જેવાં પોષક તત્ત્વો ત્વચા તથા વાળની ગુણવત્તા સુધારવામાં ફાયદાકરક ગણાય છે. અળવીના પાનમાં વિટામિન-સી તથા ઍન્ટિ-ઓક્સિડન્ટનું પ્રમાણ સારી માત્રામાં સમાયેલું હોય છે. અળવીના પાનમાંથી બનાવેલી વાનગી ખાવાથી ત્વચા મુલાયમ બને છે. વાળમાં થતાં ખોડાની સમસ્યાથી બચી શકાય છે.

**વજનને નિયંત્રણમાં રાખવામાં ગુણકારી :** શરીરમાં ચરબીનો ભરાવો વધી ગયો હોય ત્યારે તેને ઘટાડવા માટે પોષ્ટિક આહાર લેવો જરૂરી છે. અળવીના પાનનો આહારમાં ઉપયોગ કરવાથી શરીરને સુડોળ બનાવવામાં મદદ મળે છે. કેમ કે અળવીના પાનની ગણના લૉ-કેલરી આહારમાં થાય છે. વળી તેમાં પ્રોટીનની માત્રા વધુ હોય છે. ૧ કપ અળવીના પકાવેલાં પાનમાં ૩ ગ્રામ ફાઈબર તથા ૯૨.૪ ટકા પાણીની માત્રા હોય છે. વળી તેને બાફીને કે યોગ્ય રીતે પકાવ્યા બાદ ભોજનમાં ઉપયોગમાં લેવાથી મન તૃપ્ત બની જતું હોય છે. કેલરીની માત્રા ઓછી હોવાથી અળવીના પાનના ઉપયોગ દ્વારા વજનને નિયંત્રણમાં રાખવામાં મદદ મળે છે.

**હૃદય તંદુરસ્ત રાખે છે :** અળવીના પાનમાં પોટેશિયમ-નાઈટ્રેટની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. જે બ્લડપ્રેશરને નિયંત્રણમાં રાખવામાં મદદ કરે છે. વર્ષ ૨૦૧૬માં કરવામાં આવેલાં એક અધ્યયન દ્વારા જાણવા મળ્યું હતું કે લીલાં પાંદડાવાળા શાક તથા તાજા લીલા શાકભાજીનો આહારમાં ઉપયોગ કરવાથી હૃદય રોગના ખતરાને ૧૫.૮ ટકા જેટલો ઘટાડી શકાય છે. હૃદય રોગના જોખમને ઘટાડવામાં મદદ કરે છે, પોટેશિયમ રક્તવાહિનીને પાતળું કરવામાં મદદ કરે છે. જેથી હૃદયમાં રક્ત પ્રવાહ પૂરતાં પ્રમાણમાં ફરવા લાગે છે. જેને કારણે હૃદયનું કામ સુચારુ રીતે થાય છે.

**ઍન્ટિ-ઓક્સિડન્ટથી ભરપૂર:** અળવીના પાન સૌથી વધુ ઍન્ટિ-ઓક્સિડન્ટની માત્રા ધરાવે છે. અળવીના પાનમાં ઍન્ટિ-ઓક્સિડન્ટ જેવાં કે બીટા-કૈરોટીન વગેરે ફ્લેવોનોઈડ ગણાવી શકાય. જે ઓક્સિડેટિવ તણાવની સામે લડવામાં તથા મુક્તકણોને બેઅસર કરવામાં મદદ કરે છે.

**હાડકાંની તંદુરસ્તી માટે લાભકારી :** અળવીના પાનમાં કૅલ્શિયમ તથા મેગ્નેશિયમનું પ્રમાણ સારી માત્રામાં સમાયેલું હોય છે. જે હાડકાંની તંદુરસ્તી માટે જરૂરી ગણાય છે. આમ અળવીના પાનના નિયમિત સેવનથી ઓસ્ટિયોપોરોસિસ જેવી હાડકાં સંબંધિત સમસ્યાથી બચી શકાય છે.

**રોગપ્રતિકારક શક્તિ વધારવામાં મદદ કરે છે :** અળવીના પાનમાં વિટામિન તથા ખનીજનું પ્રમાણ સમાયેલું છે. જે રોગપ્રતિકારક શક્તિને મજબૂત બનાવવામાં ઉપયોગી ગણાય છે. તેથી જ અળવીના પાન વ્યક્તિની રોગપ્રતિકારક શક્તિ વધારનાર ખાદ્ય પદાર્થમાં ગણના પામ્યા છે. વિટામિન સીના ગુણો શરીરને સંક્રમણથી લડવાની ક્ષમતા વધારે છે. ચોમાસામાં અન્ય જીવાણુથી થતી બિમારીથી સુરક્ષા પ્રદાન કરે છે.

**એનિમિયાની તકલીફથી બચાવે :** શરીરમાં આયર્નની ઊણપને કારણે એનિમિયા બીમારી થતી હોય છે. એનિમિયાની સમસ્યામાં શરીરમાં લોહીની ઊણપ થવા લાગે છે. જેને કારણે વ્યક્તિના શરીરમાં થોડું કામ કરવાથી પણ નબળાઈ આવી જતી હોય છે. અળવીના પાનનો ઉપયોગ આહારમાં કરવાથી આયર્નની કમી દૂર કરવામાં મદદ કરે છે. શરીરમાં શક્તિનો સંચાર થવા લાગે છે.

**આંખોની તંદુરસ્તી માટે ગુણકારી :** અળવીના પાનમાં બિટા-કેરોટીનનું પ્રમાણ ભરપૂર જોવા મળે છે. બિટા-કેરોટીન શરીરમાં પ્રસરીને વિટામિન-એ બની જાય છે. વિટામિન-એ આંખોની તંદુરસ્તી માટે ગુણકારી ગણાય છે. જે આંખોની રોશની વધારવામાં મદદ કરે છે.

**અળવીના પાન ખાતાં પહેલાં લેવાની કાળજી :** અળવીના પાન ક્યારેય કાચા ખાવા નહીં. કેમ કે અળવીના પાનમાં ઑક્સાલૅટની માત્રા સારા પ્રમાણમાં સમાયેલી હોય છે. અળવીના પાનને અનેક વખત હાથ લગાવવાથી ખંજવાળ આવવા લાગે છે. ક્યારેક પકાવ્યા બાદ તેનો આહારમાં ઉપયોગ કરવાથી ગળામાં ખંજવાળ આવવા લાગે છે. અળવીના પાનમાં રહેલી ઑક્સોલેટની માત્રાને ઘટાડવા માટે પાનને મીઠાવાળા પાણીમાં અડધો કલાક પલાળીને રાખવા જરૂરી છે. જેથી ઑક્સોલેટનું પ્રમાણ ઘટી જાય છે.

**અળવીના પાનમાંથી બનતી વિવિધ વાનગી :** ભારતમાં અળવીના પાનનો ઉપયોગ કરીને પાતરાં બનાવવામાં આવે છે. જેમાં પાનની નાની નસને કાઢીને તેની ઉપર ચણાના લોટમાં મસાલો લગાવીને લગાડવામાં આવે છે. ત્યારબાદ તેના ગોળ વીંટા વાળીને બાફવામાં આવે છે. તેને તળીને કે વઘારીને ખાવાના ઉપયોગમાં લેવામાં આવે છે. ફિલિપાઈન્સમાં અળવીના પાનને નારિયેળના દૂધમાં પકાવીને સ્વાદિષ્ટ બનાવવા માટે મસાલાનો ઉપયોગ કરવામાં આવે છે. લેંગ નામક વ્યંજન તૈયાર કરવામાં આવે છે. અળવીના પાનનો સૂપ, મકાઈની સાથે ભેળવીને સ્વાદિષ્ટ શાક બનાવી શકાય છે. અળવીના પાનની સાથે તેની દાંડીના સ્વાદિષ્ટ મૂઠિયાં બનાવી શકાય છે. મહારાષ્ટ્રમાં અળવીના પાનની સાથે મકાઈ ભેળવીને સ્વાદિષ્ટ પાતળભાજી બનાવવામાં આવે છે. શ્રી ગણપતિના ઉત્સવમાં લાડુની સાથે ગરમાગરમ આલુવડીનો પ્રસાદ ખાસ મહેમાનોને પીરસવામાં આવે છે.

### અળવીના પાનનાં પાતરાંની રીત



સામગ્રી : ૬ નંગ અળવીના પાન, ૨ મોટી વાટકી ચણાનો લોટ, સ્વાદાનુસાર મીઠું, ૧ ચમચો અજમો, ૨ ચમચી સમારેલો ગોળ, ૨ મોટી ચમચી આમલીનો પલ્પ, ૨ નાની ચમચી ધાણાજીરું, ૧ ચમચી આદું મરચાંની પેસ્ટ, ૧ ચમચી લાલ મરચું, ૧ ચમચી ગરમ મસાલો, ૧ ચમચી ઝીણી સમારેલી કોથમીર, ૧ ચમચી કસૂરી મેથી. ૩ ચમચી સફેદ તલ, ૧ ચમચી મીઠા લીમડાંના પાન તથા ચપટી હિંગ.

બનાવવાની રીત : સૌ પ્રથમ પાનની દાંડી હળવે હાથે કાપી લેવી. ત્યારબાદ ચણાના લોટમાં ઉપર જણાવેલી સામગ્રી ભેળવી મિશ્રણ તૈયાર કરી લેવું. સૌથી મોટા પાનને પ્રથમ લેવું. પાનની ઉપર ચણાના લોટનું મિશ્રણ હલકે હાથે લગાવી લેવું. તેની ઉપર બીજું પાન ગોઠવીને તેની ઉપર ચણાનો લોટ લગાવી લેવો. ત્યારબાદ તેના વીંટા વાળી લેવાં. બધા જ વીંટાને ૧૦-૧૫ મિનિટ વરાળમાં બાફી લેવાં. ઠંડા થાય ત્યારબાદ તેના એક સરખા ટુકડાં કરી લેવાં. તેને તેલમાં રાઈ-મીઠો લીમડો-તલ-હિંગ વગેરેથી વઘારીને ખાઈ શકાય. તેને ઓછાં તેલમાં ધીમે તાપે સાંતળીને કડક બનાવીને લહેજત માણી શકાય. બંને પાતરાંની રીતમાં લીંબુનો રસ તથા ચપટી ચાટ મસાલો ઉપરથી છંટકારવો.

feedback@bombaysamachar.com

આહારથી આરોગ્ય સુધી

ડૉ. હર્ષા છાડવા

# બાયોટિનઃ એક જરૂરી વિટામિન...



સમય જેમ જેમ આધુનિક અને પ્રગતિશીલ બને છે તેમ તેમ શારીરિક અને માનસિક વ્યાધિઓ વધતી જાય છે. વિટામિન કે જીવનસત્વ શરીર માટે અમૂલ્ય છે. આની ઊણપ શારીરિક વ્યાધિઓમાં વધારો કરે છે. વિટામિન ભોજનના અવયવ છે જેની અમુક માત્રામાં આવશ્યકતા છે. રાસાયણિ રૂપથી આ કાર્બનિક યોગિક હોય છે. શરીર દ્વારા પર્યાપ્ત માત્રામાં સ્વયં ઉત્પન્ન નથી થતાં આને ભોજન દ્વારા લેવા આવશ્યક છે. વિટામિન પ્રાકૃતિક ભોજન દ્વારા લેવામાં આવે તે જ શરીરમાં શોષિત થાય છે અને તેનું કામ કરે છે. વિટામિનની દવા કે ગોળી ફકત સરફેસ (સપાટી) પર કામ કરે છે તે લોહીમાં અવશોષિત થતાં નથી તેથી તેની આડ અસર (સાઈડ ઈફેક્ટ) થાય છે. જેવી કે ડાયરિયા થવા, પાચન બગડવું, નોસિયા, માથું દુખવું વગેરે. જેવી ઘણી આડ અસર થાય છે.

વિટામિન એચ કે બી-સાત જે બાયોટિનના રૂપથી ઓળખવામાં આવે છે. જેની શરીરમાં લગભગ ૩૦૦ મિલી ગ્રામની જરૂરિયાત છે. જે ફેટ, કાર્બોહાઈડ્રેડ અને પ્રોટીનના ચયાપચનમાં મદદ કરે છે. જે ચામડી (ત્વચા), વાળ, નખ, બ્લડસુગરને નિયંત્રણમાં રાખવા, એલોપેસિયાથી બચાવ, ખીલ, ચકમા, લકવાની ફરિયાદથી દૂર, વૃદ્ધિનો અટકાવ રોકવામાં, શરીરમાં દર્દની રોકથામ માટે, વાળની વૃદ્ધિ કરવા માટે કે ખરતા રોકવા માટે આ વિટામિન બાયોટિન બહુ જ જરૂરી ન્યૂટ્રિશન માટે અગત્યનું છે.

એક દર્દીને છાણનાં પોદળાની જેમ છાતી અને હાથ-પગ ઉપર પોદળા નીકળી આવ્યા હતા. હાથ-પગ પર કાળા જેવાં પોદળા નીકળી આવ્યા હતાં. (રોગનું નામ કિલોઈડ) તે વ્યક્તિ (દર્દી) દિવસમાં બે વખત ઈંડા ખાતો હતો અને અઠવાડિયામાં બે વખત નોનવેજ ખાતો હતો. જેને કારણે તેની ચામડી પર કાળા પોદળા નીકળ્યા હતા ઓપરેશન કરાવ્યું પોદળા કઢાવ્યા પણ બે મહિના પછી પાછા નીકળ્યા. આહાર પર નિયંત્રણ ન હોવાથી પાછા નીકળ્યા. મારી પાસે જ્યારે આવ્યા ત્યારે ઈંડાનું સેવન બંધ કરાવ્યું. કોઈપણ પ્રકારનું નોનવેજ ન ખાવું, ઈંડાની અંદર એવિડીન નામનું તત્ત્વ હોય છે તેને બાયોટિન બોઈડર કહેવાય છે. શરીરને ત્રણસો માઈક્રો મિલીગ્રામ બાયોડિનની જરૂરિયાત હોય છે. ઈંડા ખાઈ લેતા ૨૭૩ માઈક્રોગ્રામ બાયોટિન નષ્ટ જ થઈ જાય છે. ત્વચાની દેખભાળ માટે આવશ્યક બાયોટિન શરીરને મળતું નથી ત્યારે આવી ત્વચાનો રોગ થાય છે. દહીસર રહેતો આ દર્દી ત્રણ મહિના પછી સાજો થયો. પ્રાકૃતિક આહાર એ આજ સુધી તેમણે ચાલુ રાખ્યો છે.

બાર વર્ષની એક છોકરી જેનું નામ ક્રીના. તેની ચામડી પર લાલડાઘ ત્રણ વર્ષ સુધી હતાં. તેને ચોકલેટ અને ચાઈનીસ ખાવાનું વધુ પસંદ હતું. જેના કારણે તેને લાલડાઘા નીકળતા. માટીમાં ઔષધી નાખી લગાડી, આહારમાં સુધારો થતાં તેણી એંસી ટકા સુધી સારું થઈ ગયું. પગમાં થોડા ડાઘ છે. ઉપચાર ચાલુ છે.

નાલાસોપારાની સત્તર વર્ષની જીયા જે આલુ ચીપ્સ ખૂબ જ ખાતી. દિવસમાં બે પૅકેટ જેવું ખાતી. જેના કારણે તેને આખા શરીરમાં ફોડીઓ થતી, તેમાંથી પાણી નીકળતું, જેથી કપડાં પહેરવા મુશ્કેલ બની જતાં. તે લગભગ એક મહિના પછી સાજી થઈ. જીયા લગભગ બે વર્ષથી દવા લેતી તેથી તેની ચામડી સૂકી થઈ જતી ને ખંજવાળ ખૂબ આવતી હતી. જેવી ચીપ્સ બંધ થઈ અને ઘરનું ભોજન લેતી થઈ તો ખંજવાળ બંધ અને પછી પાણી નીકળતું પણ બંધ થઈ ગયું. ખરાબ નમક જેમાં સોડિયમની માત્રા વધુ હોય અને રિફાઈન્ડ તેલ ને કારણે ચામડી પર ખરાબી થઈ હતી. તેના વાળ ઊતરતા પણ બંધ થયા. તે ચામડીના રોગથી સાજી થઈ. વધુ પડતું નમક (સોડિયમ) વધતા વાળ ખરી જાય છે.

આહારમાં જો બાયોટિન મળી રહે તો ત્વચાની બીમારી પર જલદી કાબૂ આવે છે. વધુ વાળ ખરતાં હોય કે નખ તૂટતા હોય ત્યારે બાયોટિન યુક્ત આહાર લેવાથી આ તકલીફથી મુક્ત થવાય છે. એલોપેસીઆ (ટકલ) જેવી તકલીફથી સાજું થવા બાયોટિન યુક્ત ભોજન લેવું જોઈએ. કોઈ દવા કે તેલથી વાળ નથી આવતાં. વાળ ઊતરવાના બીજાં ઘણાં કારણ કોઈ શકે, પણ વાળ માટેનું બાયોટિન લેતા તેમાં ફરક જરૂર જણાય છે. ઉત્સેચકોની કાર્ય સિદ્ધિ અને નિર્માણ માટે બાયોટિનની જરૂરિયાત હોય છે.

બાયોટિન માટે કોઈ સપ્લિમેન્ટ લેવાની જરૂર નથી કેફેન યુક્ત આહાર, વધુ પડતાં નમકવાળી વસ્તુઓ રિફાઈન્ડ સાકર તેલવાળો આહાર બંધ કરી દેવો.

બાયોટિન યુક્ત આહારમાં ઘઉંનું તેલ, (વીટ ગ્રાસ ઓઈલ) લગભગ ૨૨-૩૮ માઈક્રો ગ્રામ એટલે કે ૧૦૦ ગ્રામ બાયોટિન હોય છે. ઘઉંના થુલામાં પણ ૧૦૦ ગ્રામ જેટલું બાયોટિન હોય છે.

યીસ્ટ ડ્રાય કે વેટ બન્નેમાં ઉત્તમ પ્રકારનું બાયોટિન હોય છે. ઢોકળા, ઈડલી કે હાંડવામાં સોડા ન નાખવા તેની બદલે ડ્રાયયીસ્ટનો ઉપયોગ કરવો જેથી બાયોટિનની ગરજ પૂરી થાય અને સોડાના કેમિકલથી બચાવ થાય. યીસ્ટમાં બાયોટિનનો મોટો સંગ્રહ છે.

મશરૂમ એ ઉત્તમમાં ઉત્તમ બાયોટિન છે. મશરૂમની ચોદથી પંદર પ્રકારની વેરાયટી છે. બજારમાં સરળતાથી બટન મશરૂમ અને બ્રાઉન મશરૂમ મળે છે (મશરૂમ એટલે બિલાડીનો ટોપ નહીં) ખેતરમાં ઉગતા મશરૂમ. મશરૂમમાં લાયકોપીન એ કેલ્શિયમનો સ્ત્રોત ઘણો જ છે જે ચામડીના કેન્સરને પણ સાજો કરી શકે છે. વાળનો ગ્રોથ અને સુંદરતા વધારે છે.

અન્ય ખાદ્ય-સામગ્રી જેવી કે કેળા, સફરજન, ફણસ, સંતરા પીચ, કીસમીસ, અખરોટ, બદામ, ગાજર, શક્કરિયા, ફલાવર, શીંગોડા, શીંગદાણા, બટેકા, લીલા પાંદડાવાળી વનસ્પતિમાં બાયોટિન મળી રહે છે. આ બધી ખાદ્ય સામગ્રીનો ઉપયોગ પ્રાકૃતિક રીતે થવો જરૂરી છે. જખ્મ વહેલા રૂઝાતા ન હોય તેનું કારણ છે માયલીન શીથનું ખુલ્લું થઈ જવું. પાચનક્રિયાની ખામી માટે આ પ્રાકૃતિક આહારથી સુધારો કાયમી થઈ જાય છે. વિટામિન બાયોટિનમાં સૂક્ષ્મ ભેદ પણ હોય છે. જેમ કે કોલીન, કાર્નિટાઈન, માયો-ઈનીસિટોલ, પાબા મેથીઓનીન, ક્વિનોલ યૂબીક્વિનોન, ઓડિલિનિ અમ્લ પરંતુ આની જરૂરિયાત સૂક્ષ્મ પ્રમાણમાં હોય છે. તે વિટામિન બાયોટિન વાળો આહાર લેવાથી આની જરૂરિયાત શરીરમાં પૂરી થઈ જાય છે. પ્રાકૃતિક વનસ્પતિમાં આ બધાં તત્ત્વો શામિલ છે. દવા કે અન્ય કોઈ સપ્લિમેન્ટની જરૂર નથી. ■

feedback@bombaysamachar.com

આરોગ્ય પ્લસ

સંકલનઃ સ્મૃતિ શાહ-મહેતા

# એક ખતરનાક રોગ...ડાયાબિટીસ

### થોડી કાળજી રાખો તો આ ડગલે ને પગલે પજવી શકે એવી બીમારીથી બચી શકો...

## ડાયાબિટીસ એટલે મધુપ્રમેહ...

આ શબ્દથી આજે કોણ અજાણ છે...?


વિશ્વવ્યાપી આ રોગ આજે મોટા ભાગના ઘરોમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપી ચૂક્યો છે. આ રોગ આપણી આજુબાજુમાં રહેતી કોઈ ને કોઈ વ્યક્તિમાં આપણે જોયો છે, તેમ જ અનુભવ્યો પણ છે. આમ છતાં આ રોગ વિશે આપણે કેટલું જાણીએ છીએ? કેટલા ગંભીર છીએ?

આજે વિશ્વની વસતિના અંદાજે કુલ ૮.૩% લોકો ડાયાબિટીસના દર્દીઓ છે. તેમ જ દર ૧૧ વ્યક્તિ પૈકી ૧ વ્યક્તિ ડાયાબિટીસનો દર્દી છે. દુર્ભાગ્યવશાત્ આ રોગના દર્દીઓમાં ૫૦% લોકોને તે ખ્યાલ જ નથી હોતો કે તેમને ડાયાબિટીસ છે. આપણે સામાન્ય રીતે શરીરમાં શર્કરાની માત્રા વધી જાય તેને ડાયાબિટીસ કહીએ છીએ, પરંતુ ખરેખર ડાયાબિટીસ શું છે, તે વિશે આપણે આગળ વિસ્તારથી જાણીશું. પરંતુ આશ્ચર્ય એ છે કે, આ રોગ આટલી હદે પ્રચલિત હોવા છતાં આપણને તેની ગંભીરતા જરા પણ નથી..! અરે..! ખુદ દર્દીને પણ તેની ગંભીરતા નથી હોતી! ડાયાબિટીસ એક એવું મૂળિયું છે કે જેમાંથી અનેક ભયંકર બીમારીઓરૂપ તોતિંગ ઝાડવા ઊગી નીકળવાની ૧૦૦ એ ૧૦૦% સંભાવના છે. ડાયાબિટીસ આપણા શરીરને બહુ જ શાંતિથી નાશ કરવા માટે પર્યાપ્ત છે.

## શું આપ જાણો છો?...

વિશ્વમાં દર ૧ મિનિટે ૬ વ્યક્તિ ડાયાબિટીસને કારણે મૃત્યુ પામે છે. દર વર્ષે વિશ્વમાં અંદાજીત ૫૦ લાખ લોકો ડાયાબિટીસના કારણે મૃત્યુ પામે છે.

ડાયાબિટીસ સાથે ભારતની તુલનાઃ



ભારત એ ડાયાબિટીસમાં વિશ્વની રાજધાની છે. કેમ કે, દુર્ભાગ્યવશાત્ ભારત ડાયાબિટીસના દર્દીઓની સંખ્યામાં મોખરે છે.

ભારતની કુલ વસતિના આશરે ૫% લોકો ડાયાબિટીસના રોગથી પીડાય છે. વિશ્વમાં ડાયાબિટીસના દર ૫ દર્દીઓમાં ૧ દર્દી ભારતનો છે.

દર વર્ષે ભારતમાં અંદાજિત ૧૦ લાખથી વધુ લોકો ડાયાબિટીસના રોગથી મૃત્યુ પામે છે.

ડાયાબિટીસના દર્દીઓની સારવાર કરવા માટે ભારતમાં અર્થતંત્ર ઉપર ભવિષ્યમાં ખૂબ જ બોજ આવી શકવાની સંભાવના છે.

## ડાયાબિટીસ એટલે શું?

આજે ડાયાબિટીસ લગભગ ઘરોઘર વ્યાપી ગયો હોવા છતાં સામાન્ય જનતાને તેમ જ ડાયાબિટીસના દર્દીઓને પણ આ રોગ વિશે માહિતી નહિવત્ હોય છે. તે હેતુને ધ્યાનમાં રાખીને અહીં આ રોગ વિશે વિસ્તૃત માહિતી આપવાનો પ્રયાસ કર્યો છે.....

આપણું શરીર અસંખ્ય કોષો (ભયહહત)નું બનેલું છે. તે કોષોને જીવવા માટે સતત ઊર્જાત (Energy)ની જરૂર પડતી હોય છે, અને તે ઊર્જા તેમજે ગ્લુકોઝ (શર્કરા) દ્વારા પ્રાપ્ત થાય છે. જમલો આહાર પેટમાં ગયા બાદ તે લોહીની અંદર ગ્લુકોઝમાં રૂપાંતર થાય છે. તે ગ્લુકોઝ કોષોને શક્તિ આપવા માટે લોહીમાંથી કોષોની અંદર પ્રવેશ કરવા માગે છે. તેના કોષોની અંદર તે ગ્લુકોષ પ્રવેશી શકતું નથી. પરિણામ સ્વરૂપે ગ્લુકોઝનું પ્રમાણ લોહીની અંદર ખૂબ જ વધી જાય છે. આ રીતે શરીરમાં લોહીની અંદર ગ્લુકોઝનું પ્રમાણ જરૂરિયાત કરતાં વધી જવું તેનું નામ જ ડાયાબિટીસ છે.

સામાન્ય રીતે દર્દીઓમાં બે પ્રકારના ડાયાબિટીસ જોવા મળે છે : પ્રકાર-૧ (Type ૧) અને પ્રકાર-૨ (Type ૨). બંને પ્રકારમાં કોષોનું લોક ન ખૂલતા ગ્લુકોઝ લોહીમાં જ રહે છે અને તેથી ડાયાબિટીસ થાય છે, પરંતુ પ્રશ્ન એ છે કે, ‘કોષોનું લોક શા કારણે ખૂલતું નથી? અને આ કોષોનું લોક કોણ ખોલે છે?’

સ્વાદુપિંડ (Pancreas)માં બનતું ઈન્સ્યુલિન એ કોષોના લોકને ખોલવાની ચાવી છે. ડાયાબિટીસના બંને પ્રકારોમાં કોષોનું લોક ન ખૂલવાનું કારણ અલગ અલગ છે. તેમાં...

**બે પ્રકારના ડાયાબિટીસની સરખામણી**

| | TYPE-1 | TYPE-2 |
|---|---|---|
| ડાયાબિટીસના દર્દીઓમાં કેટલા ટકા લોકોને? | ૧૦% | ૯૦% |
| થવાનું કારણ? | મોટા ભાગે વારસાગત | આહાર તથા જીવનશૈલીની ભૂલના કારણે |
| થવાની ઉંમર? | નાની ઉંમરથી | મોટા ભાગે ૩૫ વર્ષ પછી |
| શરીરનો બાંધો? | મોટા ભાગે પાતળો | મોટા ભાગે સ્થૂળ |
| અટકાવી શકાય? | ના | હા |

Type ૧ ડાયાબિટીસમાં શરીરની રોગપ્રતિકારક શક્તિ જ કુદરતી રીતે શરીરમાં રહેલા ઈન્સ્યુલિનને બહાર શત્રુ સમજીને નાશ કરી નાખે છે. તેથી શરીરમાં ઈન્સ્યુલિનની માત્રા બહુ જ ઓછી થઈ જવાની પર્યાપ્ત સંખ્યામાં કોષોના લોક ખોલવા માટે ઈન્સ્યુલિન શરીરમાં રહેતું નથી. તેથી ગ્લુકોઝ લોહીમાં જ રહે છે અને કોષોને પૂરતી ઊર્જા મળતી નથી.

Type ૨ ડાયાબિટીસમાં દર્દીનો આહાર જ લોહીની અંદર ગ્લુકોઝનું પ્રમાણ ખૂબ જ વધારી દે છે. આમ શરીરમાં વધી ગયેલા ગ્લુકોઝને કારણે ઈન્સ્યુલિનને વારંવાર કોષોનું લોક ખોલવું પડે છે. પરંતુ દરેક સમયે કોષોને ગ્લુકોઝની જરૂર હોતી નથી. પરંતુ ઈન્સ્યુલિનના લોક ખોલવાના વારંવાર થતા પ્રયત્નને કારણે કોષો જ ઈન્સ્યુલિનની લોક ખોલવાની ક્ષમતાને ક્ષીણ કરી દે છે. માટે હવે જ્યારે ખરેખર કોષોને ગ્લુકોઝની જરૂરિયાત હોય ત્યારે બધા જ ઈન્સ્યુલિન કોષોનું લોક ખોલવા સમર્થ હોતા નથી. આથી ગ્લુકોઝ કોષો સુધી પહોંચતું નથી અને લોહીમાં જ રહે છે. આ પ્રક્રિયાને Insulin Resistance કહેવાય છે. આ રીતે બંને પ્રકારમાં કોષોને ગ્લુકોઝ ન મળવાથી ડાયાબિટીસના દર્દીઓને હંમેશાં ભૂખ વર્તાયા કરે છે.

## ડાયાબિટીસનાં લક્ષણઃ

*વારંવાર ખૂબ જ તરસ અને જમ્યા પછી પણ ખૂબ જ ભૂખ લાગવી.

*શરીરમાં ખૂબ જ થાક લાગવો.

*વારંવાર પેશાબ કરવા જવું પડે.

*આંખનું તેજ ઘટી જવું.

*મોઢું, જીભ અને ગળું સૂકાયેલું રહેવું.

*કોઈકવાર માથામાં દુઃખાવો થવો.

*ધીરે ધીરે શરીરનું વજન ઘટવું.

*કોઈકવાર ચક્કર આવવા અને ઊલટી થવી.

*વારંવાર મૂડમાં ફેરફાર થવો.

*વારંવાર ચામડીના ઈન્ફેક્શન થવા. જેમ કે, ખરજવું, ગૂમડાં, ચામડી ફાટી જવી, દાદર વગેરે...

* શરીરમાં કાંઈ પણ ઈજા પહોંચી હોય તો રૂઝ આવતા વાર લાગવી.

* સમયાંતરે સાંભળવાની, જોવાની, સૂંઘવાની, ચાખવાની અને સ્પર્શની ઈન્દ્રિયો મંદ પડી જવી.

***

**ડાયાબિટીસ થવાનાં વિવિધ કારણ વિશે આપણે વાત કરીશું આવતા અઠવાડિયે....** ■

# મુંબઈમાં વરસાદનો વિક્રમ

## ચાર દિવસમાં ૨૦ ઈંચ

## આઠ કલાકમાં ૭ ઈંચ

## ચાલુ મોસમમાં પહેલી વખત સળંગ બે દિવસ મુંબઈમાં રેડ એલર્ટ



કિંગ્સસર્કલમાં ભરાયેલાં પાણીમાંથી રસ્તો કાઢી રહેલી કાર.



ભારે વરસાદને કારણે વિઝિબિલીટી ઘટી જતાં પાર્કિંગ કરેલાં વિમાનો અને મીઠી નદીનું બધી રહેલું જળસ્તર.



રોડ પર ભરાયેલાં પાણીમાંથી રસ્તો કાપતી બસ અને ઉપરથી પસાર થતી મોનોરેલ. (તસવીરો જયપ્રકાશ કેળકર, અમય ખરાડે, એજન્સી)

## સ્કૂલ, કોલેજમાં આજે રજા

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વરસાદે ફરી એક વખત મુંબઈને ધમરોળી નાખ્યું હતું. સોમવારે સવારથી બપોર સુધીમાં મુંબઈમાં મુશળધાર વરસાદ પડતાં ઠેર-ઠેર પાણી ભરાયાં હતાં. રેલવે, વિમાન સેવા સહિત રોડ સર્વિસને ફટકો પડયો હતો. નવ કલાકના ગાળામાં અનેક વિસ્તારમાં ૧૦૦ સેન્ટીમીટરથી પણ વધારે વરસાદ પડયો હતો. તો મુંબઈમાં છેલ્લા ૯૬ કલાકમાં ૫૦૦ મિલીમીટર (૨૦ ઈંચ) કરતા પણ વધુ વરસાદ નોંધાયો છે.

ભારે વરસાદને પગલે હવામાન વિભાગે સોમવારના ઓરેન્જ અલર્ટને રેડ અલર્ટમાં ફેરવી નાખીને ભારેથી અતિથી અતિભારે વરસાદની ચેતવણી આપીને નાગરિકોને ઘરની બહાર નહીં નીકળવાની અપીલ કરી હતી. હવામાન વિભાગે મંગળવાર માટે પણ રેડ અલર્ટની ચેતવણી આપીને ભારેથી અતિભારે વરસાદ પડવાની શક્યતા વ્યક્ત કરી છે. ચોમાસાની સિઝનમાં પહેલી વખત સતત બે દિવસ માટે મુંબઈમાં રેડ અલર્ટની આગાહી કરવામાં આવી છે. રેડ અલર્ટને પગલે ભારેથી અતિભારે વરસાદની શક્યતાને પગલે મુંબઈ મહાનગરપાલિકા દ્વારા મંગળવારના તમામ સ્કૂલ અને કૉલેજોને સાર્વજનિક રજા જાહેર કરવામાં આવી હતી.

સોમવાર વહેલી સવારથી મુશળધાર વરસાદ શરૂ થયો હતો અને વરસાદનું જોર સવારના ૮.૩૦ વાગ્યાથી બપોરના ૨.૩૦ વાગ્યા દરમ્યાન રહ્યું હતું.

ભારે વરસાદને કારણે પાણી ભરાઈ જતાં લોકલ ટ્રેન સહિત વાહનવ્યવહારને ફટકો પડયો હતો. નીચાણવાળા વિસ્તાર ગણાતા હિંદમાતા, સાયન, કિંગસર્કલ, લાલબાગ, ભાયખલા, કુર્લા, બાન્દ્રા, માટુંગા, માહિમ, સાંતાક્રુઝ, અંધેરી, ઘાટકોપર, વિક્રોલીમાં પાણી ભરાઈ ગયાં હતાં.

સોમવાર સવારના આઠ વાગ્યાથી બપોરના બે વાગ્યા સુધીમાં દક્ષિણ મુંબઈમાં સરેરાશ ૯૭.૮૮ મિ.મી. , પૂર્વ ઉપનગરમાં ૮૬.૨૧ મિ.મી. અને પશ્ચિમ ઉપનગરમાં ૮૩.૧૦ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ■



પરેલમાં પાણી ભરેલા રસ્તામાં બંધ પડેલી બાઈકને કારણે સર્જાયેલી ટ્રાફિક જૅમ.



ભારે વરસાદને કારણે દાદરમાં ભરાયેલાં પાણી ઓછાં થયા બાદ પ્લેટફોર્મ પર પ્રવાસીની ભીડ.

## કોલ્હાપુરની પંચગંગામાં પાણી જોખમી સપાટીએ

મુશળધાર વરસાદને પગલે કોલ્હાપુરના ડુંગરાળ વિસ્તારમાં આવેલા રાધાનગરી ડેમમાંથી પાણી છોડવામાં આવતા પંચગાંગા નદીના પાણીની સપાટીમાં ઝડપથી વધારો થયો હતો. પ્રશાસનના જણાવ્યા મુજબ સોમવારે બંધના સાત ગેટમાંથી ૧૧,૫૦૦ ક્યુસેક પાણી છોડવામાં આવ્યું હતું. તેથી પંચગંગા નદીને કિનારે રહેતા લોકો સતર્ક રહેવાની ચેતવણી આપવામાં આવી હતી. સોમવાર બપોર સુધીમાં નદીની સપાટી ૩૯.૯ ફૂટ સુધી પહોંચી ગઈ હતી, જે તેના ૩૯ ફૂટની ચેતવણી લેવલથી આઠ ફૂટ નીચે હતી. નદીની જોખમી સપાટી ૪૩ ફૂટની છે. ■

## ૯૬ કલાકમાં ૨૦ ઈંચ વરસાદ

મુંબઈમાં છેલ્લા ૯૬ કલાકમાં (ચાર દિવસ)માં ૫૦૦ મિલીમીટર એટલે કે ૨૦ ઈંચથી પણ વધુ વરસાદ પડયો છે, જેમાં સોમવારે સવારે ભારે વરસાદ પડયો હતો. ૧૬ ઑગસ્ટથી અત્યાર સુધીમાં મુંબઈમાં ૫૦૦ મિ.મી. જેટલો વરસાદ નોંધાયો છે,જેમાં ૧૫-૧૬ ઑગસ્ટ દરમ્યાન ૨૪૪ મિ.મી., ૧૬થી ૧૭ ઑગસ્ટ દરમ્યાન ૮૩.૮ મિ.મી. , ૧૭થી ૧૮ ઑગસ્ટ દરમ્યાન ૯૯.૪ મિ.મી. અને ૧૮ ઑગસ્ટના સવારના ૮.૩૦ વાગ્યાથી સાંજના ૫.૩૦ વાગ્યા ૧૨૩.૯ મિ.મી. વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે ચાલુ સિઝનમાં પહેલી વખત ૧૮ અને ૧૯ ઑગસ્ટ એમ સતત બે દિવસ રેડ અલર્ટની ચેતવણી આપી છે.

## તો મીઠી નદીમાં પૂર!

બે દિવસ પહેલા તુલસી અને સોમવારે વિહાર છલકાઈ ગયું છે. બંને તળાવ છલકાઈ જતા મુંબઈગરા માટે આનંદના સમાચાર તો છે પણ એ સાથે જ ચિંતા પણ વધી ગઈ છે. વિહાર છલકાઈ ગયા બાદ તેનું પાણી મીઠી નદીમાં જાય છે. મુંબઈમાં મંગળવારના પણ રેડ અલર્ટની ચેતવણી છે. જો મંગળવારે પણ ભારે વરસાદ રહ્યો તો મીઠી નદીમાં પાણીનું સ્તર વધીને તેમાં પૂર આવવાની શક્યતા છે. ■



કુર્લા અને તિલકનગર સ્ટેશનો વચ્ચે અટકી પડેલી લોકલ ટ્રેન.



મુંબઈના ચુનાભટ્ટી વિસ્તારમાં ભરાયેલાં પાણીમાંથી રસ્તો કાઢી રહેલાં વાહનો.

## એવિયેશન સેવાને ફટકો

મુંબઈમાં આખી રાત પડેલા મુશળધાર વરસાદની અસર રોડ સેવા, રેલવે સેવાની સાથે જ વિમાન સેવાને પણ થઈ હતી. આખી રાતના વરસાદ બાદ દિવસના પણ સતત વરસાદ ચાલુ રહેવાને પગલે વિઝિબિલીટી ઘટી જવાથી વિમાનના લેન્ડિંગ અને ટેક-ઓફમાં અડચણો આવી હતી. સવારથી બપોર સુધી નવથી વધુ વિમાનોના લેન્ડિંગ રદ કરવામાં આવ્યા હતા. ખરાબ હવામાનને કારણે એક વિમાનને અન્ય જગ્યાએ ડાઈવર્ટ કરવામાં આવ્યું હતું. વરસાદને પગલે રસ્તા પર ભરાઈ ગયેલા પાણીને કારણે ઠેર-ઠેર ટ્રાફિક જૅમને કારણે અનેક લોકો સમયસર ઍરપોર્ટ પર પહોંચી શકયા નહોતા. અનેક ઍરલાઈન્સ કંપનીઓએ પોતાના પ્રવાસીઓને ભારે વરસાદ હોવાને કારણે ટ્રાફિક જૅમમાં ફસાઈને ફ્લાઈટ ચૂકી ના જવાય તે માટે ઘરેથી જલદી નીકળવાની અપીલ કરતા મેસજ પણ મોકલ્યા હતા.■

## અનેક ટ્રેનો રદ થઈ, સમય કરતાં મોડી દોડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈગરાની લાઈફલાઈન ગણાતી લોકલ ટ્રેનને આખી રાતના વરસાદને પગલે ઠેર ઠેર ભરાયેલા પાણીને કારણે ફટકો પડ્યો હતો. મધ્ય અને વેસ્ટર્ન રેલવેમાં અનેક સ્ટેશનો પાસે પાટાઓમાં પાણી ભરાઈ જતા લોકલ ટ્રેનો તેના નિયત સમય કરતા ૧૫ થી ૪૫ મિનિટ મોડી દોડી રહી હતી. અનેક લોકલ ટ્રેનો રદ પણ કરવામાં આવી હતી. તેને કારણે છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસથી લઈને ચર્ચગેટ સહિતનાં તમામ સ્ટેશનો પર ભારે ભીડ થઈ હતી.

બપોરના થોડા સમય દરમ્યાન પડેલા ભારે વરસાદને કારણે મધ્ય રેલવેમાં પાટા પર પાણી ભરાઈ જવાને કારણે ટ્રેનો ધીમી દોડી રહી હતી. તો અમુક જગ્યાએ ટ્રેનો પાટા પર જ ઊભી રહી હતી. લાંબા સમય સુધી ટ્રેનો શરૂ ન થવાને કારણે લોકો પાટા પર ચાલતા જોવા મળ્યા હતા.અનેક સ્ટેશનો વચ્ચે ટ્રેનોનું બન્ચિંગ થઈ ગયું હતું અને તેને કારણે ટ્રેનો મોડી પડતા સ્ટેશનો પર ભીડ થઈ ગઈ હતી.

નીચાણવાળા વિસ્તાર ગણાતા દાદર, પરેલ, ભાયખલા, માટુંગા, વડાલા, ચેમ્બુર, માનખુર્દ અને ચુનાભટ્ટીમાં બપોરના સમયમાં ખાસ્સો એવો સમય પાટા પર પાણી ભરાઈ ગયાં હતાં. મધ્ય રેલવેના પબ્લિક રીલેશન ઓફિસર સ્વપ્નિલ નિલાએ જણાવ્યું હતું કે સાયન, ગોવંડી, માનખુર્દ, ચેમ્બુર અને કુર્લા વચ્ચે પાટાઓ પર પાણી ભરાયાં હતાં. એ સિવાય ભારે વરસાદને પગલે વિઝિબિલિટી પણ ગઈ હતી તેને કારણે ટ્રેન દોડાવવામાં મોટરમેનને અડચણ થઈ હતી અને તેને કારણે ટ્રેનો મોડી પડી હતી. મેઈન લાઈનની ટ્રેનો ૨૦થી ૨૫ મિનિટ તો હાર્બર લાઈનની ટ્રેનો ૧૫થી ૨૦ મિનિટ મોડી દોડી રહી હતી. ખાસ કરીને કુર્લા અને વડાલામાં પાટા પર મોટા પ્રમાણમાં પાણી ભરાયાં હતાં.

પશ્ચિમ રેલવેએ સત્તાવાર આપેલા નિવેદન મુજબ ૧૬, ૧૭ અને ૧૮ ઑગસ્ટના રેડ અલર્ટની ચેતવણી હોવાથી અમે પહેલાથી સતર્ક રહ્યા હતા અને તે મુજબની તૈયારી રાખી હતી. ગ્રાન્ટ રોડ, દાદર, વસઈ રોડ અને વિરાર સ્ટેશન પર ૨૫૦ મિલીમીટરથી પણ વધુ વરસાદ પડ્યો હતો તો બાન્દ્રા ટર્મિનસ યાર્ડ, અંધેરી, બોરીવલીમાં છેલ્લા બે દિવસમાં ૩૦૦ મિ.મી.થી વધુ વરસાદ પડ્યો હતો. ■

## મુંબઈમાં અચાનક આટલો વરસાદ કેમ પડી રહ્યો છે?

### હવામાન શાસ્ત્રીઓએ આપી જાણકારી

મુંબઈઃ છેલ્લા ત્રણ દિવસથી મુંબઈમાં સતત વરસાદ વરસી રહ્યો છે. આ કારણે મુંબઈમાં ઘણી જગ્યાઓએ પાણી ભરાઈ ગયા છે અને રોડ અને રેલ ટ્રાફિક ઠપ્પ થવાની આરે છે. જોકે, ગઇ કાલ સવારથી આ વરસાદની તીવ્રતામાં નોંધપાત્ર વધારો થયો છે. મુંબઈમાં અચાનક આટલો બધો વરસાદ કેમ શરૂ થઈ ગયો છે? આ પ્રશ્ન ઘણા લોકોના મનમાં ઊઠી રહ્યો છે. પુણે વેધશાળાએ આ પાછળનું કારણ સ્પષ્ટ કર્યું છે. મધ્ય પશ્ચિમ બંગાળ સમુદ્રમાં રવિવારે એક નીચા દબાણનું ક્ષેત્ર રચાયું છે. આના કારણે, મહારાષ્ટ્રના મોટાભાગના ભાગોમાં વરસાદ પડી રહ્યો છે. ચોમાસાના પવનો સક્રિય થયા છે. ઉત્તર કોંકણથી કેરળ સુધી, છેલ્લા ૨૪ કલાકમાં મહારાષ્ટ્રના ઘાટ અને ઉચ્ચપ્રદેશ વિસ્તારોમાં પણ વરસાદ પડી રહ્યો છે. કોંકણ કિનારા માટે બે દિવસ માટે રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે. મધ્ય મહારાષ્ટ્રના ઘાટ પર ખૂબ જ ભારે વરસાદની શક્યતા છે. ઉચ્ચપ્રદેશ વિસ્તારો માટે યેલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. પુણે વેધશાળાએ જણાવ્યું હતું કે બે દિવસ પછી વરસાદની તીવ્રતા ઓછી થવાની શક્યતા છે.

કોંકણથી કેરળ સુધીના દરિયાકાંઠાના વિસ્તારમાં વરસાદ પડી રહ્યો છે. કોંકણ કિનારો, મધ્ય મહારાષ્ટ્રના કેટલાક ભાગો, મરાઠવાડા અને વિદર્ભના કેટલાક જિલ્લાઓમાં સતત વરસાદ પડી રહ્યો છે. બે દિવસમાં મહારાષ્ટ્રના ઘણા ભાગોમાં ભારે વરસાદ પડશે. પુણે વેધશાળાએ આગામી બે થી ત્રણ દિવસ સુધી મુંબઈ અને પુણે સહિત રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. બુધવારથી વરસાદની તીવ્રતામાં ઘટાડો થશે, તેવી આગાહી હવામાન શાસ્ત્રીએ કરી છે. પાલઘર જિલ્લામાં આજે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. મુંબઈ અને કોંકણ માટે પણ રેડ એલર્ટ જારી કરવામાં આવ્યું છે, અને પુણેના ઘાટો માટે ઓરેન્જ એલર્ટ જારી કરવામાં આવ્યું છે.■

## મેટ્રો રેલ બની તારણહાર

મુંબઈમાં ઠેર ઠેર ભરાયેલા પાણીને કારણે વાહનવ્યવહારને ફટકો પડવાની સાથે જ પાટા પર પાણી ભરાઈ જવાને કારણએ લોકલ ટ્રેનને પણ અસર થઈ હતી. જોકે ભારે વરસાદ હોવા છતાં મેટ્રો રેલવે સમયસર દોડી રહી હતી. તેથી ઓફિસ અને સ્કૂલ,કોલેજથી જલદી છૂટેલા મુંબઈગરા માટે મેટ્રો રેલવે તારણહાર બની હતી. એમએમઆરડીએના જણાવ્યા મુજબ મેટ્રો લાઈન ટુએ અને મેટ્રો-સેવન તેના ટાઈમટેબલ મુજબ દોડી રહી હતી. પ્રવાસીઓને હાલાકી થાય નહીં તે માટે વધારાની મેટ્રો પણ તૈયાર રાખવામાં આવી હતી. અંડરગ્રાઉન્ડ દોડતી એક્વા લાઈન તરીકે ઓળખાતી મેટ્રો લાઈન-થ્રી પણ પણ તેના ટાઈમટેબલ મુજબ દોડી રહી હતી. એક્વા લાઈનની ટ્રેનો પશ્ચિમ ઉપનગરમાં આરે કોલોનીથી જોગેશ્વરી-વિક્રોલી લિંક રોડ અને દક્ષિણ મુંબઈમાં વરલીના આચાર્ય અત્રે ચોક સુધી દોડે છે. ■

## માટુંગામાં પાણીમાં સ્કૂલ બસ ફસાઈ

સોમવારના મુશળધાર વરસાદમાં માટુંગામાં પણ ઘૂંટણભેર પાણી ભરાયા હતા, જેમાં માટુંગાની ડોન બૉસ્કો સૂક્લની બસ પાણીમાં ફસાઈ ગઈ હતી. બસમાં છ નાના બાળકો, બે મહિના કર્મચારી અને બસનો ડ્રાઈવર હતા. આ લોકો લગભગ એક કલાક સુધી રસ્તા પર પાણી ભરાયા હોવાથી બસની અંદર બેસી રહ્યા હતા. માટુંગા પોલીસને આ બાબતની જાણ થતા તેમણે તરત પોતાની એક ટીમ મોકલી હતી. પોલીસના જવાનોએ બાળકોને હાથમાં ઊંચકીને તેમને બસની બહાર કાઢ્યા હતા. ■

## છ કલાકમાં સરેરાશ છ ઈંચ વરસાદ

સોમવાર સવારના ૮.૩૦ વાગ્યાથી બપોરના ૨.૩૦ વાગ્યા સુધીના છ કલાક દરમ્યાન ભારેથી અતિભારે વરસાદ પડયો હતો, જેમાં મુખ્યત્વે દાદર, વરલી, ચેમ્બુર, સાયન, વિક્રોલી અને જુહુમાં ૧૫૦ મિ.મી.થી વધુ વરસાદ પડયો હતો. એટલે કે માત્ર છ કલાકમાં છ ઈંચથી વધુ વરસાદ પડયો હતો. તો સવારના છ વાગ્યાથી બપોરના ૨.૩૦ વાગ્યા સુધીના સમયગાળામાં દાદરમાં સરેરાશ ૧૭૩.૪ મિ.મી., વરલીમાં ૧૭૦.૨ મિ.મી., વડાલામાં ૧૬૫.૦ મિ.મી., વર્સોવામાં ૧૪૯.૪ મિ.મી., બાન્દ્રામાં ૧૪૫.૦ મિ.મી., ખાર-પાલીહિલમાં ૧૩૧.૦ મિ.મી., ૧૩૧.૦ અને બીકેસીમાં ૧૨૭.૨ મિ.મી. વરસાદ નોંધાયો હતો. ■

## થાણે અને પાલઘરમાં મુશળધાર વરસાદ

મુંબઈઃ મુંબઈના પડોશી શહેર થાણે, નવી મુંબઈ અને પાલઘર જિલ્લામાં પણ સોમવારે વહેલી સવારના મુશળધાર વરસાદ પડ્યો હતો અને તેને કારણે ઠેક-ઠેકાણે પાણી ભરાયાં હતાં. અનેક જગ્યાએ ટ્રાફિક જૅમની સમસ્યા નિર્માણ થઈ હતી.

મુંબઈ સહિત થાણેમાં પણ સોમવારે રેડ અલર્ટની ચેતવણી હોઈ દિવસ દરમ્યાન ભારેથી અતિ ભારે વરસાદને પગલે પાણી ભરાયાં હતાં. ઘોડબંદર રોડ પર પણ પાણી ભરાતા ટ્રાફિક જૅમ થઈ ગયા હતા. થાણે ડિઝાસ્ટર કંટ્રોલના જણાવ્યા મુજબ પાણી અનેક જગ્યાએ ભરાયા હતા પણ સદ્‌નસીબે દિવસ દરમ્યાન કોઈ દુર્ઘટના બની નહોતી.■

## સૌથી વધુ વરસાદ ચેમ્બુરમાં

રવિવાર રાતથી શરૂ થયેલો વરસાદ સોમવારના પણ આખો દિવસ ચાલુ જ રહ્યો હતો. સોમવારના બપોર સુધીના આઠ કલાકમાં અનેક વિસ્તારમાં ૧૦૦ મિ.મી.થી વધુ વરસાદ પડયો હતો, જેમાં સૌથી વધુ વરસાદ પૂર્વ ઉપનગરના ચેમ્બુરમાં ૧૭૭ મિ.મી. વરસાદ નોંધાયો હતો. એ બાદ દાદરમાં ૧૭૩.૪ મિ.મી. વરલીમાં ૧૭૦.૨ મિ.મી. અને વડાલામાં ૧૬૫ ,િમમી. વરસાદ નોંધાયો હતો. તો વર્સોવામાં ૧૪૯.૪ મિ.મી., વિક્રોલીમાં ૧૪૫.૮ મિ.મી., બાન્દ્રામાં ૧૪૫ મિ.મી., ખારમાં ૧૩૧ મિ.મી. અને બાન્દ્રા-કુર્લા કૉમ્પ્લેક્સમાં ૧૨૭.૨ ,િમમી. વરસાદ નોંધાયો હતો. ■

## લૉ પ્રેશર અને ડિપ્રેશનને કારણે ભારે વરસાદ

હવામાન વિભાગ, મુંબઈના ચીફ શુંભાગી ભુતેએ જણાવ્યું હતું કે બંગાળના ઉપસાગર અને ઉત્તર આંધ્ર પ્રદેશ-દક્ષિણ ઓરિસ્સાના કિનારા વચ્ચે લો પ્રેશર નિર્માણ થયું છે. એ સાથે જ સાયક્લોનિક સર્ક્યુલેશન પણ દરિયાઈ સપાટીથી ૯.૬ કિલોમીટર ઊંચાઈ બન્યું છે, જે પશ્ચિમ-ઉત્તર-પશ્ચિમ દિશા તરફ આગળ વધી રહ્યું છે અને તે ડિપ્રેશનમાં ફેરવાઈને દક્ષિણ ઓરિસ્સા-ઉત્તર આંધ્ર પ્રદેશના કિનારપટ્ટીને ક્રોસ કરીને મંગળવાર, ૧૯ ઑગસ્ટના આગળ વધશે, તેને કારણે કોંકણ રિજનમાં ભારે વરસાદની શકયતા છે. મુખ્યત્વે ૧૮ ઑગસ્ટ બાદ ૧૯ ઑગસ્ટ, મંગળવારના પણ મુંબઈ, થાણે, રાયગઢ અને રત્નાગિરી માટે રેડ અલર્ટ રહેશે. ૨૧ ઑગસ્ટથી તેની તીવ્રતા ઘટવાની સાથે જ વરસાદનું જોર ઘટશે. ■

# એશિયા કપ માટે આજે ટીમ સિલેક્શનઃ પસંદગીકારો પાસે અનેક વિકલ્પો

મુંબઈઃ નવમી સપ્ટેમ્બરે યુએઈમાં શરૂ થનારા આઠ દેશ વચ્ચેના ટી-૨૦ એશિયા કપ માટે ભારતીય ટીમ નક્કી કરવાને આડે ગણતરીના કલાકો બાકી છે ત્યારે સિલેક્ટરો પાસે વિકલ્પોની લાંબી ફોજ છે. તેઓ અનેક સ્પેશ્યાલિસ્ટ બેટ્સમેન તથા બોલર તેમ જ ઑલરાઉન્ડરોમાંથી પોતાની પસંદગીની ટીમ નક્કી કરી શકશે. ભારત એશિયા કપનું ડિફેન્ડિંગ ચેમ્પિયન છે.

આજે ચીફ સિલેક્ટર અજિત આગરકર અને તેમના સાથી સિલેક્ટરો દ્વારા ટીમ નક્કી કરવામાં આવશે એવા અહેવાલ વચ્ચે ટી-૨૦ કેપ્ટન સૂર્યકુમાર યાદવે સર્જરી પછીની ફિટનેસ જાહેર કરી દીધી છે. ટેસ્ટ ટીમના નવા સફળ સુકાની શુભમન ગિલને ટી-૨૦ ટીમમાં કમબેક કરવાનો મોકો મળશે કે કેમ એ જોવું રહ્યું. નીતીશકુમાર રેડ્ડી ફાસ્ટ બોલિંગ ઑલરાઉન્ડર છે અને તે ટીમને ઘણો ઉપયોગી થઈ શકે એમ છે, પરંતુ તે હજી પૂરેપૂરો ઈજામુક્ત ન થયો હોવાથી તેને કદાચ સિલેક્ટ નહીં કરવામાં આવે. સિલેક્ટરો તાજેતરની આઈપીએલમાં ચમકી ગયેલા ૧૪ વર્ષના ઓપનિંગ બેટ્સમેન વૈભવ સૂર્યવંશી સહિત કોઈને એશિયા કપ માટે સિલેક્ટ કરીને ચોંકાવી દે તો નવાઈ નહીં લાગે.

એશિયા કપમાં ભારતની પ્રથમ મેચ ૧૦મી સપ્ટેમ્બરે યુએઈ સામે રમાશે. ભારત અને પાકિસ્તાન વચ્ચેનો લીગ મુકાબલો રવિવાર, ૧૪મી સપ્ટેમ્બરે દુબઈમાં થશે.

આ એશિયા કપનું મુખ્ય યજમાન ભારત છે, પરંતુ બીસીસીઆઈ અને પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ વચ્ચેની સમજૂતીને પગલે સ્પર્ધા યુએઈમાં રાખવામાં આવી છે. ભારતના 'એ' ગ્રૂપમાં પાકિસ્તાન ઉપરાંત યુએઈ અને ઓમાન પણ છે. ગ્રૂપ ' બી'માં શ્રીલંકા, અફઘાનિસ્તાન, બાંગ્લાદેશ અને હોંગ કોંગ છે.

### સિલેક્ટરો સામે અનેક વિકલ્પોઃ

સૂર્યકુમાર યાદવ (કેપ્ટન, બેટ્સમેન), અભિષેક શર્મા (ઓપનિંગ બેટ્સમેન અને સ્પિનર), સંજુ સેમસન (વિકેટકીપર-ઓપનિંગ બેટ્સમેન), શુભમન ગિલ (બેટ્સમેન), યશસ્વી જયસ્વાલ (ઓપનિંગ બેટ્સમેન), હાર્દિક પંડ્યા (ફાસ્ટ બોલિંગ ઑલરાઉન્ડર), અક્ષર પટેલ (સ્પિન ઑલરાઉન્ડર), જિતેશ શર્મા (વિકેટકીપર-બેટ્સમેન), શ્રેયસ ઐયર (બેટ્સમેન), તિલક વર્મા (બેટ્સમેન), વૈભવ સૂર્યવંશી (ઓપનિંગ બેટ્સમેન), શશાંક સિંહ (બેટ્સમેન), વરુણ ચક્રવર્તી (સ્પિનર), કુલદીપ યાદવ (સ્પિનર), જસપ્રીત બુમરાહ (ફાસ્ટ બોલર), અર્શદીપ સિંહ (ફાસ્ટ બોલર), પ્રસિદ્ધ ક્રિષ્ના (ફાસ્ટ બોલર), હર્ષિત રાણા (ફાસ્ટ બોલર), શિવમ દુબે (ફાસ્ટ બોલિંગ ઑલરાઉન્ડર), રિન્કુ સિંહ (બેટ્સમેન), વૉશિંગ્ટન સુંદર (સ્પિન ઑલરાઉન્ડર), રિયાન પરાગ (બેટ્સમેન), રમણદીપ સિંહ (ફાસ્ટ બોલિંગ ઑલરાઉન્ડર), વિપ્રજ નિગમ (સ્પિન ઑલરાઉન્ડર). ■



**વિજેતા :** પોર્ટલૅન્ડના કોલંબિયા એજવોટર ખાતે એલપીજીએ પોર્ટલૅન્ડ ક્લાસિક ગોલ્ફ ટૂર્નામેન્ટમાં ટ્રોફી જપાનની અકી ઈવાઈને એનાયત કરાઈ હતી. (પીટીઆઈ)

# એશિયા કપ અગાઉ ચમક્યો સરફરાઝ ખાન, બુચી બાબુ ટૂર્નામેન્ટમાં ફટકારી સદી

ચેન્નઈ : ભારતીય ટેસ્ટ ટીમમાંથી બહાર રહેલા સરફરાઝ ખાને સોમવારે (૧૮ ઓગસ્ટ) બુચી બાબુ ટૂર્નામેન્ટના પહેલા દિવસે તમિલનાડુ ક્રિકેટ એસોસિયેશન ઈલેવન સામે મુંબઈ તરફથી શાનદાર સદી ફટકારી હતી. સરફરાઝે ૧૦૫ના સ્ટ્રાઈક રેટથી ૯ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી સદી ફટકારી હતી. તેણે ૯૨ બોલમાં ૧૦૦ રન પૂરા કર્યા હતા. મુંબઈની ઇનિંગની શરૂઆત અપેક્ષા મુજબ નહોતી અને ટીમે ૯૮ રનમાં ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. આ પડકારજનક પરિસ્થિતિમાં પાંચમા નંબર પર બેટિંગ કરવા આવેલા સરફરાઝ ખાને ઈનિંગને સંભાળી હતી. તેણે શરૂઆતમાં ધીરજથી બેટિંગ કરી પરંતુ ટૂંક સમયમાં જ તેણે આક્રમક બેટિંગ શરૂ કરી હતી. તેણે ફક્ત ૯૨ બોલમાં પોતાની સદી પૂર્ણ કરી હતી. આ ઇનિંગમાં તેણે ૯ ચોગ્ગા અને ૩ છગ્ગા ફટકાર્યા હતા. સરફરાઝની આ સદીથી મુંબઈની ટીમ મજબૂત સ્થિતિમાં આવી ગઈ હતી.

આ સદી સરફરાઝ ખાન માટે પણ ખાસ છે કારણ કે તેને તાજેતરના ઇંગ્લેન્ડ પ્રવાસ માટે ભારતીય ટેસ્ટ ટીમમાં સામેલ કરવામાં આવ્યો ન હતો. તેણે પોતાની ફિટનેસ પર ખાસ ધ્યાન આપ્યું અને દોઢ મહિનામાં લગભગ ૧૭ કિલો વજન ઘટાડીને બધાને આશ્ચર્યચકિત કર્યા હતા. હવે તેની નજર વેસ્ટ ઇન્ડિઝ સામેની આગામી ઘરેલુ ટેસ્ટ શ્રેણી પર છે, જ્યાં તે ભારતીય ટીમમાં વાપસી માટે મજબૂત દાવો રજૂ કરશે. ■

# આજે સાઉથ આફ્રિકા સામે ટકરાશે ઓસ્ટ્રેલિયા, ટી-૨૦ બાદ વન-ડે સિરીઝ જીતવાનો કરશે પ્રયાસ

કેર્ન્સ (ઓસ્ટ્રેલિયા) : ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ત્રણ વન-ડે મેચની પ્રથમ વન-ડે આજે રમાશે. પ્રથમ મેચ કેર્ન્સ ખાતે રમાશે. આ પછી બીજી અને ત્રીજી વન-ડે મેચ ૨૨ અને ૨૪ ઓગસ્ટના રોજ ગ્રેટ બેરિયર રીફ એરિના ખાતે રમાશે. નોંધનીય છે કે ૨૦૧૮ પછી બંને ટીમો વચ્ચે આ પહેલી દ્વિપક્ષીય શ્રેણી હશે. મેચ ભારતીય સમય મુજબ સવારે ૧૦:૦૦ વાગ્યે શરૂ થશે. અગાઉ બંને ટીમો વચ્ચે ટી-૨૦ સિરીઝ રમાઈ હતી જેમાં ઓસ્ટ્રેલિયાએ ૨-૧થી સિરીઝમાં જીત મેળવી હતી. આવી સ્થિતિમાં હવે બંને ટીમો આ શ્રેણી જીતવા માટે તમામ પ્રયાસો કરશે. ઓસ્ટ્રેલિયાએ અગાઉ વેસ્ટ ઈન્ડિઝ સામે તેની છેલ્લી વન-ડે સિરીઝ રમી હતી જેમાં તેણે ૫-૦થી સીરિઝ જીતી હતી. ઓસ્ટ્રેલિયા અને દક્ષિણ આફ્રિકા પાસે વન-ડે સિરીઝ માટે મજબૂત ખેલાડીઓ છે. ઓસ્ટ્રેલિયા પાસે કેમરૂન ગ્રીન, માર્નસ લાબુશેન, એલેક્સ કેરી અને એડમ જમ્પા જેવા ખેલાડીઓ છે. બીજી તરફ, દક્ષિણ આફ્રિકાની ટીમમાં એડન માર્કરામ, કગીસો રબાડા, ટેમ્બા બાવુમા જેવા અનુભવી ખેલાડીઓ છે. આવી સ્થિતિમાં બંને ટીમો વચ્ચેની આ સિરીઝ ખૂબ જ રોમાંચક રહેવાની અપેક્ષા છે. ■

# ઓલિમ્પિક મેડલ વિજેતા નીરજ ચોપરાએ ડાયમંડ લીગ ફાઈનલમાં કર્યું ક્વોલિફાય

નવી દિલ્હીઃ ભારતના સ્ટાર ભાલા ફેંક ખેલાડી નીરજ ચોપરા ડાયમંડ લીગ ૨૦૨૫ ફાઇનલ માટે ક્વોલિફાય થઈ ગયો છે. આ સ્પર્ધા ૨૭ અને ૨૮ ઓગસ્ટના રોજ સ્વિટ્ઝર્લેન્ડના જ્યૂરિખમાં યોજાશે. ગત વિશ્વ ચેમ્પિયન નીરજે ૧૬ ઓગસ્ટના રોજ પોલેન્ડમાં સિલેસિયા ડાયમંડ લીગ મીટમાં ભાગ લીધો ન હતો અને ૨૨ ઓગસ્ટના રોજ બ્રસેલ્સમાં આગામી ડાયમંડ લીગ સ્ટેજમાં પણ ભાગ લેવા અંગે કોઈ જાણકારી નથી. શનિવારે સિલેસિયા લેગ પછી જાહેર કરાયેલા નવા સ્ટેન્ડિંગ અનુસાર, નીરજ ચોપરાએ સ્વિટ્ઝર્લેન્ડના જ્યૂરિખમાં યોજાનારી ડાયમંડ લીગ ૨૦૨૫ ફાઇનલના પુરુષોના ભાલા ફેંક ઇવેન્ટમાં પોતાનું સ્થાન મેળવ્યું છે.

બે વખતના ઓલિમ્પિક મેડલ વિજેતા નીરજ ચોપરાએ સિલેસિયા ડાયમંડ લીગમાં ભાગ લીધો ન હતો પરંતુ આ વર્ષે બે ડાયમંડ લીગમાં ૧૫ પોઈન્ટ સાથે તેણે ૨૭ અને ૨૮ ઓગસ્ટના રોજ સ્વિટ્ઝર્લેન્ડમાં યોજાનારી ગ્રાન્ડ ફિનાલે માટે પોતાનું સ્થાન મેળવ્યું છે. બે લીગમાં ભાગ લીધા બાદ નીરજ ચોપરાએ સિલેસિયા ડાયમંડ લીગ ૨૦૨૫માંથી ખસી ગયો હતો. ૨૨ ઓગસ્ટના રોજ બ્રસેલ્સ લીગમાં ભાગ લેશે કે નહીં તે હજુ નક્કી નથી. નીરજ ચોપરા ડાયમંડ લીગ સ્ટેન્ડિંગમાં ત્રીજા ક્રમે છે. તેમની આગળ કેશોર્ન વાલકોટ (૧૭ પોઈન્ટ) અને જૂલિયન વેબર (૧૫ પોઈન્ટ) છે. નીરજ ચોપરા છેલ્લે ૫ જુલાઈના રોજ બેંગલૂરુમાં તેની પોતાની ઇવેન્ટ નીરજ ચોપરા ક્લાસિકમાં જોવા મળ્યો હતો. પુરુષોની ભાલા ફેંકવાની ઇવેન્ટ ૨૮ ઓગસ્ટના રોજ ૨૦૨૫ ડાયમંડ લીગ ચેમ્પિયન નક્કી કરવા માટે યોજાશે.

આ સિઝનમાં તેની બે ડાયમંડ લીગ સ્પર્ધાઓમાં ૨૭ વર્ષીય ભારતીય ખેલાડીએ પેરિસ લીગમાં ૮૮.૧૬ મીટરના થ્રો સાથે જીત્યો હતો, જ્યારે દોહામાં તેણે ૯૦.૨૩ મીટરના થ્રો સાથે રાષ્ટ્રીય રેકોર્ડ તોડ્યો હતો. તે જર્મનીના જૂલિયન વેબરથી પાછળ રહ્યો હતો. ચોપરા અને વેબર બંને ૧૫ પોઈન્ટ સાથે બીજા ક્રમે છે, જ્યારે ત્રિનિદાદ અને ટોબેગોનો કેશોર્ન વાલકોટ ત્રણ સ્પર્ધાઓમાંથી ૧૭ પોઈન્ટ સાથે યાદીમાં ટોચ પર છે. લંડન ૨૦૧૨ ઓલિમ્પિક ચેમ્પિયન વાલકોટ ૮૨.૫૪ મીટર સાથે સિલેસિયામાં બીજા સ્થાને રહ્યો હતો. બે વખતના વિશ્વ ચેમ્પિયન એન્ડરસન પીટર્સ અને બ્રાઝિલનો લુઇઝ મૌરિસિયો દા સિલ્વાના પણ જ્યુરિખમાં ગ્રાન્ડ ફિનાલેમાં સ્થાન મેળવે તેવી અપેક્ષા છે. નીરજ ચોપરાએ ૨૦૨૨માં ડાયમંડ લીગનું ટાઈટલ જીત્યું હતું અને ૨૦૨૩ અને ૨૦૨૪ માં રનર-અપ રહ્યો હતો. જોકે, તેણે હજુ સુધી જ્યુરિખ ડાયમંડ લીગ ફાઇનલમાં ભાગ લેવાની પુષ્ટિ કરી નથી. ■

# એશિયા કપ અગાઉ પાકિસ્તાની પસંદગીકારનો દાવો, 'અમે ભારતને હરાવી દઈશું'

કરાચીઃ પાકિસ્તાન ક્રિકેટ ટીમના પસંદગીકારોએ આ મહિનાના અંતમાં સંયુક્ત આરબ અમીરાતમાં યોજાનારી ત્રિકોણીય શ્રેણી અને ત્યારબાદ એશિયા કપ માટે ૧૭ સભ્યોની ટીમની જાહેરાત કરી હતી, જેમાં અનુભવી બેટ્સમેન બાબર આઝમ અને મોહમ્મદ રિઝવાનને ટીમમાંથી બહાર કરવામાં આવ્યા હતા. એશિયા કપ ૯ સપ્ટેમ્બરથી યુએઈમાં ટી-૨૦ ફોર્મેટમાં શરૂ થશે.

દરમિયાન પાકિસ્તાનના મુખ્ય પસંદગીકાર આકિબ જાવેદે ટીમની જાહેરાત બાદ દાવો કર્યો હતો કે "આ ટીમ એશિયા કપમાં ભારતને હરાવવાની ક્ષમતા ધરાવે છે. તમને મારી વાત ગમે કે ન ગમે, ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ વિશ્વ ક્રિકેટની સૌથી મોટી મેચ છે. દરેક ખેલાડી આ જાણે છે."

પાકિસ્તાનના મુખ્ય કોચ માઈક હેસને કહ્યું કે બાબરને તેની રમતના કેટલાક પાસાઓ સુધારવા માટે કહેવામાં આવ્યું છે. હેસને પત્રકારોને જણાવ્યું હતું કે, "એમાં કોઈ શંકા નથી કે બાબરને સ્પિન રમવા અને તેના સ્ટ્રાઈક રેટના સંદર્ભમાં કેટલાક સુધારા કરવાનું કહેવામાં આવ્યું છે. આ બાબતો પર તે સખત મહેનત કરી રહ્યો છે. તે એટલો સારો ખેલાડી છે કે તેના નામ પર વિચાર ન કરવો શક્ય નથી." આઠ ટીમોની આ એશિયા કપ ટુર્નામેન્ટમાં પાકિસ્તાનને કટ્ટર હરીફ ભારત સાથે ગ્રુપ-એમાં રાખવામાં આવ્યું છે. જેમાં યુએઈ અને ઓમાનનો પણ સમાવેશ થાય છે. આ ટુર્નામેન્ટ ૯ થી ૨૮ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. ■



**ગોલ્ફ :** ભારતની આદિતી અશોકે પોર્ટલૅન્ડના કોલંબિયા એજવોટર ખાતે એલપીજીએ પોર્ટલૅન્ડ ક્લાસિક ગોલ્ફ ટુર્નામેન્ટના અંતિમ રાઉન્ડમાં ૧૮મા હોલ તરફ જઈ રહી છે. (પીટીઆઈ)

# 'સિરાજને આઉટ કરવાની ક્ષણને હંમેશાં યાદ રાખીશ', શોએબ બશીરે લોર્ડ્સ ટેસ્ટની જીતને કરી યાદ

લંડનઃ ઇંગ્લેન્ડના ઓફ સ્પિનર શોએબ બશીરે કહ્યું હતું કે લોર્ડ્સ ટેસ્ટમાં ભારતના મોહમ્મદ સિરાજને આઉટ કરીને ઇંગ્લેન્ડને જીત અપાવી તે ક્ષણ તેને હંમેશાં યાદ રહેશે. ૨૧ વર્ષીય ખેલાડીએ સિરાજને આઉટ કરીને ઇંગ્લેન્ડને જીત અપાવી હતી બશીરે આ માટે તેના ભૂતપૂર્વ સાથી મોઈન અલીને શ્રેય આપ્યો હતો. બશીરે 'ધ સન્ડે ટાઇમ્સ'ને કહ્યું હતું કે , "હું એજબેસ્ટનમાં પહેલીવાર મોઈન અલીને મળ્યો હતો અને અમે ઘણી વાતો કરી હતી. મોઈને મને કેરમ બોલ ફેંકવા માટે પ્રોત્સાહિત કર્યો હતો. હું તેનો ખૂબ આદર કરું છું અને તેમનું એમ કહેવું કે 'પોતાના પર વિશ્વાસ રાખો' એ મારા માટે ઘણું મહત્ત્વનું હતું."

બશીરે કહ્યું હતું કે, "હું છેલ્લા કેટલાક સમયથી કેરમ બોલ પર કામ કરી રહ્યો છું. હું સતત આ બોલની પ્રેક્ટિસ કરી રહ્યો હતો. મેં સિરાજને આ જ બોલ પર આઉટ કર્યો. તેમણે કહ્યું હતું કે, 'હું હંમેશાં બીજી ઇનિંગમાં સિરાજને આઉટ કરવાની ક્ષણને યાદ રાખીશ કારણ કે ભારત તે સમયે જીત તરફ આગળ વધી રહ્યું હતું. ■

# એશિયા કપ માટેની ભારતીય ટીમમાં ગિલનો કોયડો ઉકેલવો પસંદગીકારો સમક્ષ સૌથી મોટો પડકાર

નવી દિલ્હી : ભારતની રાષ્ટ્રીય પસંદગી સમિતિ મંગળવારે સંયુક્ત આરબ અમીરાતમાં યોજાનાર એશિયા કપ માટે ૧૫ સભ્યોની ટીમની જાહેરાત કરશે ત્યારે શુભમન ગિલ જેવા શાનદાર બેટ્સમેનને ટી-૨૦ ટીમમાં સ્થાન આપવું સૌથી મોટો પડકાર હશે. ઇંગ્લેન્ડ પ્રવાસ પર પોતાની કેપ્ટનશિપ અને બેટિંગથી પ્રભાવિત કરનારા ગિલને એશિયા કપ માટેની ટીમ ઈન્ડિયામાં સ્થાન મળે તેવી શક્યતા ઓછી છે . અજિત અગરકર અને તેના સાથીઓ માટે આ સૌથી મોટી કોયડો હશે, પરંતુ ભારતીય ક્રિકેટમાં ઓછામાં ઓછા ૩૦ ખેલાડીઓ રાષ્ટ્રીય ટીમમાં સ્થાન મેળવવા માટે તૈયાર છે અને એક સ્થાન માટે ત્રણથી ચાર વિકલ્પો ઉપલબ્ધ છે.

બેટિંગ ક્રમમાં ટોચના ત્રણ સ્થાનો માટે છ ક્રિકેટરો ઉપલબ્ધ છે. અભિષેક શર્મા, સંજુ સેમસન અને તિલક વર્માએ ગત સીઝનમાં રાષ્ટ્રીય ટીમ માટે શાનદાર પ્રદર્શન કર્યું છે, પરંતુ ગિલ, યશસ્વી જયસ્વાલ અને સાઈ સુદર્શને (આઈપીએલમાં સૌથી વધુ રન કરવા બદલ ઓરેન્જ કેપ વિજેતા) ને પણ નજરઅંદાજ કરી શકાય નહીં.

બોલિંગમાં કુલદીપ યાદવ, વરુણ ચક્રવર્તી અને રવિ બિશ્નોઈ વચ્ચે જોરદાર ટક્કર જોવા મળશે. યુઝવેન્દ્ર ચહલને પણ લાંબા સમયથી નજરઅંદાજ કરાઈ રહ્યો છે. પરંતુ પસંદગીકારો ફક્ત ૧૫ ખેલાડીઓ જ પસંદ કરી શકે છે. ટીમ મેનેજમેન્ટના એક મહત્ત્વપૂર્ણ સભ્યનું માનવું છે કે મોટા સ્ટાર માટે સ્થાન બનાવવા માટે ગયા સીઝનમાં પ્લેઇંગ ઇલેવનમાં નિયમિત રહેલા કોઈપણ ખેલાડીને પડતો મૂકવો યોગ્ય રહેશે નહીં.

બીજી વિચારધારા એ છે કે ભારતીય ક્રિકેટ યોગ્ય દિશામાં આગળ વધે છે કારણ કે એક કેપ્ટન બધા ફોર્મેટમાં રમે છે અને તેની સૌથી મોટી માર્કેટિંગ બ્રાન્ડ પણ બને છે. આ કિસ્સામાં ગિલ એક સ્પષ્ટ પસંદગી છે. સૂર્યકુમાર યાદવના નેતૃત્વ હેઠળની ભારતીય ટી-૨૦ ટીમનો રેકોર્ડ ૮૫ ટકા છે અને તેણે છેલ્લી ૨૦ મેચોમાંથી ૧૭ મેચ જીતી છે. ગિલ અને જયસ્વાલ આમાંથી કોઈ પણ મેચમાં સામેલ નહોતા. ગિલ અને જયસ્વાલ છેલ્લા એક વર્ષમાં ટેસ્ટ પ્રતિબદ્ધતાઓમાં વ્યસ્ત થયા પહેલા ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચો રમી રહ્યા હતા અને આઈપીએલમાં પણ સારો દેખાવ કર્યો હતો.

ગિલ વાસ્તવમાં સૂર્ય કુમાર સાથે વાઈસ કેપ્ટન હતો પરંતુ ટેસ્ટ મેચોને કારણે તેને ટી-૨૦ આંતરરાષ્ટ્રીય મેચોમાંથી ખસી જવું પડ્યું હતું. દિલ્હી કેપિટલ્સના કેપ્ટન અક્ષર પટેલને વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો હતો. જો પસંદગીકારો ૧૫ ખેલાડીઓમાં ગિલને પસંદ કરે છે તો તેને પ્લેઈંગ ઈલેવનમાં પણ સામેલ કરવો પડશે, જેનો અર્થ એ છે કે સંજુ, અભિષેક અથવા તિલકમાંથી કોઈ એકને તેની બેટિંગ પોઝિશન બદલવી પડશે. ટીમમાં શુભમનને સામેલ કરવાથી રિંકુ સિંહને પડતો મૂકવામાં આવી શકે છે. જો આપણે ફાસ્ટ બોલિંગમાં વાત કરીએ તો હાર્દિક પંડ્યા એક મહાન ફાસ્ટ બોલર છે અને જસપ્રીત બુમરાહ અને અર્શદીપ સિંહ ટીમમાં હોવા તે સ્વાભાવિક છે, તેથી રિઝર્વ ફાસ્ટ બોલરના સ્થાન માટે ત્રણ વિકલ્પો છે. હર્ષિત રાણા આ સ્થાન માટે ફેવરિટ લાગે છે કારણ કે પ્રસિદ્ધ કૃષ્ણા અને મોહમ્મદ સિરાજ બંનેને રેડ બોલ સ્પેશિયાલિસ્ટ માનવામાં આવે છે.

અક્ષર પટેલ, વરુણ ચક્રવર્તી અને કુલદીપ યાદવ સ્પિન બોલિંગમાં પ્રથમ ત્રણ પસંદગી છે. ગૌતમ ગંભીર ઓલરાઉન્ડરને પસંદ કરે છે અને આવી સ્થિતિમાં વૉશિંગ્ટન સુંદરને ટીમમાં સ્થાન મળી શકે છે. નીતિશ કુમાર રેડ્ડી અને ઋષભ પંત હજુ સુધી ઈજાઓમાંથી સ્વસ્થ થયા નથી. આવી સ્થિતિમાં ટીમમાં શિવમ દુબેની પસંદગી નિશ્ચિત છે. બીજા વિકેટકીપરના સ્થાન માટે જિતેશ શર્મા અને ધ્રુવ જુરેલ વચ્ચે ટક્કર રહેશે. જિતેશ શર્મા ફિનિશરની ભૂમિકા પણ સારી રીતે ભજવી શકે છે. ■

# આકાશદીપ અને ઈશાન કિશન દુલીપ ટ્રોફીમાંથી બહાર, અભિમન્યુ ઈશ્વરન ઈસ્ટ ઝોનનો કેપ્ટન

કોલકાતાઃ ભારતીય ફાસ્ટ બોલર આકાશદીપ અને વિકેટકીપર બેટ્સમેન ઇશાન કિશન ઈજાના કારણે દુલીપ ટ્રોફીમાંથી બહાર થઈ ગયા છે. ઈશાન કિશન ઈસ્ટ ઝોનનો કેપ્ટન હતો. તેના સ્થાને બંગાળના ટોપ-ઓર્ડર બેટ્સમેન અભિમન્યુ ઈશ્વરનને ઈસ્ટ ઝોનની કેપ્ટનશિપ સોંપવામાં આવી છે. દુલીપ ટ્રોફી ૨૮ ઓગસ્ટથી બેંગલૂરુના બીસીસીઆઇ 'સેન્ટર ઓફ એક્સેલન્સ' ગ્રાઉન્ડ પર રમાશે.

તાજેતરના ઇંગ્લેન્ડ પ્રવાસ પર પાંચમાંથી ત્રણ ટેસ્ટ મેચ રમનાર આકાશદીપ હજુ સુધી પીઠની ઇજામાંથી સંપૂર્ણપણે સ્વસ્થ થયો નથી. આ ૨૮ વર્ષીય બોલરની જગ્યાએ બિહારના મુખ્તાર હુસૈનને ઈસ્ટ ઝોનની ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. આકાશદીપે પ્રાદેશિક પસંદગી સમિતિને જણાવ્યું છે કે તબીબી સલાહ મુજબ તે આ મેચ માટે ઉપલબ્ધ રહેશે નહીં. નોંધનીય છે કે ૨ ઓક્ટોબરથી શરૂ થનારી વેસ્ટ ઈન્ડિઝ સામેની ટેસ્ટ શ્રેણી માટે તે ફિટ થાય તેવી અપેક્ષા છે. દરમિયાન, કિશન પણ હાથની ઈજામાંથી સંપૂર્ણપણે સ્વસ્થ થયો નથી.

કિશનની નજીકના એક સૂત્રએ જણાવ્યું હતું કે, "ઈ-બાઈક પરથી પડી જવાથી કિશનના હાથમાં કેટલાક ટાંકા આવ્યા છે અને તે હાલમાં બેંગલુરુના સેન્ટર ઓફ એક્સેલન્સમાં રિહેબિલિટેશન હેઠળ છે." સૂત્રના જણાવ્યા અનુસાર, "તે ગંભીર નથી, પરંતુ સાવચેતીના ભાગરૂપે તેને આરામ કરવાની સલાહ આપવામાં આવી છે.

આસામના ઓલરાઉન્ડર રિયાન પરાગ ઈસ્ટ ઝોનનો વાઈસ કેપ્ટન રહેશે. ઈશ્વરન ઈંગ્લેન્ડના ભારતના પાંચ ટેસ્ટ મેચના પ્રવાસનો ભાગ હતો પરંતુ તેને ડેબ્યૂ કરવાની તક મળી ન હતી. કિશનના સ્થાન પર ઓડિશાના વિકેટકીપર બેટ્સમેન આશીર્વાદ સ્વૈનને ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. ઝારખંડના કુમાર કુશાગ્રને પ્રથમ પસંદગી આપવામાં આવે તેવી શક્યતા છે. ભારતીય ટીમના અનુભવી ફાસ્ટ બોલર મોહમ્મદ શમી ફરી એકવાર દુલીપ ટ્રોફીમાંથી વાપસી કરશે. શમી છેલ્લા બે વર્ષમાં ફક્ત એક જ ફર્સ્ટ-ક્લાસ મેચ રમ્યો છે. મુકેશ કુમાર પણ શમી સાથે ટીમનો ભાગ છે. ■

### ઈસ્ટ ઝોનની ટીમ

અભિમન્યુ ઈશ્વરન (કેપ્ટન), રિયાન પરાગ (વાઈસ કેપ્ટન), સંદીપ પટનાયક, વિરાટ સિંહ, ડેનિશ દાસ, શ્રીદમ પોલ, શરણદીપ સિંહ, કુમાર કુશાગ્ર (વિકેટકીપર), આશીર્વાદ સ્વૈન (વિકેટકીપર), ઉત્કર્ષ સિંહ, મનીશી, સૂરજ સિંધુ જયસ્વાલ, મુકેશ કુમાર, મુખ્તાર હુસૈન અને મોહમ્મદ શમી.

# એશિયા કપમાં ભારતે પાકિસ્તાન સામે ન રમવું જોઇએઃ પૂર્વ ક્રિકેટર કેદાર જાધવ

પુણે :એશિયા કપ ૨૦૨૫માં ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચને લઈને ચર્ચાઓ શરૂ થઇ ગઈ છે. આ મેચ ૧૪ સપ્ટેમ્બરે દુબઈમાં રમાશે. ભારતે હજુ સુધી એશિયા કપ માટે ટીમ જાહેર કરી નથી. આ બધા વચ્ચે એક સમાચાર સંસ્થા સાથેની વાતચીતમાં ભારતના ભૂતપૂર્વ ખેલાડી અને ભારતીય જનતા પાર્ટીના નેતા કેદાર જાધવે કહ્યું હતું કે એશિયા કપમાં ભારતે પાકિસ્તાન સામે ન રમવું જોઇએ. એશિયા કપમાં ભારત-પાકિસ્તાન મેચ પૂછવામાં આવતા કેદાર જાધવે કહ્યું હતું કે મને લાગે છે કે ભારતીય ટીમે આ મેચ બિલકુલ રમવી જોઈએ નહીં. કેદાર જાધવે વધુમાં કહ્યું હતું કે ભારતીય ટીમ જ્યાં પણ રમે છે, તે હંમેશાં જીતશે અને મને લાગે છે કે ભારતે આ મેચ બિલકુલ ન રમવી જોઈએ. નોંધનીય છે કે એશિયા કપ ૨૦૨૫ ૯ સપ્ટેમ્બરથી શરૂ થવાનો છે અને ભારત અને પાકિસ્તાન વચ્ચેની મેચ ૧૪ સપ્ટેમ્બરે રમાશે. ■

# એશિયન શૂટિંગઃ ભારતની પુરુષોની એર પિસ્તોલ ટીમે જીત્યો સિલ્વર મેડલ

શિમકેન્ટ (કઝાકિસ્તાન): ભારતીય શૂટર્સે સોમવારે અહીં પુરુષોની ૧૦ મીટર એર પિસ્તોલ ટીમ ઇવેન્ટમાં સિલ્વર મેડલ સાથે એશિયન ચેમ્પિયનશિપ (રાઇફલ / પિસ્તોલ / શોટગન) ના મેડલ ટેબલમાં વધુ સારું પ્રદર્શન કરવા માટે પોતાનું અભિયાન શરૂ કર્યું હતું. ફરીદાબાદનો અનમોલ જૈન ઇવેન્ટમાં વ્યક્તિગત મેડલ જીતવામાં ચૂકી ગયો અને છઠ્ઠા સ્થાને રહ્યો હતો.

અનમોલ (૫૮૦), આદિત્ય માલરા (૫૭૯) અને એશિયન ગેમ્સના ગોલ્ડ મેડલ વિજેતા સૌરભ ચૌધરી (૫૭૬)ની ભારતીય ટીમ ૧,૭૩૫ પોઈન્ટ સાથે ચીન પછી બીજા સ્થાને રહી હતી. ચીની ટીમે ૧,૭૪૪ પોઈન્ટ સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો. ઈરાને ૧,૭૩૩ પોઈન્ટ સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો. વ્યક્તિગત પુરુષોની ૧૦ મીટર એર પિસ્તોલ કેટેગરીમાં અનમોલે ક્વોલિફિકેશનમાં સાતમા સ્થાને રહીને ફાઇનલમાં સ્થાન મેળવ્યું હતું. જોકે, તે મેડલ રાઉન્ડમાં ૧૫૫.૧ પોઈન્ટ સાથે છઠ્ઠા સ્થાને રહ્યો હતો.

ચીનના હુ કાઈએ ૨૪૧.૬ પોઈન્ટ સાથે ગોલ્ડ મેડલ જીત્યો જ્યારે દક્ષિણ કોરિયાના હોંગ સુહિયોન અને ઈરાનના આમીર જોહરીખોઉએ અનુક્રમે ૨૩૯.૦ અને ૨૧૬.૮ પોઈન્ટ સાથે સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ભારતના આદિત્ય અને ચૌધરી ક્વોલિફિકેશનમાં અનુક્રમે ૧૩મા અને ૨૧મા સ્થાને રહીને ફાઇનલમાં સ્થાન મેળવી શક્યા નહીં.

ભારતના ૨૦ વર્ષીય અમિત શર્મા ટોચના ૪૮ શૂટર્સમાં ૫૮૮ પોઈન્ટ સાથે ક્વોલિફિકેશનમાં ટોચ પર રહ્યો હતો પરંતુ 'રેન્કિંગ પોઈન્ટ્સ ઓન્લી' કેટેગરીમાં રમવાને કારણે ફાઇનલમાં સ્થાન મેળવી શક્યો ન હતો. રેન્કિંગ પોઈન્ટ્સ ઓન્લી (RPO) કેટેગરીમાં રમતા શૂટર્સ રેન્કિંગ માટે રમે છે અને મેડલ રાઉન્ડમાં સ્થાન મેળવતા નથી.

ભારતે સિનિયર, જુનિયર અને યુવા કેટેગરીમાં કુલ ૧૮૨ શૂટર્સને મેદાનમાં ઉતાર્યા છે, જે આ ખંડીય સ્પર્ધામાં દેશનું અત્યાર સુધીનું સૌથી મોટું દળ છે. વિવિધ કેટેગરીમાં ૫૮ ઇવેન્ટ્સમાં ૪૬ વ્યક્તિગત અને ૧૨ મિક્સ્ડ ટીમમાં મેડલ દાવ પર છે. ■



**ઉજવણી :** નેધરલૅન્ડે જર્મનીના મોન્ચેનગ્લેડબાત ખાતેની યુરોપિયન ચેમ્પિયનશિપ ફિલ્ડ હોકી સ્પર્ધાની ફાઇનલમાં જર્મનીને હરાવ્યું હતું. હોલૅન્ડના ખેલાડીઓએ ટ્રોફી મેળવ્યા બાદ ઉજવણી કરી હતી. (પીટીઆઈ)

# જીએસટીના બુસ્ટર ડોઝથી સેન્સેક્સ ૧૦૧૭૦ પોઇન્ટ ઊછળ્યો: નિફ્ટી ૨૫૦૦૦ વટાવીને પાછો ફર્યો

મુંબઇ: ટ્રેડ વોર અને જીઓપોલિટિકલ ટેન્શનના માહોલ વચ્ચે ભારતીય અર્થતંત્રને જીએસટીને નામે તેજીનો બુસ્ટર ડોઝ મળતાં સેન્સેક્સ એક તબક્કે ૧૦૧૭૦ પોઇન્ટ ઉછળીને ૮૧,૭૫૦ની સપાટી વટાવી ગયો હતો અને એ જ સાથે નિફ્ટી પણ ૨૫,૦૦૦ની સપાટીની આગળ વધ્યો હતો. જોકે, ઊંચા મથાળે વેચવાલીને કારણે સત્રને અંતે બંને બેન્ચમાર્ક સારો એવો સુધારો ગુમાવીને પોઝિટિવ ઝોનમાં સ્થિર થયા હતા.

સેન્સેક્સ ૬૭૬.૦૯ પોઈન્ટ અથવા ૦.૮૪ ટકા વધીને ૮૧,૨૭૩.૭૫ પોઇન્ટના સ્તરે પર બંધ થયો હતો. દિવસ દરમિયાન, તે ૧,૧૬૮.૧૧ પોઈન્ટ અથવા ૧.૪૪ ટકા વધીને ૮૧,૭૬૫.૭૭ પોઇન્ટની ઊંચી સપાટીએ અથડાયો હતો. જ્યારે નિફ્ટી ૨૪૫.૬૫ પોઈન્ટ અથવા એક ટકા વધીને ૨૪,૮૭૬.૯૫ પોઇન્ટ પર બંધ થયો. દિવસ દરમિયાન, તે ૩૯૦.૭ પોઈન્ટ અથવા ૧.૫૮ ટકા વધીને ૨૫,૦૨૨ પોઇન્ટ સુધી આગળ વધ્યો હતો.

મારુતિ સુઝુકી ૮.૯૪ ટકાના ઉછાળા સાથે ટોપ ગેઇનર બન્યો હતો. સેન્સેક્સના અન્ય સૌથી વધુ વધનારા શેરોમાં બજાજ ફાઇનાન્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ, બજાજ ફિનસર્વ, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, હિંદુસ્તાન યુનિલીવર અને ટ્રેન્ટનો સમાવેશ હતો. જ્યારે આઇટીસી, ઇટર્નલ, ટેક મહિન્દ્રા અને લાર્સન એન્ડ ટૂબ્રો ટોપ લુઝર શેર હતા.

ઓટો સેકટરમાં જબરી માગ હતી, હ્યુન્ડાઇ મોટર ઇન્ડિયા ૮.૪૫ ટકા ઊછળ્યો હતો. બીએસઇ ઓટો ઇન્ડેક્સ ૪.૨૬ ટકા ઊચળ્યો હતો. સેફગાર્ડ ડ્યૂટીના નિર્ણયને કારણે ટાટા સ્ટીલ, જેએસડબલ્યુ સ્ટીલ સહિત સ્ટીલ કંપનીઓના શેરમાં ત્રણેક ટકા સુધીનો ઉછાળો હતો. સ્વીગીએ પ્લેટફોર્મ ફી વધારી હોવાના અહેવાલ પછી તેના શેરમાં ચમકારો હતો.

ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને માઈનિંગ ક્ષેત્રની ઈપીસી કંપની એસઈપીસી લિમિટેડે નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ ક્વાર્ટરના કોન્સોલિડેટેડ નાણાકીય પરિણામમાં ૧૪.૪ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૨૦૩.૮૦ કરોડની કુલ આવક, ૧૧.૯૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ ૨૯.૮ કરોડનો એબીટા અને ૧૦૪.૮૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૧૬.૫૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. વોડાફોન આઇડિયાની ખોટ વાર્ષિક તુલનાએ વધી હોવા છતાં ક્રમિક ધોરણે ઘટી હોવાથી તેના શેરમાં ઉછાળો જોવા મળ્યો હતો.

ભારતના અગ્રણી રિન્યુએબલ એનર્જી પ્રોડ્યુસર અને વિન્ડ પાવર ઓપરેટર ઓરિએન્ટ ગ્રીન પાવર કંપની લિમિટેડે પ્રથમ ક્વાર્ટરમાં વાર્ષિક ધોરણે ૩૮.૫૬ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૯૩.૧૭ કરોડની કુલ આવક, ૪૬.૩૯ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૬૫.૯૨ કરોડનો એબીટા અને ૪૪૬.૪૦ ટકાની વૃદ્ધિ સાથે રૂ. ૨૮.૮૫ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. નોલેજ રિઅલ્ટી , રેઇટ શેર ચાર ટકાના પ્રીમિયમ સાથે લિસ્ટેડ થયા છે. મેડિસ્ટેપનો શેર એનએસઇ ઇમર્જ પર ૨૧ ટકા પ્રીમિયમે લિસ્ટેડ થયો હતો.

પતંજલિ ફૂડ્સ લિમિટેડે ઊંચા ખર્ચને કારણે જૂન ક્વાર્ટરમાં કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો ૩૧ ટકાના ઘટાડા સાથે રૂ. ૧૮૦.૩૫ કરોડ નોંધાવ્યો છે. સરકારી માલિકીની ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડે અહેવાલ આપ્યો છે કે તેનો ચોખ્ખો નફો પ્રથમ ક્વાર્ટરમાં બમણાથી વધુ થયો છે. કાફે ચેઇન કાફેકોફી ડેનું સંચાલન કરતી કોફીડે ગ્લોબલની ખોટ પ્રથમ ત્રિમાસિક ગાળામાં ઘટીને રૂ. ૧૧ કરોડ રહી છે. એલેમ્બિક ફાર્માને દેનેરિક ડ્રગ માટે યુએસએફડીએની મંજૂરી મળી છે. એરબીએનબીના ધ સ્ટાઇલ એડિટ નામના ફેશન એન્ડ ગ્લોઅપ એક્સિપિરિન્સ, એરબીએનબી ઓરિજિનલ કાર્યક્રમનું હોસ્ટિંગ અનન્યા પાંડે  તેના સ્ટાઇલિસ્ટ, હેર અને મેકઅપ આર્ટિસ્ટ તથા ફેશન ફોટોગ્રાફર સાથે



કરશે. એરબીએનબી વિશ્વભરમાં પચાસ લાખ હોસ્ટ અને બે અબજ ગેસ્ટ ધરાવે છે.

સકારાત્મક વૈશ્વિક સંકેતો અને વડા પ્રધાન પ્રધાન નરેન્દ્ર મોદીએ દિવાળી સુધીમાં જીએસટીમાં સુધારા માટેની યોજનાની જાહેરાતને પગલે ખાસ કરીને ઓટો, ગ્રાહક વિવેકાધીન અને સિમેન્ટ શેરોમાં મજબૂત ખરીદીનો ટેકો મળતા સોમવારે ઇક્વિટી બેન્ચમાર્ક ઇન્ડેક્સ સેન્સેક્સ અને નિફ્ટીમાં સવારના સત્રમાં એક ટકાથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો. આ ઉપરાંત એસએન્ડપી ગ્લોબલ રેટિંગ્સે ભારતના સોવરિન ક્રેડિટ રેટિંગને અપગ્રેડ કર્યું હોવાથી પણ સેન્ટિમેન્ટમાં સુધારો આવ્યો હતો. આ તબક્કે ૧૬ મુખ્ય ક્ષેત્રોમાંથી ૧૫ એ ઉછળ્યા, જેમાં ઓટો અને ગ્રાહક શેરો અનુક્રમે ૩.૪ ટકા અને ૧.૮ ટકા ઉછળ્યા. વ્યાપક સ્મોલ કેપ્સ અને મિડ કેપ્સ પ્રત્યકે સેગમેન્ટમાં લગભગ એક ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો.

આ ઉછાળા પાછળના મુખ્ય કારણોમાં જીએસટીમાં સુધારાનો પ્રસ્તાવ મુખ્ય છે. પંદરમી ઓગસ્ટના રોજ સ્વતંત્રતા દિવસના સંબોધનમાં, વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે કેન્દ્રએ રાજ્યોને પ્રસ્તાવિત જીએસટીમાં ફેરફારોનો ડ્રાફ્ટ મોકલ્યો છે અને દિવાળી પહેલા તેનો અમલ કરવા માટે તેમનો સહયોગ માગ્યો છે. આ દરખાસ્ત મોટાભાગની ચીજવસ્તુઓ અને સેવાઓને પાંચ ટકા અને ૧૮ ટકાના સ્લેબમાં ફેરવી શકે છે, જેનાથી ઓટો અને સિમેન્ટ જેવા ક્ષેત્રોને ફાયદો થશે, જે હાલમાં ૨૮ ટકા કર ભોગવી રહ્યા છે. વીમા કંપનીઓને પણ ફાયદો થવાની અપેક્ષા છે. એસએન્ડપી ગ્લોબલ રેટિંગ્સે ૨૦૦૭ પછી પહેલી વાર ભારતના લાંબા ગાળાના સોવરિન ક્રેડિટ રેટિંગને ટ્રીપલ બી માઇનસથી અપગ્રેડ કરીને ટ્રીપલ બી જાહેર કર્યું, જેમાં મજબૂત આર્થિક વૃદ્ધિ, સુધારેલી નીતિ વિશ્વસનીયતા અને નાણાકીય એકત્રીકરણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. વૈશ્વિક બજારોમાં જાપાનના નિક્કી, શાંઘાઈ કમ્પોઝિટ અને હોંગકોંગના હેંગસેંગ સાથે એશિયન બજારો વધુ મજબૂત બન્યા હતા.

એ જ સાથે, બ્રેન્ટ ક્રૂડ ૦.૦૫ ટકા ઘટીને પ્રતિ બેરલ ૬૫.૮૨ ડોલર થયું. ક્રૂડ ઓઇલના ભાવમાં નરમાઈ ભારતના આયાત બિલ અને ફુગાવા અંગેની ચિંતાઓને ઓછી કરે છે. ઉપરાંત પ્રારંભિક સત્રમાં રૂપિયો યુએસ ડોલર સામે ૨૦ પૈસા મજબૂત થઈને ૮૭.૩૯ બોલાયો હોવાથી સ્થાનિક શેરબજારમાં મજબૂતી જોવા મળી. આ તરફ યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સંકેત આપ્યો કે વોશિંગ્ટન રશિયન ક્રૂડ ખરીદવાનું ચાલુ રાખતા દેશો પર સેકન્ડરી ટેરિફ લાદશે નહીં, જેનાથી ભારતને સંભવિત ફટકો પડવાની ચિંતા ઓછી થઈ હોવાથી પણ સેન્ટિમેન્ટને ટેકો મળ્યો હતો. દરમિયાન પ્રાઇમરી માર્કેટમાં ગુરુવારે જેએસડબલ્યુ સિમેન્ટનો શેર તેના રૂ. ૧૪૭ના ઇશ્યૂ ભાવ સામે ચાર ટકાના વધારા સાથે રૂ. ૧૫૩ની સપાટીએ ખૂલ્યો હતો. ઓલટાઇમ પ્લાસ્ટિકના શેર તેના રૂ. ૨૭૫ના ઇશ્યૂ ભાવ સામે ૧૪ ટકાના પ્રીમિયમ સાથે રૂ. ૩૧૪.૩૦ના ભાવે લિસ્ટેડ થયા હતા. વિક્રમ સોલાર રૂ. ૨,૦૭૯.૩૭ કરોડના અને જેમ એરોમેટિક્સ રૂ. ૪૫૧.૨૫ કરોડના ઇશ્યૂ સાથે ૧૯ ઓગસ્ટે મૂડીબજારમાં પ્રવેશ કરશે. ફ્રેકટલ એનાલિટિક્સ રૂ. ૪૯૦૦ કરોડનો અને આરએસબી રિટેલ ઇન્ડિયા રૂ. ૧,૫૦૦ કરોડનો આઇપીઓ લાવી રહી છે.

સેશાસાઇ ટેકેએ પ્રી આઇપીઓ રાઉન્ડમાં રૂ. ૧૨૦ કરોડ એકત્ર કર્યા છે. ઓએનજીસીએ પ્રથમ ક્વાર્ટરમાં ૧૦ ટકાના ઘટાડા સાથે રૂ. ૮૦૨૪ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. નાયકાની પેરેન્ટ કંપની એફએસએન ઇ કોમર્સે નફામાં ૭૯ ટકાનો વધારો નોંધાવ્યો છે. સ્પાઇસ જેટે પાંચ બોઇંગ માટે ડેમ્પ લીઝ કરાર કર્યા છે. સિંગાપોર ટેક્સ ઓથોરિટીએ ઇન્ફોસિસને જીએસટી પેમેન્ટ સંદર્ભે રૂ. ૬૬ લાખની પેનલ્ટી કરી છે. ઇન્ફોસિસે ટેલ્ટ્રાની સબ્સિડરી વર્સેનન્ટ ગ્રુપમાં ૨૩૩.૨૫ મિલિયનમાં ૭૫ ટકા સ્ટેક હાંસલ કર્યો છે. સરકારે બીએસએનએલનું નેટવર્ક વિસ્તારવા રૂ. ૪૭૦૦૦ કરોડના કેપેક્સની જાહેરાત કરી છે. કોગ્નીઝેન્ટે ૮૦ ટકા પાત્ર કર્મચારીઓને પહેલી નવેમ્બરથી વેતનવૃદ્ધિની આપવાની જાહેરાત કરી છે.

સેબીએ ડીએચએફએલના ભૂતપૂર્વ સીએમડી કપિલ વાધવન અને અન્ય એક્ઝિક્યુટિવ્સને નાણાં ભંડોળના ડાયવર્ઝન અને બનાવટી હિસાબોના કારણે પાંચ વર્ષ સુધી સિક્યોરિટીઝ માર્કેટમાં પ્રવેશવા સામે પ્ર

# ઈક્વિટી માર્કેટનાં ઉછાળા સાથે ડૉલર સામે રૂપિયામાં ૨૦ પૈસાનો સુધારો

મુંબઈ: સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ખાસ કરીને વડા પ્રધાન દ્વારા ગત સ્વાતંત્ર્ય દિને જીએસટીમાં ઘટાડાની કરવામાં આવેલી જાહેરાત સાથે સ્થાનિક  ઈક્વિટી માર્કેટમાં સુધારાતરફી વલણ જોવા મળતાં ડૉલર સામે રૂપિયો ગત ગુરુવારના ૮૭.૫૯ના બંધ સામે ૨૦ પૈસાના સુધારા સાથે ૮૭.૩૯ના મથાળે બંધ રહ્યો હતો. જોકે, અમેરિકી ટૅરિફની અનિશ્ચિતતાને કારણે રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગત ગુરુવારના ૮૭.૫૯ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૭.૪૬ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૭.૪૮ અને ઉપરમાં ૮૭.૩૩ની રેન્જમાં અથડાઈને અંતે ૨૦ પૈસાના સુધારા સાથે ૮૭.૩૯ની સપાટીએ બંધ રહ્યો હતો. ગત ૧૫મી ઑગસ્ટે સ્થાનિક બજાર સ્વાતંત્ર્ય દિન નિમિત્તે બંધ રહી હતી. દરમિયાન ગત ૧૫મી ઑગસ્ટે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમના સ્વાતંત્ર્ય દિનના વક્તવ્યમાં દિવાળી પૂર્વે જીએસટીના દરમાં સુધારા કરવાની જાહેરાત કરતાં જણાવ્યું હતું કે જીએસટીમાં સુધારાથી દેશની ગરીબ અને મધ્યમ વર્ગની જનતાને રાહત થશે.  આ પ્રસ્તાવમાં હાલ જે જીવનાવશ્યક ચીજો પર જીએસટીના દર શૂન્ય ટકા, દૈનિક વપરાશી ઉત્પાદનો પર પાંચ ટકા, સ્ટાન્ડર્ડ ઉત્પાદનો પર ૧૨ ટકા, ઈલેક્ટ્રોનિક ઉત્પાદનો અને સેવાઓ પર ૧૮ ટકા અને લક્ઝરી ઉત્પાદનો પર જે ૨૮ ટકા જીએસટી દર છે તે ઘટાડીને માત્ર પાંચ ટકા અને ૧૮ ટકા એમ બે સ્લેબ રાખવામાં આવશે અને માત્ર પાંચથી સાત તંબાકુ જેવાં ઉત્પાદનો પર ૪૦ ટકા જીએસટી રાખવામાં આવશે, એમ જણાવ્યું હતું. જો જીએસટી કાઉન્સિલ આ સુધારા મંજૂર કરશે તો હાલના ૧૨ ટકા અને ૨૮ ટકા જીએસટીના સ્લેબ દૂર થશે.  આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૬૭૬.૦૯ પૉઈન્ટનો અને ૨૪૫.૬૫ પૉઈન્ટનો સુધારો આવ્યો હોવાથી રૂપિયાના સુધારાને ટેકો મળ્યો હતો. જોકે, આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૧૪ ટકા વધીને ૯૭.૯૮ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના ભાવ ૦.૭૦ ટકા વધીને બેરલદીઠ ૬૬.૩૧ આસપાસ ક્વૉટ થઈ રહ્યા હોવાથી તેમ જ ગત ગુરુવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૯૨૬.૭૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશોને ધ્યાનમાં લેતા રૂપિયામાં સુધારો મર્યાદિત રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

# વૈશ્વિક સોનામાં ઘટ્યા મથાળેથી સુધારો છતાં સ્થાનિકમાં ₹ ૪૦૦ની અને ચાંદીમાં ₹ ૮૮૩ની નરમાઈ

મુંબઈ: લંડન ખાતે આજે સત્રના આરંભે એક તબક્કે સોનાના ભાવ ગત પહેલી ઑગસ્ટ પછીની નીચી સપાટી સુધી પહોંચ્યા બાદ અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં પછેહઠ થતાં નીચા મથાળેથી ખરીદીનો ટેકો મળતાં સુધારો આવ્યો હતો. તેમ જ ચાંદીના ભાવ પણ વધી આવ્યા હતા. જોકે, સ્થાનિક ઝવેરી બજારમાં આજે બન્ને કિંમતી ધાતુઓમાં સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ ઉપરાંત સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે  રૂપિયો ૨૦ પૈસા વધી આવતાં આયાત પડતરો ઘટવાને કારણે ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૯૮થી ૪૦૦નો અને ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૮૮૩નો ઘટાડો આવ્યો હતો. આજે સપ્તાહના આરંભે વૈશ્વિક નિરુત્સાહી અહેવાલ તેમ જ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો ૨૦ પૈસાના સુધારા સાથે ક્વૉટ થઈ રહ્યો હોવાથી ખાસ કરીને સોનાની આયાત પડતર ઘટી આવતા ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૩૯૮ ઘટીને રૂ. ૯૯,૨૨૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૪૦૦ ઘટીને રૂ. ૯૯,૬૨૩ના મથાળે રહ્યા હતા. જોકે, ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટો અને રોકાણકારોની તેમ જ જ્વેલરી ઉત્પાદકો



તથા રિટેલ સ્તરની માગ નિરસ રહી હતી. વધુમાં આજે ૯૯૯ ટચ ચાંદીમાં પણ સ્ટોકિસ્ટોની નવી લેવાલીનો અભાવ અને ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની માગ ખપપૂરતી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૮૮૩ના ઘટાડા સાથે રૂ. ૧,૧૪,૦૫૦ના મથાળે રહ્યા હતા.

દરમિયાન આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ઘટીને ગત પહેલી ઑગસ્ટ પછીની નીચી સપાટીએ પહોંચ્યા બાદ અમેરિકી ટેઝરીની યિલ્ડ તથા ડૉલર ઈન્ડેક્સમાં નરમાઈ રહેતાં ઔંસદીઠ ૩૩૩૦ ડૉલર આસપાસના નીચા મથાળેથી ખરીદી નીકળતા ભાવ આગલા બંધ સામે ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૩૩૪૯.૪૭ ડૉલર આસપાસ અને વાયદામાં ભાવ ૦.૪ ટકા વધીને ૩૩૯૫.૧૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ સાધારણ ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૩૮.૧૨ ડૉલર આસપાસ રહ્યા હતા.

એકંદરે આજે સત્રના આંભે સોનામાં નરમાઈનું વલણ રહ્યા બાદ ટ્રેઝરીની યિલ્ડ ઘટી આવતા સોનાના સુધારાને ટેકો મળ્યો હોવાનું કેસીએમ ટ્રેડનાં વિશ્લેષક ટીમ વૉટરરે જણાવતાં ઉમેર્યું હતું કે રોકાણકારોની નજર આજની યુક્રેનના પ્રમુખ ઝેલેન્સકી, વોલ્દીમિર પુતિન અને યુરોપિયન નેતાઓ સાથેની યુદ્ધ વિરામ અંગેની બેઠક પર સ્થિર થઈ હોવાથી અમુક અંશે તેઓનો નવી લેવાલીમાં સાવચેતીનો અભિગમ જોવા મળ્યો હતો.

રશિયાના પ્રમુખ પુતિન અને અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની અલાસ્કા ખાતે થયેલી ચર્ચામાં શાંતિ પ્રસ્તાવ હેઠળ રશિયા કબજા હેઠળના યુક્રેનના નાના ભાગો છોડી દે અને કિવ તેની પૂર્વીય જમીનનો અક ભાગ છોડી દે જે મોસ્કો કબજે કરવામાં અસમર્થ રહ્યું છે, એવા મોસ્કો તરફથી અહેવાલો વહેતા થયા છે. જોકે, અમારા મતે આગામી સમયગાળામાં યુદ્ધ વિરામ અંગે પ્રગતિ સધાય તેવી શક્યતા પાંખી હોવાનું વોટરરે જણાવતા ઉમેર્યું હતું કે હવે રોકાણકારોની નજર ફેડરલ રિઝર્વનાં પ્રમુખ જૅરોમ પૉવૅલનાં વ્યોમિંગ ખાતેનાં જેક્શન હૉલ ખાતેના વક્તવ્ય પર સ્થિર થઈ છે. જોકે, તાજેતરમાં ફેડરલ તરફથી રેટ કટ અંગે રૉઈટર્સ દ્વારા અર્થશાસ્ત્રીઓનાં કરવામાં આવેલા સર્વેક્ષણમાં આ વર્ષે ફેડરલ રિઝર્વ સપ્ટેમ્બરમાં પહેલી વખત અને વર્ષના અંતમાં બીજી વખત વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા વ્યક્ત કરી હતી.

# મિડિયમ ગ્રેડની ખાંડમાં ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગત શનિવારે સ્મોલ ગ્રેડની ખાંડનાં ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૮૯૦થી ૩૯૪૦માં થયાના અહેવાલ છતાં આજે સતત ત્રણ દિવસની રજા બાદ સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ પ્રબળ રહેતાં હાજરમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો સુધારો આવ્યો હતો. જોકે, મથકો પાછળ આજે નાકા ડિલિવરી ધોરણે ભાવમાં ક્વિન્ટલે રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર ગત શુક્રવારે સ્વાતંત્ર્ય દિનની અને શનિવારે જન્માષ્ટમીની જાહેર રજા અને ત્યાર બાદની રવિવારની એમ સતત ત્રણ સત્ર સુધી બજાર બંધ રહ્યા બાદ આજે અંદાજે ૩૪થી ૩૫ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ જળવાઈ રહેતાં આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, આજે માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૫૨થી ૪૧૦૨માં ટકેલા ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના સુધારા સાથે રૂ. ૪૧૧૨થી ૪૧૮૨માં થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહી હોવા છતાં મથકો પરના નિરુત્સાહી અહેવાલે ભાવમાં ક્વિન્ટલે રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૭૦થી ૪૦૦૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૪૦૨૦થી ૪૦૭૦માં થયાના અહેવાલ હતા.



# મલયેશિયા પાછળ આયાતી તેલમાં ઉછાળા

## ૧થી૧૫ ઑગસ્ટમાં મલયેશિયાની પામતેલની નિકાસ ૧૬ ટકા વધી

મુંબઈ: મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે આજે ક્રૂડ પામતેલના વાયદામાં ૪૯ રિંગિટનો સુધારો આવ્યાના અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ આયાતી તેલના ભાવમાં ઉછાળા આવ્યા હતા, જેમાં ૧૦ કિલોદીઠ આરબીડી પામોલિનમાં રૂ. ૩૦, સોયા રિફાઈન્ડમાં રૂ. ૨૦ અને સનફ્લાવર તેલમાં રૂ. ૧૦નો ઉછાળો આવ્યો હતો, જ્યારે મથકો પાછળ દેશી તેલમાં સરસવના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. ૨૫ની તેજી આવી હતી અને કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો ઘટાડો આવ્યો હતો, જ્યારે સિંગતેલમાં ટકેલું વલણ રહ્યું હતું.

જોકે, ગત ૧૫મી ઑગસ્ટે સ્વાતંત્ર્ય દિનની, ૧૬મી ઑગસ્ટે જન્માષ્ટમીની અને ત્યાર બાદ રવિવારની એમ ત્રણ દિવસની રજા બાદ આજે બજાર ખૂલતાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી તેમ જ સેલરિસેલ ધોરણે માગ રહેવાને કારણે પણ સુધારાને ટેકો મળ્યો હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું.

દરમિયાન તાજેતરમાં કાર્ગો સર્વેયર ઈન્ટરટેક સર્વિસીસ દ્વારા જાહેર કરવામાં આવેલી આંકડાકીય માહિતી અનુસાર ગત પહેલી ઑગસ્ટથી ૧૫ ઑગસ્ટ દરમિયાન મલયેશિયાની પામતેલની નિકાસ આગલા જૂન મહિનાના પહેલા પખવાડિયાના ૬,૧૨,૭૭૦ ટન સામે ૧૬.૪૭ ટકા વધીને ૭,૨૪,૧૯૧ ટનની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે વિવિધ રિફાઈનરોનાં આયાતી તેલના ૧૦ કિલોદીઠ ભાવમાં નવ ભારતનાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૫૯, એડબ્લ્યુએલનાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૭૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૩૦, અલાનાના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૫, પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના રૂ. ૧૨૮૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૪૧૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૩૫ તથા રિલાયન્સ કન્ઝ્યુમરનાં ખિપોલીથી ઑક્ટોબર ડિલિવરી શરતે સોયા રિફાઈન્ડના રૂ. ૧૩૯૦ અને સનફ્લાવરના રૂ. ૧૪૧૦ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયાના અહેવાલ હતા.

આજે હાજરમાં વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૯૦, સન રિફાઈન્ડના રૂ. ૧૪૦૦, સિંગતેલના અને કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૯૦ અને સરસવના રૂ. ૧૬૪૫ના મથાળે રહ્યા હતા, જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૧૬૫માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૩૫૦માં થયાના અહેવાલ હતા.

# ટીન અને નિકલ સહિતની ચોક્કસ ધાતુઓમાં પીછેહઠ



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: વૈશ્વિક વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેતાં લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓનાં ભાવમાં નરમાઈનું વલણ રહ્યું હતું. જોકે, આજે સતત ત્રણ સત્રની રજા પશ્ચાત્ સ્થાનિકમાં માત્ર કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરમાં માગને ટેકે ભાવમાં અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ, રૂ. બે અને અને રૂ. એકનો સુધારો આવ્યો હતો. જોકે, નિરસ માગે કોપર વાયરબાર, બ્રાસ શીટ કટિંગ્સ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ, ઝિન્ક સ્લેબ, ટીન અને નિકલમાં કિલોદીઠ રૂ. ત્રણથી ૧૦નો ઘટાડો આવ્યો હતો. આ સિવાયની અન્ય ધાતુઓમાં ખપપૂરતી માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.  આજે સ્થાનિકમાં મુખ્યત્વે નિકલ અને ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલી તેમ જ સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૦ ઘટીને રૂ. ૧૩૩૫ અને રૂ. નવ ઘટીને રૂ. ૩૦૦૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ વેચવાલી અને ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ નિરસ રહેતાં બ્રાસ શીટ કટિંગ્સ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ચાર ઘટીને અનુક્રમે રૂ. ૬૦૬ અને રૂ. ૨૫૭ અને કોપર વાયરબાર તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ ઘટીને અનુક્રમે રૂ. ૯૧૭ અને રૂ. ૨૬૮ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે કોપર કેબલ સ્ક્રેપ, કોપર સ્ક્રેપ હેવી અને કોપર આર્મિચરમાં ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૮૫૨, રૂ. બે વધીને રૂ. ૮૪૧ અને રૂ. એક વધીને રૂ. ૮૨૮ના મથાળે રહ્યા હતા. આ સિવાય કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપ અને લીડ ઈન્ગોટ્સમાં ખપપૂરતી માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૭૬૫, રૂ. ૫૬૩, રૂ. ૨૧૭ અને રૂ. ૧૮૪ના મથાળે ટકેલા રહ્યા હતા.





પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવને શ્રાવણ કૃષ્ણ દશમી અને અંતિમ સોમવારના દિવસે વિશિષ્ટ બોરસલી શૃંગાર કરાયો હતો છેલ્લા સોમવારે મોટી સંખ્યા ભાવિક ભક્તો સોમનાથ દાદાના દર્શન માટે ઉમટ્યા હતા.. (તસ્વીરઃ હરેશ સોની, જૂનાગઢ)

# શ્રાવણના અંતિમ સોમવારે શિવાલયો હર હર મહાદેવના નાદથી ગૂંજી ઊઠ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શ્રાવણ મહિનાના છેલ્લા સોમવારે સૌરાષ્ટ્રભરના શિવાલયોમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું હતું. દ્વાદશ જ્યોતિર્લિંગ પૈકીના પ્રથમ સોમનાથ ખાતે મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટ્યા હતા. નાગેશ્વર ખાતે પણ શિવભક્તોએ દર્શન કરવા લાઇન લગાવી હતી. સૌરાષ્ટ્રના તમામ નાના-મોટા શિવાલયો હર હર મહાદેવના નાદથી ગૂંજી ઊઠ્યા હતા. રાજકોટના એરપોર્ટ રોડ પર આવેલા મહાકાલેશ્વર મહાદેવ મંદિરે મહાદેવને અન્નકૂટ શૃંગાર કરવામાં આવ્યો હતો. આ પહેલાં, ગયા સોમવારે ભારતીય સેનાના જવાનોના પરાક્રમને સમર્પિત 'શૌર્ય થીમ' પર શૃંગાર તૈયાર કરવામાં આવ્યો હતો, જે દર્શનાર્થીઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. સૌરાષ્ટ્રના તમામ શિવ મંદિરોમાં ભક્તોનું ઘોડાપૂર ઉમટી પડ્યું હતું. સવારથી જ મંદિરોની બહાર લાંબી કતારો જોવા મળી હતી. સમગ્ર શ્રાવણ મહિના દરમિયાન શિવ ભક્તોએ પૂરા ભક્તિભાવથી ભગવાન શિવની પૂજા કરે છે પરંતુ છેલ્લા સોમવારે, ભક્તો શિવલિંગ પર દૂધ, બિલિપત્ર, ફૂલ અને ગંગાજળનો અભિષેક કરી વિશેષ પૂજા કરી હતી.રાજ્યના મોટા અને પ્રખ્યાત શિવ મંદિરો જેવા કે સોમનાથ, દ્વારકા અને જામનગરના શિવાલયોને સુંદર રીતે શણગારવામાં આવ્યા હતા. શિવલિંગને વિવિધ શણગાર કરીને મહાદેવને પ્રસન્ન કરવામાં આવ્યા હતા. હર હર મહાદેવના જયઘોષથી સમગ્ર વાતાવરણ શિવમય બની ગયું હતું. શિવ મંદિરોમાં અંતિમ સોમવારે વિશેષ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. ■

# અબડાસાના કોઠારામાં ૮૦૦થી વધારે બગલાના ભેદી કારણોસર મોતથી અરેરાટી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ કચ્છના અબડાસા તાલુકાના કોઠારા ગામ મધ્યે ભેદી સંજોગોમાં અંદાજે ૮૦૦થી વધારે રૂપકડા બગલાના ટપોટપ મોત થતાં પંથકમાં અરેરાટી સાથે ચિંતાની લાગણી ફેલાઇ હતી. કોઠારા મધ્યેની પ્રખ્યાત શા-બુખારી પીરની દરગાહની અંદર આવેલા ઘેઘૂર વૃક્ષ પર વર્ષોથી બગલાઓની વસાહત છે જ્યાં છેલ્લા દસ-બાર દિવસથી આ બગલા કોઈ અજ્ઞાત કારણોસર ટપોટપ મોતને ભેટી રહ્યા છે જેમાં મોટાભાગના તાજા જન્મેલા બગલાના બચ્ચાં હોવાનું જાણવા મળ્યું હતું.

આ અંગે કોઠારાના હાજી ઓસમાણ મંધરાના જણાવ્યા પ્રમાણે, વૃક્ષ પરથી જાણે પાંદડા જમીન પર ખરી પડે એ રીતે બગલાના મૃતદેહો સતત નીચે પડી રહ્યા છે. ગામના લોકો તેમને બચાવવાની કોશિશ કરે એ પહેલાં તેઓ દમ તોડી નાખે છે. સંભવત કેમિકલ યકત પાણીમાંથી પકડેલી માછલીઓને આરોગવાથી આ રૂપકડાં પક્ષીઓ મોતને ભેટી રહ્યા હોય તેવું બની શકે તેમ હાજીભાઈએ ઉમેર્યું હતું.

બગલાના મૃતદેહોના ઢગલાંથી આવી રહેલી ભયંકર દુર્ગંધથી આસપાસના વિસ્તારના નાગરિકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે તેમ કોઠારાના સરપંચ ત્રિકમ પરગડુંએ જણાવીને ઉમેર્યું હતું કે, વન વિભાગને જાણ કરવામાં આવી છે અને અત્રેની પંચાયત દ્વારા મૃત બગલાના નિકાલ સાથે દવા છંટકાવનું કામ પણ હાથ ધરવામાં આવી રહ્યું છે. વન વિભાગે પણ મૃત બગલાંના મૃતદેહોના સેમ્પલ લીધા છે, જેથી તેમના ભેદી મૃત્યુ પાછળનું કારણ જાણી શકાશે. અહીં એકાદ વર્ષે પૂર્વે બગલાના મોત થયાં હતાં ત્યારે પણ વન વિભાગને જાણ કરવામાં આવી હતી તેમ ઉપસરપંચ મામદછા સૈયદે જણાવ્યું હતું. ■

# કચ્છમાં બચેલી છેલ્લી ત્રણ માદા ઘોરાડને રેડિયો કોલર ટેગ કરવા સરકાર દ્વારા મંજૂરી અપાઇ

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ લુપ્ત થવાની કગારે પહોંચેલા 'ધ ગ્રેટ ઇન્ડિયન બસ્ટાર્ડ' એટલે કે, ઘોરાડ પક્ષીને બચાવવા ચાલી રહેલા પ્રયાસ અંતર્ગત કચ્છમાં જીવિત બચેલી માત્ર ત્રણ માદા ઘોરાડ પક્ષીને રેડિયો કોલર ટેગ કરવા ભારત સરકારે વાઇલ્ડલાઇફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયા, દેહરાદૂનને મંજૂરી આપી દીધી છે. અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયા આસપાસના ઘાસિયા મેદાનમાં હાલે આ માદા ઘોરાડ પક્ષી મુક્તપણે વિચરી રહ્યા છે. ભવિષ્યમાં રાજસ્થાનથી ફલિત ઈંડા લાવી ગુજરાતમાં જમ્પ સ્ટાર્ટ અથવા એગ સ્વેપિંગ ટેક્નોલોજીનો પહેલો ઉપયોગ થાય એ અગાઉ આ ટેગ લગાડવાનો નિર્ણય લેવાયો હોવાનું જાણવા મળ્યું હતું.

આ અંગે ગુજરાતના મુખ્ય વન સંરક્ષક અને ચીફ વાઇલ્ડ લાઇફ વોર્ડન જયપાલ સિંઘએ જણાવ્યું હતું કે, રાજસ્થાનમાંથી જયારે ફળદ્રુપ ઈંડા ગુજરાત લાવવામાં આવશે, ત્યારે આ ટેગિંગ દ્વારા લોકેશન ટ્રેકિંગ સરળ પડશે. બીજી તરફ કચ્છ જિલ્લાના મુખ્ય વન સંરક્ષક ડો. સંદીપકુમારના જણાવ્યા અનુસાર, માદા ઘોરાડને ટેગ કરવાથી જમ્પ સ્ટાર્ટ ટેક્નિક અમલમાં મુકાશે ત્યારે માદા ઘોરાડ ક્યાં છે? ક્યાં સ્થળે ઈંડુ મૂક્યાની શક્યતા છે તે તમામ પરિબળો અને લોકેશન વૈજ્ઞાનિક ઢબે મળી શકશે.

કચ્છમાં બચેલી છેલ્લી માદા ઘોરાડ દર-વર્ષે ઈંડા મૂકે છે અને તેને માતૃત્વના ભાવ સાથે સેવે પણ છે, જો કે તે બિનફળદ્રુપ હોય છે. ૭ વર્ષથી કચ્છમાં નર ઘોરાડ નથી. ઘોરાડ માદા વર્ષમાં એક અથવા બે ઈંડા આપતી હોય છે. જમ્પ સ્ટાર્ટ પદ્ધતિમાં વનવિભાગની યોજના મુજબ, જ્યારે કચ્છમાં માદા ઘોરાડ બિનફળદ્રુપ ઈંડુ સેવે ત્યારે જ રાજસ્થાન જેસલમેરથી ઘોરાડ માદાનું ફળદ્રુપ ઈંડુ કચ્છ વિમાન મારફતે લાવવામાં આવે, પછી તેને બદલી દેવામાં આવે જેથી નલિયાના ઘાસીયા મેદાનમાં માદા ઘોરાડ ફળદ્રુપ ઈંડુ સેવશે અને પેઢી આગળ વધી શકશે.

છેલ્લે ડિસેમ્બર ૨૦૨૦માં નલિયાથી ઉડીને લિફરી વિસ્તારમાં વનરક્ષકને જોવા મળેલો નર ઘોરાડ ગુમ થઇ ગયો ત્યારે છ માદા ઘોરાડ જીવિત હતી. જો આ નર ઘોરાડ અહીં હોત, તો કદાચ પરિસ્થિતિ આટલી ગંભીર ન હોત. વાઇલ્ડલાઇફ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઇન્ડિયાએ સૂચવેલી 'જમ્પ સ્ટાર્ટ' પદ્ધતિ મુજબનો પ્રયોગ અગાઉ રાજસ્થાનના બ્રીડીંગ સેન્ટરમાં સફળતાપૂર્વક સાકાર થયેલો છે.

તેમણે ઉમેર્યું હતું કે, લુપ્ત થઇ રહેલાં ઘોરાડ પક્ષીના સંવર્ધન માટે સુપ્રીમ કોર્ટ રચિત નિષ્ણાત સમિતિએ રાજસ્થાન અને ગુજરાતના કચ્છ જિલ્લામાં ઊર્જા લાઇનો માટે સમર્પિત બે પાવર કોરિડોરનો પ્રસ્તાવ મૂક્યો છે. કચ્છમાં ૫૦૦ ચોરસ કિલોમીટર પ્રાથમિકતા ધરાવતો વિસ્તાર ૨,૧૦૦ ચો.કિ.મી સંભવિત વિસ્તાર હતો અને ૬૭૭ ચો.કિ.મી વધારાનો મહત્વપૂર્ણ વિસ્તાર હતો. ■

# દ્વારકાના દરિયા કિનારે અજાણ્યું કન્ટેનર તણાઈ આવ્યું, કેમિકલ હોવાની શંકા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દ્વારકા નજીકના વરવાળા ગામ પાસે આવેલા દરિયા કિનારે એક અજાણ્યું કન્ટેનર તણાઈ આવ્યું હતું. આ ઘટનાથી સ્થાનિક લોકોમાં ભારે કુતુહલ જાગ્યું હતું. કન્ટેનરને જોવા માટે લોકો ભેગા થયા હતા. ઘટનાની જાણ થતાં જ દ્વારકા પોલીસ તરત જ ત્યાં પહોંચી ગઈ હતી. પ્રાથમિક તપાસમાં પોલીસને લાગ્યું છે કે કન્ટેનરની અંદર કેમિકલ હોઈ શકે છે.

પોલીસે આ કન્ટેનર ક્યાંથી આવ્યું અને તેમાં શું છે તેની તપાસ શરૂ કરી હતી. વધુ માહિતી માટે ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીની ટીમને પણ બોલાવવામાં આવી હતી. એફએસએલનો રિપોર્ટ આવ્યા બાદ જ કન્ટેનરની અંદરની સામગ્રી વિશે સાચી અને ચોક્કસ માહિતી મળી શકશે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતના દરિયાકિનારે અવારનવાર અજાણ્યા કન્ટેનર તણાઈ આવવાની ઘટનાઓ સતત સામે આવી રહી છે. તાજેતરમાં, કચ્છના અબડાસા તાલુકાના દરિયાકિનારે આવા ચાર કન્ટેનર તણાઈ આવ્યા હતા. પોલીસ અને કોસ્ટ ગાર્ડ દ્વારા આ મામલે તપાસ હાથ ધરવામાં આવી હતી. પોલીસના જણાવ્યા અનુસાર, ૬ થી ૧૦ ઓગસ્ટ દરમિયાન કચ્છના અબડાસાના દરિયાકિનારે આ ચાર કન્ટેનર તણાઈને આવ્યા હતા. આ કન્ટેનરને બહાર કાઢીને તેની અંદરની સામગ્રીની તપાસ કરવામાં આવી હતી. એક કન્ટેનરમાંથી લીક થયેલા પ્રવાહીનો સેમ્પલ ફોરેન્સિક સાયન્સ લેબોરેટરી માં મોકલવામાં આવ્યો છે. એફએલનો રિપોર્ટ આવ્યા બાદ જ તેમાં શું છે તે વિશે ચોક્કસ માહિતી મળી શકશે.

આ પહેલીવાર નથી કે ગુજરાતના દરિયાકિનારે આવા અજાણ્યા કન્ટેનર તણાઈ આવ્યા હોય. જુલાઈ મહિનામાં પણ કચ્છ અને ગીર-સોમનાથ જિલ્લાના દરિયાકિનારે આવા કન્ટેનર મળી આવ્યા હતા. તે કન્ટેનરોમાં એર પ્રેશર ટેન્ક હતી, જે હોંગકોંગથી દુબઈ જઈ રહી હતી. ■



શ્રાવણ માસના છેલ્લાં સોમવાર નિમિત્તે રામનાથ મહાદેવ મંદિરેથી ૧૦૨મી શોભાયાત્રા રાજકોટના માર્ગો પર નીકળી હતી. જેમાં મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. (તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)

# ભાવનગરના ધોળાના આધેડ સાથે ₹ ૪.૮૫ લાખની છેતરપિંડી

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ જિલ્લાના ઉમરાળામાં ધોળા જંકશન ખાતે એક આધેડ સાથે નારિયેળ લેવા માટે પૈસા આપ્યા બાદ જુદા જુદા બહાના બતાવી પૈસા પરત ન કરી રૂ. ૪.૮૫ લાખની છેતરપિંડી થતા પોલીસ ફરિયાદ નોંધાઈ હતી.

પ્રાપ્ત થતી માહિતી મુજબ ભાવનગર જિલ્લાના ઉમરાળા તાલુકાના ધોળા (જંક્શન) ખાતે રહેતા શંકરલાલ ઇશ્વરલાલ વધવાએ એકાદ વર્ષ અગાઉ દડવા (રાંદલ) ગામે રહેતા વિષ્ણુપરી દેવપરી ગૌસ્વામીને કટકે કટકે નારીયેળ માટે ઉછીના રૂ. ૪,૮૫,૦૦૦ આપેલ હતા.

જે બાદ અવાર નવાર રૂપિયાની ઉઘરાણી કરતા શંકરલાલને એક ચેક આપેલ જે ચેકમાં સહીની ભૂલ થતાં વિષ્ણુપરીએ તેમના રૂપિયા આપવાનું વચન આપ્યું હતું પરંતુ અવાર નવાર માંગણી કરતા, રૂપિયા ન આપી છેતરપિંડી આચરતા શંકરલાલ વધવાએ ઉમરાળા પોલીસ મથકમાં વિષ્ણુપરી દેવપરી ગૌસ્વામી વિરૂદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. ■

# ભાવનગર એસ. ટી. વિભાગનું એક એપ્રિલથી ૩૧ જુલાઈ ૨૦૨૫ સુધીમાં ૧૬ વિભાગોની સરખામણીએ આવકમાં પ્રથમ સ્થાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ ગુજરાત રાજય માર્ગ વાહન વ્યવહાર નિગમની મધ્યસ્થ કચેરી દ્વારા નિગમના ૧૬ વિભાગો તેમજ ૧૨૫ ડેપોના તા.૧/૦૪/૨૪ થી ૩૧/૭/૨૪ સુધીના સમય ગાળાની તુલના એ તા. ૧/૦૪/૨૫ થી ૩૧/૭/૨૫ સુધીના સંચાલનના પરિણામોની તુલનાત્મક સમીક્ષા હાથ ધરવામાં આવેલ હતી.જેમા ભાવનગર વિભાગ અને વિભાગના ડેપોના ઉત્કૃષ્ટ પરિણામો રહ્યાં છે. મધ્યસ્થ કચેરીના વિશ્લેષણ મુજબ નિગમના ૧૬ વિભાગો પૈકી નિગમના ગત વર્ષ ના ઉપરોક્ત સમયગાળાની સરખામણી એ ચાલુ વર્ષ મા આવકમા સૌથી વધુ સુધારો પ્રાપ્ત કરેલ કુલ ૦૫ (પાંચ) વિભાગોની પસંદગી કરાયેલ જે પૈકી ભાવનગર વિભાગે (૧૧.૨૩ ટકા મુજબ) રૂ.૫,૧૯,૩૫,૮૮૬/- (પાંચ કરોડ ઓગણીસ લાખ પાત્રિસ હજાર આઠસો છયાસી) વધુ આવક પ્રાપ્ત કરી સમગ્ર નિગમમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરેલ છે. મધ્યસ્થ કચેરીના દ્વારા નિગમના કુલ ૧૨૫ ડેપોની આવક અંગેની સમીક્ષા હાથ ધરતા વિશ્લેષણ મુજબ નિગમમા ગત વર્ષના ઉપરોક્ત સમયગાળાની સરખામણી એ ચાલુ વર્ષ મા આવકમા નો સુધારો પ્રાપ્ત કરેલ કુલ ૧૦ (દસ) ડેપો ની પસંદગી કરાયેલ જેમા ભાવનગર વિભાગના ૦૫ (પાંચ) ડેપો જેવા કે બરવાળા, ભાવનગર, ગઢડા, મહુવા અને તળાજા ડેપો નો સમાવેશ થવા પામેલ છે.

મધ્યસ્થ કચેરીના વિશ્લેષણ મુજબ નિગમ ના ૧૬ વિભાગો પૈકી નિગમ ના ગત વર્ષના ઉપરોક્ત સમયગાળાની સરખામણી એ ચાલુ વર્ષ મા પ્રતિ કી.મી. દીઠ આવકમા સૌથી વધુ સુધારો પ્રાપ્ત કરેલ એવા કુલ ૦૫ (પાંચ) વિભાગો ની પસંદગી કરાયેલ જેમા ભાવનગર વિભાગે પ્રતિ કી.મી. દીઠ આવકમા પણ નોંધપાત્ર સુધારો મેળવી સમગ્ર નિગમ મા પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ■

# તરણેતરના મેળામાં તા. ૨૬ થી ૨૮ ઓગસ્ટ દરમિયાન '૨૦મો ગ્રામિણ ઓલિમ્પિક' યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ યુવાનોને રમતગમત પ્રત્યે વધુ પ્રોત્સાહિત કરવા દર વર્ષની જેમ આ વર્ષે પણ રાજ્ય સરકાર દ્વારા તરણેતરના મેળામાં ગ્રામિણ ઓલમ્પિકનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી તા.૨૬ થી ૨૮ ઓગસ્ટ દરમિયાન યોજાનાર ૨૦માં ગ્રામિણ ઓલમ્પિકમાં વિવિધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધામાં ૧૦૦ મી.દોડ, ૪૦૦ મી.દોડ, ૮૦૦ મી.દોડ, ગોળાફેંક, લાંબી કુદ, ૪ ૪ ૧૦૦ મી.રીલે દોડ, નારીયેળ ફેંક, સ્ટ્રોન્ગેસ્ટમેન, સાતોડી (નારગોલ), ખાંડના લાડવા ખાવાની હરીફાઇ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું છે.

તા.૨૬ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ૧૬ વર્ષ સુધીના ભાઈઓ બહેનો માટે ૧૦૦ મી.દોડ, ૨૦૦ મી.દોડ, ૮૦૦ મી.દોડ, લાંબીકુદ અને ૧૨ વર્ષના બાળકો માટે લંગડી રમતની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત તા.૨૮ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ રોપ સ્કીંપીંગ-દોરડાકુદ રમતનું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્પર્ધાઓમાં ભાગ લેવા ૧૨ અને ૧૬ વર્ષથી નાની વયના શાળામાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓએ પોતાની શાળાના આચાર્યના સહી-સિક્કા કરાવીને એન્ટ્રી ફોર્મ જિલ્લા રમત વિકાસ અધિકારીને મોકલવાનું રહેશે. આ ઉપરાંત ઓપન વિભાગ રમતોમાં ભાગ લેવા ભાઈઓ-બહેનો માટે તા.૨૬ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ૧૦૦ મી.દોડ, ૪૦૦ મી.દોડ, ૮૦૦ મી.દોડ, ગોળાફેંક, લાંબી કુદ, ૪ ૪ ૧૦૦ મી.રીલે દોડનું આયોજન કરવામાં આવ્યું છે. તા.૨૭ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ભાઈઓ માટે નારીયેળ ફેંક, સ્ટ્રોન્ગેસ્ટમેન, સાતોડી (નારગોલ), ખાંડના લાડવા ખાવાની હરીફાઇ, કુસ્તી રમતમાં ૪૫ થી ૫૫ કિ.ગ્રા, ૫૫ થી ૬૮ કિ.ગ્રા અને ૬૮ કિ.ગ્રાથી ઉપરનું વજન ધરાવતા ખેલાડીઓ માટે, વોલીબોલ અને કબડ્ડીમાં ૧૦ ખેલાડીઓની ટીમ માટે રમતનું આયોજન કરવામાં આવ્યું છે. બહેનો માટે તા.૨૭ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ૧૦ ખેલાડીઓની ટીમ માટે વોલીબોલ, કબડ્ડી તેમજ ૫૦ મી.અંતરની માટલા દોડ હરીફાઇનું આયોજન અને તા. ૨૮ ઓગસ્ટ ૨૦૨૫ના રોજ ૧૦ ખેલાડીઓની ટીમ માટે રસ્સાખેંચ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. ચાલુ વર્ષે આ ગ્રામિણ ઓલિમ્પિક ૨૦૨૫-૨૬ તરણેતર લોકમેળામાં તા.૨૬ થી ૨૮ ઓગસ્ટ ૨૦૨૫ દરમિયાન યોજાશે. ■

# સાયલામાં કિન્નરોના ઘરમાં છત તોડીને ત્રાટકેલા તસ્કરો રોકડા રૂ.૪૦,૦૦૦ની ચોરીને ફરાર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લાના સાયલામાં એક ચોંકાવનારી ઘટના બની હતી. સાયલાના જૂના રેલવે સ્ટેશન પાસે રહેતા કિન્નર સમાજના લોકોના ઘરમાં ચોરી થઈ હતી. મળતી વિગત પ્રમાણે, સાતમ-આઠમના તહેવાર દરમિયાન, કિન્નર દક્ષા દે અને તેમના સાથીઓએ ભિક્ષા માંગીને જે પૈસા અને સોનાની બુટ્ટી ભેગા કર્યા હતા, તે કોઈ ચોર ચોરી ગયો હતો. કિન્નરોએ આશરે રૂ.૪૦,૦૦૦ રોકડા અને સોનાની બુટ્ટી કબાટમાં રાખ્યા હતા. જ્યારે કિન્નરો બહાર ગયા હતા, ત્યારે ચોરોએ ઘરના છતનું પતરું તોડીને અંદર પ્રવેશ કર્યો હતો.

સવારે જ્યારે તેઓ પાછા ફર્યા, ત્યારે જોયું કે ઘરમાં બધો સામાન વેરવિખેર પડ્યો હતો અને કબાટમાંથી પૈસા અને દાગીના ગાયબ હતા. આ ઘટના પછી કિન્નરોએ સાયલા પોલીસને જાણ કરી હતી. પોલીસે ઘટનાસ્થળે પહોંચીને તપાસ શરૂ કરી હતી. દક્ષા દેએ પોલીસને લેખિતમાં ચોરીની ફરિયાદ પણ નોંધાવી હતી. તેમણે પોલીસને કહ્યું કે આ પહેલાં પણ તેમના ઘરમાં ચોરી થઈ છે અને આ ચોરોને ઝડપીને તેમની વસ્તુઓ પાછી અપાવવામાં આવે. સાયલા અને તેની આસપાસના વિસ્તારમાં વારંવાર ચોરીના બનાવો બને છે, પરંતુ મોટાભાગના ચોરો પકડાતા નથી. આ કારણે સ્થાનિક લોકોમાં ચોરોનો ડર સતત વધી રહ્યો છે. ■

# શ્રી સેન મહારાજની પુણ્યતિથિ નિમિત્તે તા.૨૦ ઓગસ્ટના રોજે સર્વરોગ નિદાન કેમ્પ યોજાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગરઃ સંત શિરોમણી પ.પૂ. શ્રી સેનમહારાજની પુણ્યતિથીની ઉજવણીના ભાગ રૂપે તા. ૨૦/૮/૨૦૨૫ ને બુધવાર રોજ શ્રી સેનમહારાજ યુવા ગ્રૂપ દ્વારા વિવિધ આયોજન કરવામાં આવેલ છે. સર્વ રોગ નિદાન કેમ્પ તા-૨૦/૮/૨૦૨૫ સમય સવારે ૯ થી ૧ વાળંદ જ્ઞાતિની વાડી ભરત નગર ખાતે યોજાશે.

આ કેમ્પમાં ભાવનગરના જાણીતા ડોક્ટરો તથા ડોક્ટરોની ટીમ દ્વારા સર્વરોગનું નિદાન કરવામાં આવશે તેમજ. ડોક્ટર દ્વારા તપાસ કરીને દવાઓ તથા લેબોરેટરી રિપોર્ટ, કાડીયોગ્રામ, બીપી માપવા, બ્લડ શુગર, સોનોગ્રાફી, સીટી સ્કેન જેવી ડોક્ટરોએ લખી આપેલ રિપોર્ટ તૈયાર કરવામાં આવશે. આ કેમ્પનાં દર્દીઓને દવા તથા રીપોર્ટની સેવા શ્રી સેનમહારાજ મેડીકલ સહાયક ટ્રસ્ટ ભાવનગર દ્વારા વ્યવસ્થા કરી આપવામાં સહયોગ પ્રાપ્ત થયેલ છે.આ કેમ્પનો લાભ લેવા જ્ઞાતિજનોને અપીલ કરવામાં આવી છે.

કાળાનાળા વાડી ખાતે રામ દરબાર શ્રી સેન મહારાજ પુણ્યતિથી નિમીતે ૨૦/૮/૨૦૨૫ને બુધવારે રાત્રે ૮ થી ૧૧ શ્રી ગોળીબાર રામદરબારનો કાર્યક્રમ શ્રી ગોહિલવાડ વાળંદ જ્ઞાતિની વાડી કાળાનાળા ભાવનગર રાખેલ છે. આ ધાર્મિક કાર્યક્રમો પધારવા સર્વોને આમંત્રણ પાઠવાયું છે. ■



રાજકોટમાં યોજાયેલા સૌરાષ્ટ્રના સૌથી મોટા લોકમેળાના છેલ્લાં દિવસે હજારો લોકોએ મજા માણી હતી.. (તસ્વીરઃ પ્રવીણ સેદાણી, રાજકોટ)